
Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# આચાર્ય શ્રી કુંદકુંદદેવ

## જીવનયાત્રા

આચાર્ય શ્રી કુંદકુંદદેવ જીવનયાત્રા



શ્રી કુંદકુંદાચાર્ય તમોભૂમિ - પોન્નુર

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ૐ

શ્રી સર્વજ્ઞદેવાય નમઃ
શ્રી વીતરાગાય નમઃ
શ્રી કહાનગુરુદેવાય નમઃ

# આચાર્ય શ્રી કુંદકુંદદેવ

## જીવનયાત્રા

લેખક શ્રી એમ.બી.પાટીલ - સેડવાલ

ગુજરાતી અનુવાદ : પ્રશમ મોદી - સોનગઢ

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
યોગી નિકેતન પ્લોટ, સવાણી હોલ વાળી શેરી,
રાજકોટ - ૩૬૦ ૦૦૭.
મો. ૯૩૭૪૧ ૦૦૫૦૮

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૭ | ૨૫૪૩ | ૨૦૭૩ | ૨૦૧૭ |

: પ્રકાશન :

આચાર્ય શ્રી કુંદકુંદદેવ તથા આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવના
ભવનોના ઉદ્‌ઘાટન પ્રસંગ નિમિત્તે
તા.૩-૬-૨૦૧૭, શનિવાર

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦
મૂલ્ય – સ્વાધ્યાય

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
યોગી નિકેતન પ્લોટ, સવાણી હોલ વાળી શેરી,
રાજકોટ – ૩૬૦ ૦૦૭.
મો. ૯૩૭૪૧ ૦૦૫૦૮

: લેસર ટાઈપ સેટીંગ :
સ્મૃતિ ઓફસેટ
સોનગઢ, જિ. ભાવનગર

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
ફોન : ૨૪૬૮૪૬૧, મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય...

*મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી,*
*મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં.*

વર્તમાન વર્તતા ભગવાન મહાવીર પરમાત્માના શાસનમાં ગૌતમ ગણધર પછી મંગલાચરણમાં ત્રીજું નામ આચાર્ય શ્રી કુંદકુંદદેવનું લેવામાં આવે છે. એવું કયું કાર્ય તેમના દ્વારા થયું છે કે જેથી તેમનું નામ આજે વિશ્વભરમાં દિગંબર આમ્નાયમાં પ્રચલિત થઈ રહ્યું છે ? આચાર્ય શ્રી કુંદકુંદદેવને કળીકાળ સર્વજ્ઞ એવા વિશેષણથી વિભૂષિત કરવામાં આવે છે. કારણ કે ભરતક્ષેત્રમાં પંચમકાળમાં સર્વજ્ઞ ભગવાનનો વિરહ તેમણે ભૂલાવ્યો છે. પોતે સદેહે મહાવિદેક્ષેત્રે જઈ શ્રી સીમંધર પરમાત્માની વાણી ભરતક્ષેત્રમાં લાવીને પંચ પરમાગમની રચના દ્વારા પંચમકાળને ચતુર્થકાળ સમાન બનાવનાર એવા આ મહા સમર્થ આચાર્ય કુંદકુંદદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા.

આચાર્ય શ્રી કુંદકુંદદેવનું શ્રી સમયસારજી પરમાગમ આધ્યાત્મિક સત્પુરુષ પૂ.ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના હાથમાં આવતા જ તેમનું હૃદય એમ પોકારી ઉઠ્યું કે ''આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય અને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે. તેઓ ફરમાવતા કે, સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે. પૂ.ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા આચાર્ય શ્રી કુંદકુંદદેવના પરમાગમો તથા દિગંબર શાસ્ત્રોનું સ્પષ્ટીકરણ ૪૫ વર્ષ સુધી અવિરત પ્રવાહરૂપે ચાલ્યું. તેઓ વારંવાર કહેતા કે શ્રી કુંદકુંદાચાર્યે ભરતક્ષેત્રમાં તીર્થંકર જેવું કાર્ય કર્યું છે અને તેમના શાસ્ત્રોની ટીકા કરનાર શ્રી અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કાર્ય કર્યું છે. પૂ.ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ પોન્નુર તથા કુંદાદ્રિ બન્ને ક્ષેત્રે સંઘ સહિત જાત્રા કરેલી છે.

આચાર્ય શ્રી કુંદકુંદદેવની જીવનયાત્રા બુક જે પ્રકાશિત કરવામાં આવી રહી છે તેમાં લેખક શ્રી એમ.બી.પાટીલે આચાર્યદેવના પૂર્વ ભવનું સંપૂર્ણ વર્ણન કૌંડેશ ગોવાળથી લઈને મુનિરાજની વાણીનું શ્રવણ-શાસ્ત્રદાન વિગેરે તથા તેઓના વર્તમાન ભવનું વર્ણન નગરશેઠને ત્યાં જન્મથી લઈને ૧૧ મે વર્ષે

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુનિદીક્ષાનો પ્રસંગ તથા ૪૪ મે વર્ષે આચાર્યપદ આરોહણ તેમજ સદેહે વિદેહગમન યાત્રાથી લઈને શાસ્ત્ર રચના સુધીના તેમજ કુંદાદ્રિમાં ઉગ્ર સાધના કરતા-કરતા સમાધિ સુધીનું સંપૂર્ણ વર્ણન જાણે કે વર્તમાનમાં જ ભાસી રહ્યું હોઈ તે રીતે ખૂબ જ સુંદર વર્ણન કંડારી દીધેલું છે. આ બુકના શ્રવણથી કુંદકુંદાચાર્યની ઘણી માહિતી-વિશેષતા આપણને ખ્યાલમાં ન હોઈ તેવી રજૂ કરવામાં આવી છે.

આ બુક પ્રકાશિત કરવાનો કોઈ પ્લાનીંગ કે વિચાર થયો જ નહતો પણ શ્રી દિગંબર જૈન મંદિર-રાજકોટમાં આચાર્ય શ્રી કુંદકુંદદેવ તથા આચાર્યશ્રી અમૃતચંદ્રદેવના બે ભવનો બની રહ્યા હોઈ તે ભવનોનું ઉદ્ઘાટન તા. ૩ જુન-૨૦૧૭ ના રાખવામાં આવેલ હોઈ તેમાં કુંદકુંદ આચાર્યના ભવનમાં જે ૩-ડી ચિત્રો એમ્બોઝ કરીને મુકવામાં આવેલ છે તેની સંપૂર્ણ માહિતી આ બુકમાં છપાયેલી હોઈ ભાઈશ્રી જયસુખભાઈ ખાટડીયા-દાદર મંદિરના પ્રમુખે ભાવના વ્યક્ત કરી કે ઘણાં સમય પહેલા આ બુકનું ગુજરાતી ભાષાંતર થયેલ છે, પણ બુક છપાણી નથી તો આ પ્રસંગે તમો આ બુકનું પ્રકાશન કરો તો લોકોને બધી માહિતી કુંદકુંદાચાર્ય વિશે મળી રહે તેમજ તેમની દિકરીના સ્મરણ નિમિત્તે આ બુક બહાર પાડવાની તેમની ભાવનાને લઈને આ પ્રકાશન કરવામાં આવેલ છે તે બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ બુક પ્રકાશિત કરવા માટે રૂા.૩૧,૦૦૦/- ની દાનરાશિ શ્રી જયસુખભાઈ ખાટડીયા-મુંબઈ તરફથી પ્રાપ્ત થયેલ છે.

આ બુકની કન્નડ ભાષામાં રચના શ્રી એમ.બી.પાટીલ દ્વારા કરવામાં આવેલ છે તેમ જ તેનું હિન્દીમાં રૂપાંતર બ્ર.યશપાલજી-જયપૂર દ્વારા થયેલ છે અને તેના ઉપરથી હિન્દીનું ગુજરાતી ભાષાંતર શ્રી પ્રશમભાઈ મોદી-સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. ટ્રસ્ટ સર્વેનો આભાર વ્યક્ત કરે છે.

આ બુક www.vitragvani.com તથા www.atmadharma.com પર મુકવામાં આવે છે.

ટ્રસ્ટી શ્રી,
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**
રાજકોટ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# લેખકનાં મનના ભાવો

અજ્ઞાની જીવ અનાદિકાળથી પર્યાયમૂઢ રહ્યો છે. એટલે તેને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું નથી. અજ્ઞાન જ દુઃખ અવસ્થાનું એટલે કે સંસાર અવસ્થાનું મૂળ કારણ છે. નિજ શુદ્ધાત્માનું જ્ઞાન ન હોવાથી મોહ, રાગ, દ્વેષ ઉત્પન્ન થાય છે. એટલા માટે નિજ શુદ્ધાત્માનું નિર્મળ સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવા મોહ આદિ પરિણામોનો ત્યાગ કરવો જ સુખદાયક મોક્ષમાર્ગનો શુભ આરંભ છે.

સમયસાર આદિ અધ્યાત્મ ગ્રંથોના અધ્યયનથી જીવના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન હોવું સહજ અને સરળ છે. સમ્યક્દર્શનની પ્રાપ્તિ અથવા મોક્ષમાર્ગનો પ્રારંભ શુદ્ધાત્માના જ્ઞાન શ્રદ્ધાન વિના શક્ય નથી. આ ત્રિકાળ અબાધિત સત્ય આપણે બધાએ સ્વીકાર કરવું આવશ્યક છે.

અધ્યાત્મ શબ્દ જ શુદ્ધાત્માની મુખ્યતા રાખે છે અને બીજા બધાનો નિષેધ કરે છે. નિજ શુદ્ધાત્માનો આશ્રય એટલે કે અનુભવ કરવાથી જ વર્તમાન દુઃખમય અશુદ્ધ પર્યાય પણ સુખમય બની જાય છે, તેને જ મોક્ષ કહેવામાં આવે છે. નિજ શુદ્ધત્માને છોડીને અન્ય અપ્રયોજનભૂત પદાર્થોની જ્યાં સુધી શ્રદ્ધા રહે છે ત્યાં સુધી ધર્મ માર્ગની પ્રાપ્તિ સંભવિત નથી. એટલા માટે જ વ્યવહારને અભૂતાર્થ અને નિશ્ચયને ભૂતાર્થ કહેવામાં આવે છે.

જૈનદર્શન એક દ્રવ્યમાં અન્ય દ્રવ્યનું અસ્તિત્વ સ્વીકારતું નથી. અર્થાત્ પરસ્પર બે દ્રવ્યો વચ્ચે અત્યંત અભાવ સ્વીકાર કરે છે. આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે અનંતાઅનંત જડ-ચેતન દ્રવ્યોની સ્વતંત્રતા જૈનદર્શન સ્વીકારે છે. પુદ્ગલનો પુદ્ગલ સાથે અને જીવનો પુદ્ગલની સાથે પરસ્પર બંધ થાય છે તો પણ અનંતાઅનંત દ્રવ્યોની સ્વતંત્રામાં બાધા આવતી નથી. એક દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ નથી થતો, આ જ દ્રવ્યની વાસ્તવિકતા છે અને આ જ જિનવાણીની મૌલિકતા છે. આ મર્મને જાણીને નિશ્ચયનયના વિષયને મુખ્ય

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરીને મોક્ષ માર્ગ ઉપર આરૂઢ થવું જોઈએ, આ જ જિનાગમનો ઉપદેશ છે.

પરાશ્રિત જીવન ક્રમ અનાદિથી ચાલ્યો આવે છે, પરાશ્રયથી અર્થાત્ નિશ્ચય નિરપેક્ષ વ્યવહારના કથિત વિષયના અવલંબનથી જીવનમાં વાસ્તવિક ધર્મ-મોક્ષમાર્ગ-વીતરાગતા પ્રગટ થવી શક્ય નથી. આ પ્રકારે જિન ધર્મનો મર્મ આચાર્ય કુંદકુંદદેવે પોતાના અનેક ગ્રંથોમાં સ્પષ્ટ કર્યો છે. આચાર્યની લોકકલ્યાણકારી કલ્યાણ બુદ્ધિના ફળ સ્વરૂપે પ્રાપ્ત થયેલા પંચાસ્તિકાય, અષ્ટપાહુડ, પ્રવચનસાર, સમયસાર અને નિયમસાર ગ્રંથોનું ક્રમથી અધ્યયન કરવાથી આચાર્યદેવનું વાસ્તવિક ચારિત્ર આપણાં મનના ચક્ષુની સામે સ્પષ્ટ થાય છે. આચાર્યની આત્મશુદ્ધિ ક્રમશઃ વધતી છે. વાસ્તવિક રીતે જોવામાં આવે તો આચાર્ય દ્વારા રચવામાં આવેલી પ્રત્યેક ગાથાનો પ્રત્યેક શબ્દ તેમનું મહાન ચારિત્ર આપણને સમજાય છે. આવી સ્થિતિમાં તેમના સ્વતંત્ર જીવન ચરિત્રની આવશ્યકતા જ ક્યાં છે ? તથાપિ-

અજ્ઞાની અનાદિકાળથી અજ્ઞાનના કારણે બહિર્મુખ દૃષ્ટિથી જ નિરીક્ષણ કરી રહ્યો છે. અતઃ મહાપુરુષોનું જીવન ચરિત્ર પણ બાહ્ય ઘટનાઓના આધારથી જ જાણવા માગે છે, આ પ્રવૃત્તિથી વાસ્તવિક જીવનનું સ્વરૂપ સમજણમાં આવતું નથી. અને શાશ્વત સુખનું પ્રયોજન સાધી શકાતું નથી. એટલા માટે જ મહાપુરુષોનું જીવન ચરિત્ર અંતર્મુખ દૃષ્ટિથી જ જોવું જોઈએ. અંતર્મુખ દૃષ્ટિથી જ તેમનું સત્ય સ્વરૂપ ખ્યાલમાં આવે છે અને મહાપુરુષોના વાસ્તવિક જીવનનો લાભ મળે છે. એવા જ એક વિચારથી આચાર્ય કુંદકુંદ દેવનું જીવન ચરિત્ર લખવાનો આ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ચરિત્રમાં આચાર્યનું વિશિષ્ટ બાળપણ, ઉત્તરોત્તર વૃદ્ધિગત આત્મસાધના અને તેની મહિમા, તેમનું પ્રગાઢ ગાંભીર્ય, લોક ઉપકારી સાહિત્ય રચના, વિદેહ ક્ષેત્ર ગમન આદિ વિષયોની મારી અલ્પ બુદ્ધિથી લેખન કરેલું છે. આચાર્યના માતાના નામ અને બાળપણની ઘટનાઓને ઈતિહાસની

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કસોટી ઉપર ન કસીને, કસોટી ઉપર ન કસવા વાંચકોને મારું નમ્ર નિવેદન છે.

આ કૃતિ કોને કેટલી રુચિકર થશે તે લખવું અપ્રાસંગિક છે. તથાપિ સુપક્વ બુદ્ધિ ધારકોને અધ્યાત્મ પ્રણેતાની મહિમા અને અધ્યાત્મ ગ્રંથોના અધ્યયનની પ્રેરણા તેની મુખ્યતાથી આ મારો પ્રયાસ સુંદર લાગશે એવું મારું અનુમાન છે. આ જ આશા સાથે કન્નડ ભાષીઓના કરકમળમાં આ કૃતિ અર્પણ કરું છું. મારા અલ્પ અધ્યયનના કારણે આ કૃતિમાં અનેક ખામી રહી શકવા યોગ્ય છે. વાંચકોને ખામી ખ્યાલમાં આવે તો તેમને મારું નમ્ર નિવેદન છે કે મને આ ખામીઓનું તેના ઉપાય સાથે જ્ઞાન કરાવે કે જેથી હું મારા આના પછીના સંસ્કરણમાં સુધારો કરી શકું. આપની સૂચનાઓનું હું હાર્દિક સ્વાગત કરું છું. આ કૃતિ આચાર્યના જીવનને સમજવા માટે અને તેના લોકોત્તર ગ્રંથોના અધ્યયનમાં પ્રેરણાદાયક સિદ્ધ થઈ જાય તો હું મારો પ્રયાસ સફળ સમજીશ.

તા. ૨૨-૪-૧૯૮૩

શ્રી એમ.બી. પાટીલ,
શુદ્ધાત્મસદન,
હુલબત્તે, કોલોની, શહાપુર
બેલગાંવ (કર્ણાટક) - ૫૬૦૦૦૩

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# ભક્તિ મીત્તલ હરીયા



**આગમન**
**તા.૨-૨-૧૯૮૧**

**દેહ પરિવર્તન**
**તા.૧૩-૮-૨૦૧૬**

વ્હાલી ભક્તિ દીકરી,

‘‘શ્રી કુંદકુંદ આચાર્ય’’ જીવન ઝરમર પુસ્તક પ્રકાશનમાં તને સ્મરણાંજલિ શરૂ કરતાં જ અમારૂં હૃદય ભરાઇ જાય છે. તારા આત્માએ દેહ પરિવર્તન કર્યુ ત્યારથી કોઇ દિવસ કે પ્રસંગ એવો નહીં ગયો હોય કે તારૂં સ્મરણ થયું ન હોય. તારા જીવનના દરેક પ્રસંગો સ્મૃતિપટ પર છે જ. તારી સમજણ, તારો વિનય, તારી ઉદારતા, ધર્મ પ્રત્યે શ્રદ્ધા, કોઇ સાથે મનદુઃખ નહિ, દરેક સાથે એકલો વાત્સલ્યભાવ, હંમેશા જતુ કરવાની ભાવના વગેરે સદ્‌ગુણો તારામાં સહજ હતા.

ડીસેમ્બર-૨૦૧૪ માં તને કેન્સર છે તેવું નિદાન થયું, અમે તો ભાંગી જ પડ્યા હતા, પરંતુ તું હિંમત હારી નહોતી-છેલ્લે સુધી તેં રોગ સામે વીર યોદ્ધાની જેમ લડી-ક્યારેય વેદના થતી હોવા છતાં ફરિયાદ ન કરી. તારે બે નાના બાળકો હોવા છતાં ગજબની સમતા રાખી હતી.

તારી ગંભીર બિમારી વખતે તારી મમ્મી (લગભગ ૧ વર્ષ) અને તારા પપ્પા (લગભગ ૩ મહિના) તારી સાથે રહ્યા. ત્યારે જ્યારે જ્યારે તારી તબિયતની અનુકૂળતા હોય ત્યારે પૂ.શ્રી કહાન ગુરુદેવ, પૂ.બેનશ્રી, શ્રીમદ્‌જી, દિગંબર સંતો, જ્ઞાનીઓના ઉપદેશ તને સંભળાવ્યા. જિનેન્દ્ર ભગવાનની સ્તુતિઓ, આત્મસિદ્ધિ-અપૂર્વ અવસર વગેરે અનેક તને ગમતી ભક્તિઓ સંભળાવતા જે તું પ્રસન્નતાથી સાંભળતી-તારી છેલ્લી દિપાવલી વખતે તે સોનગઢ દર્શન કરવા જવાની ભાવના વ્યક્ત કરી અને ૨ દિવસ સોનગઢ આવી ગઇ. ભુલેશ્વરના દિગંબર જિન મંદિરના ૧૦૦ વર્ષ થયા તે નિમિત્તે ફોટા જોયા તુરત જ કહ્યું કે મારે ત્યાં ભગવાનના દર્શન, પૂજન કરવા છે. અને તે પ્રમાણે ધાર્મિક ભાવના પ્રમાણે બધે દર્શન-પૂજન કર્યા.

તારા જીવનના અંતિમ ૯/૧૦ કલાક તે પ્રભુ સ્મરણ (આત્મ સ્મરણ) આત્મસિદ્ધિ, ક્ષમાપના, ભગવાનની ભક્તિ દરેક ભગવાનની ભાવપૂજા કરી ઘેર બેઠા અર્ઘ્ય ચઢાવ્યો-અંતિમ સમય સુધી જાગૃતિ રાખી જ્ઞાનીઓના પ્રસાદને પ્રેમથી હુકારથી સાંભળ્યો તે જ અમને સમાધાન કરાવે છે. તારા સદ્‌ગુણો, ધર્મ પ્રત્યે પ્રીતિ, દરેક પ્રત્યે વાત્સલ્ય-આ બધું નજરે તરવરે છે તેથી ચોક્કસ લાગે છે કે તારો આત્મા દેવલોક ભણી પ્રયાણ કરી ગયો હશે-તારો પુરુષાર્થ ઝપટ કરે તું આત્માની સંપૂર્ણ શુદ્ધિને પામે અર્થાત્ મોક્ષગતિને પામે એ જ ભાવના છે.

**લી : અમો સૌ,**

**મીત્તલ હરીયા (પતિ)**
**રીદય (પુત્ર)**
**આરના (પુત્રી)**
**ભાનુબેન (સાસુ)**
**શાંતિભાઇ (સસરા)**

**જયશ્રીબેન (માતા)**
**જયસુખભાઇ ખાટડીયા (પિતા)**
**ધવલ ખાટડીયા (ભાઇ)**
**શ્વેતા ખાટડીયા (ભાભી)**
**મુરલી જૈન (મોટી બહેન)**
**દીપક જૈન (બનેવી)**
**વીતરાગ, સિદ્ધાર્થ, ખુશ્બુના**

**જય જિનેન્દ્ર**

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

ૐ

॥ પરમાત્મને નમઃ ॥

# આચાર્ય કુંદકુંદદેવ

अरूहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठि।
ते वि हु चिट्ठदि आदे तम्हा आदा हु मे सरणं॥१॥

मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो, जैनधर्मोऽस्तु मंगलम्॥

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया।
चक्षुरून्मीलितं येन तस्मै श्री गुरुवे नमः॥

ભારતીય સંસ્કૃતિ મૂળમાં આધ્યાત્મિક સંસ્કૃતિ છે. આ જ સંસ્કૃતિનો સાર અને અંતઃપ્રાણ આત્મદર્શન જ છે. અનાદિકાળથી પ્રૌઢ, દૂરદર્શી અને વિવેકી પુરુષોનો પ્રયત્ન આ જ અંતઃપ્રાણની પ્રાપ્તિ માટે અવિરતરૂપથી ચાલ્યો આવે છે, તેઓ બાહ્ય પ્રાણોની કિંમત પર પણ આ અંતઃપ્રાણ-શુદ્ધતાને પ્રાપ્ત કરવાની અભિલાષા રાખે છે. વિશેષ પ્રયત્નથી પ્રાપ્ત આ આત્માનંદની સામે વિશ્વનો કોઈપણ ભૌતિક આનંદ તેમને આકર્ષક નથી લાગતો.

આ રીતની આધ્યાત્મિક સ્વાધીનતા અને આત્માના અખંડ ઐશ્વર્યની પૂર્ણ પ્રાપ્તિ જે મહાપુરુષને થઈ છે, તે જ વાસ્તવમાં સ્વતંત્ર પુરુષ છે, અજિત છે, અક્ષય છે, પૂર્ણ સુખી છે, પરમાત્મા છે અને સિદ્ધ ભગવાન છે. આ જ સિદ્ધ અવસ્થા આધ્યાત્મિક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવનનું અંતિમ સાધ્ય છે, સર્વોચ્ચ સ્થાન છે. અહીં જ આત્મવિકાસ પૂર્ણતાને પ્રાપ્ત થઈ જાય છે. આ જ સિદ્ધાવસ્થા–કૃતકૃત્યાવસ્થા છે કે જ્યાં કાંઈ કરવું શેષ રહેતું નથી. જે મુમુક્ષુ સિદ્ધત્વને પ્રાપ્ત કરવા માટે નિરંતર સાધના કરે છે તેઓ જ સાધુ કહેવાય છે.

સંસાર અને સંસારના દુઃખોનું મૂળ કારણ તો દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન જ છે. આ જ અજ્ઞાનનું નામ મિથ્યાત્વ છે. જ્યાં સુધી આ અજ્ઞાન (મિથ્યાત્વ)નો નાશ નથી થતો ત્યાં સુધી આ આત્માને દુઃખથી છૂટવાનો માર્ગ પ્રાપ્ત થવાની સંભાવના પણ નથી, તો પછી મોક્ષ પ્રાપ્ત થવાનો તો પ્રશ્ન જ નથી ઊઠતો!

દેહાત્મબુદ્ધિરૂપ મિથ્યાબુદ્ધિનો ત્યાગ અર્થાત્ સમ્યગ્દર્શનનું ગ્રહણ શ્રમણ સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનનો સાર છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ જ વાસ્તવિક ધાર્મિક છે, સાધક છે, સાધુ છે.

સમ્યગ્દર્શન જ સુખી જીવનની યથાર્થ દૃષ્ટિ છે. સમ્યક્ત્વીને જ આત્માભિમુખવૃત્તિ પ્રગટ થાય છે. સમ્યક્ત્વી જ સમ્યક્ પ્રકારથી પોતાના ગુણ-દોષોનું અવલોકન કરીને આત્મિક ગુણોનો વિકાસ કરે છે અને અજ્ઞાનજન્ય દોષોનું નિરાકરણ પુરુષાર્થથી કરવાનું પ્રારંભ કરે છે. આ રીતે, શુદ્ધાત્માભિમુખ પુરુષ જ જન્મ-મરણાદિક સંસારિક અવસ્થાઓનું યથાર્થ સ્વરૂપ જાણે છે. તેથી જીવનની લૌકિક ઘટનાઓથી તેને હર્ષ, વિષાદ, દુઃખ, દેહ અથવા પરદ્રવ્ય પ્રત્યે તેને આકર્ષણ બિલકુલ રહેતું નથી. સંસારનો કોઈપણ પદાર્થ તેના મનને હર્ષિત કરતો નથી.

સારાંશ એ છે કે તેની વૃત્તિ આત્મસન્મુખ હોય છે. આ સાધુજીવનનું સત્ય સ્વરૂપ છે. ભવ્ય જીવોના સૌભાગ્યથી આવા આદર્શ સાધુ મહાપુરુષ ક્યારેક ક્યારેક ઉત્પન્ન થતા રહે છે અને તેઓ સનાતન સત્ય પરંપરાને અક્ષુણ તો રાખે જ છે, ભવિષ્ય

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માટે પણ તેને સુરક્ષિત બનાવે છે.

પરંતુ આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવથી આપણા આધ્યાત્મિક જીવનનું મૂલ્ય વિનાશોન્મુખ થઈ રહ્યું છે. અહિંસા અને ત્યાગનો આદર્શ ઘટીને હિંસા અને ભોગની પ્રબળતા વધી રહી છે. આત્માને દેવ માનીને તેની સેવા માટે દેહનો ઉપયોગ કરવાને બદલે દેહને દેવ માનીને દેહની સેવા માટે આત્મા શ્રમ કરી રહ્યો છે.

શિક્ષણ, કળા, ઉદ્યોગ, સમાજ, રાજ્યવ્યવસ્થા આદિ બધા જ ક્ષેત્રોમાં ભોગપ્રધાન ભૌતિક સામગ્રીનું નગ્ન નૃત્ય થઈ રહ્યું છે. શરીરમાં સ્થિત આત્માને મહત્વ ન આપીને શરીર આદિ ભૌતિક સામગ્રીને જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. જેમની પાસે આ સામગ્રી અધિક છે તેમને શ્રેષ્ઠ માનવામાં આવે છે. મૂલ્ય આત્માનું નહીં, પરંતુ શરીર આદિ ભૌતિક સામગ્રીનું જ આંકવામાં આવી રહ્યું છે.

આ રીતે, અક્ષય આત્માની મહત્તા ક્ષય થઈ રહી છે. આત્માનું અસ્તિત્વ જ સંશય અને અજ્ઞાનના ઊંડા ખાડામાં પ્રવેશ કરી રહ્યું છે. જેને પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન નથી, તે બીજાના આત્માઓ અને તેમના મૂલ્યોને કેવી રીતે જાણી શકે? નિજ શુદ્ધાત્મસ્વરૂપને જાણ્યા વિના અન્ય અનુપયોગી—અપ્રયોજનભૂત વસ્તુને જાણી પણ લે તો તેનાથી શું લાભ? નિજ શુદ્ધાત્માને ન જાણવાવાળા જ્ઞાન અને બાહ્ય ક્રિયાકાંડ સાચા સુખ માટે સર્વથા નિરુપયોગી તો છે જ, સાથે-સાથે અનર્થકારી પણ છે.

આ વર્તમાન અવસર્પિણીના ચોથા કાળમાં ભગવાન ઋષભનાથથી લઈને ભગવાન મહાવીર સુધી ચોવીસ તીર્થંકર, અનેક કેવળી, ગણધર, ઋષિ, મુનિ આદિ થયા છે. ભગવાન મહાવીર પછી ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. તેમાં અંતિમ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રુતકેવળી ભદ્રબાહુના સમયમાં ઉત્તર ભારતમાં બાર વર્ષનો ભીષણ દુષ્કાળ પડ્યો, ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામી પોતાના શિષ્યોની સાથે દક્ષિણ ભારતમાં પહોંચ્યા.

તે સમયે દક્ષિણ ભારતમાં જૈન પરંપરાનો ઊજ્જ્વળ પ્રકાશ થયો અને ભગવાન મહાવીરની દિવ્યવાણીને લિપીબદ્ધ કરવાનો શ્રેય દક્ષિણ ભારતના આચાર્ય પરમેષ્ઠીઓને પ્રાપ્ત થયો. જેથી આ પંચમકાળના અંત સુધી ધર્મપ્રવર્તકોનું દક્ષિણ ભારતમાં હોવું અને ધર્મનું દક્ષિણ ભારતમાં જીવિત રહેવું તેને કુદરતી વરદાન જ માનવું પડશે.

ભગવાન મહાવીરના લગભગ પાંચસો વર્ષ પછી અર્થાત્ વિ.સં.ના પ્રારંભમાં ઉત્તર-દક્ષિણ ભારતના સમન્વયરૂપ અધ્યાત્મલોક-મુકુટમણિ, આચાર્ય—કુળતિલકસ્વરૂપ મહાપુરુષ આચાર્ય કુંદકુંદનો ઉદય થયો. તેમણે જાણે કે પ્રત્યક્ષ કેવળી સમાન કાર્ય કરીને ચાર મંગળમાં સહજ રીતે જ સ્થાન પ્રાપ્ત કરી લીધું. આટલું જ નહીં પણ ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર પછી પ્રથમ સ્થાન પર બિરાજમાન થઈને શોભાયમાન થયા. આવા અલૌકિક મહાપુરુષના દિવ્ય ચારિત્રનું અધ્યયન આપણે અવશ્ય કરવું જોઈએ તથા તેમની સુખદાયક સાધનાથી પરિચિત થઈને તે આપણા જીવનમાં યથાશક્તિ પ્રગટ કરવાનું મંગળમય કાર્ય કરવું જોઈએ. તેથી ચાલો, પહેલાં તેમના જીવનના સંબંધમાં અત્યાર સુધીની શોધખોળથી પ્રાપ્ત વિષયોનું ઐતિહાસિક તથા તાત્ત્વિક દષ્ટિકોણથી અવલોકન કરીએ.

એક તરફ ઘોર જંગલ અને તેમાં જ શિખર સમાન શોભાયમાન ઉત્તંગ પર્વત, તે પર્વતોને પરાજિત કરીને પોતાની ઉન્નતિને દર્શાવવાવાળા ગગનચુંબી વૃક્ષ, બીજી તરફ સમથળ પ્રદેશોમાં ઊગેલા હર્યાભર્યા ઘાસનું મેદાન તથા તે બંનેની મધ્યમાં

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મંદ-મંદ પ્રવાહમાં સ્વચ્છ જળનું ઝરણું—આ બધા મળીને નિસર્ગ સૌંદર્યના અત્યાધિક વૈભવને દર્શાવી રહ્યા હતા.

આ સ્થાન નગરના કૃત્રિમ જીવનથી થાકેલા જીવોને સ્વાભાવિક સુખ-શાંતિદાયક હતું. આ શાંત તથા નિર્જનસ્થાનમાં ક્યારેક-ક્યારેક સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત અનેક સાધુગણ આવીને તે પર્વતોની ગુફાઓમાં બેસીને આત્માની આરાધના કરતાં હતા—અનુપમ આત્માનંદ ભોગવતા હતા.

લગભગ પંદર વર્ષનો 'કૌંડેશ' નામનો એક ગોવાળિયો હતો. તે એક સીધો, સાદો, સરળ સ્વભાવી નવયુવક પોતાના સ્વામીની ગાયોને લઈને તે જ ઘાસના મેદાનમાં ચરવા માટે છોડતો હતો અને સ્વયં તે નિર્મળ અને મનમોહક ઝરણાની પાસે વિશાળ શિલાખંડ પર બેસીને પ્રકૃતિના સૌંદર્યનું રસપાન કર્યા કરતો હતો.

એક દિવસ કેટલાક સુસંસ્કૃત નાગરિકોને તે જંગલમાં આવતા જોઈને કૌંડેશને આશ્ચર્ય થયું. તે વિચારવા લાગ્યો, "હું ચાર-પાંચ વર્ષથી અહીં રોજ આવી રહ્યો છું, પરંતુ આવા અને આટલા લોકો ક્યારેય પણ આ જંગલમાં આવ્યા નથી. આજે આ લોકો શું કામ આવી રહ્યા છે?" આ રીતે, કૌતુહલથી વનપ્રદેશમાં ચાલતા જતા તે લોકોને જોતો ઊભો રહી ગયો. ખબર નહીં શું વિચારીને તે ચરતી ગાયોને છોડીને તે નવયુવક તે નાગરિકોની પાછળ ચાલવા લાગ્યો.

તે યુવાન બાળકના મનમાં ચાલતા સમયે અનેકાનેક વિચાર ઉત્પન્ન થઈ રહ્યા હતા—"કોમળ શરીરવાળા આ ધનવાન લોકો કાંટા અને પત્થરોથી ભરેલી ભૂમિ પર ઉઘાડા પગે ચાલતા થકા ગરમ લૂની પણ ચિંતા ન કરીને જઈ રહ્યા છે. તેથી અહીં કોઈ ને કોઈ મહત્ત્વપૂર્ણ પવિત્ર સ્થાન અવશ્ય હોવું જોઈએ નહીંતર આ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મોટા અને સુખી લોકો અહીં શું કામ આવત?'' આ રીતે, વિચાર કરતો કૌંડેશ આગળ વધી રહ્યો હતો.

એટલામાં જ સામે એક ઉચ્ચ શિલાખંડ ઉપર એક દિગંબર મહામુનિશ્વર દેખાયા, તેમની પાસે પહેલાંથી જ કેટલાક લોકો બેઠા હતા. આ લોકો પણ ત્યાં જ જઈને બેસી ગયા. બધા લોકો પોતાના સંપૂર્ણ શરીરને જાણે કે કાન જ બનાવીને અત્યંત એકાગ્રચિત્તથી સાધુ મહારાજનો ઉપદેશ સાંભળી રહ્યા હતા અને ઉપદેશદાતાની વીતરાગ, શાંત, ગંભીર, મુખમુદ્રાને જોઈને અત્યંત આનંદિત થઈ રહ્યા હતા, પોતાના કાન અને આંખને સફળ માની રહ્યા હતા.

પ્રાતઃકાળથી સંધ્યા સુધી ગાયોની સાથે જ એકમેક થઈને પ્રકૃતિના ખોળામાં પોતાનું જીવન વ્યતીત કરવાવાળા તે નવયુવકને તે લોકોના રીત-રિવાજની ખબર ન હતી તેથી કૌંડેશ આશ્ચર્યચકિત થઈને ત્યાં જ એક વૃક્ષની બાજુમાં ઊભો રહીને તે મહામુનિરાજના અમૂલ્ય વચનોને એકાગ્રચિત્તથી સાંભળી રહ્યો હતો.

યથાર્થ અને અનાદિનિધન વસ્તુસ્વરૂપ તથા ભગવાન આત્માના શુદ્ધાત્મનિરૂપક સ્પષ્ટ, મધુર અને મહાન ઉપકારી ઉપદેશ તે ગોવાળિયાના સ્વચ્છ મનમંદિરમાં સ્થાન પ્રાપ્ત કરી રહ્યો હતો. તે સમયે ''હું ગોવાળ છું, ગાયોનું સંરક્ષણ, સંવર્ધન, પાલન, પોષણ કરવું મારું કાર્ય છે, ઈત્યાદિ પોતાની વર્તમાન પર્યાય અવસ્થાનું તેને સર્વથા વિસ્મરણ થઈ ગયું હતું. સંતોષામૃતથી તૃપ્ત મહાયોગીનો ઉપદેશ સાંભળવા માટે જ મારું જીવન છે એવી ભાવના તેના મનમાં જન્મ લઈ રહી હતી.

ઉપદેશ સમાપ્ત થયા બાદ બધા સભ્ય સમાગત શ્રોતાઓ તો ચાલ્યા ગયા, છતાં પણ કૌંડેશ ઉપદેશિત વિષયના ચિંતનમાં જ મગ્ન હોવાથી વૃક્ષની જેમ ત્યાં જ ઊભો રહ્યો. થોડા સમય બાદ, જાણે કે ઊંઘમાંથી જ ઊઠ્યો હોય એવું તેને લાગ્યું. જુએ છે તો સૂર્ય

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે દિવસની પોતાની યાત્રા સમાપ્ત કરીને આકાશના પશ્ચિમી છેડાથી સમસ્ત વિશ્વને લાલ કિરણોથી ઘેરી રહ્યો હતો, જાણે કે દિગંબર સાધુના થવાવાળા વિયોગથી તે સ્વયં જ દુઃખી થઈ રહ્યો હોય! અજ્ઞાની લોકો આવવાવાળા ગાઢ અંધકારને ન જાણીને મનમોહક કોમળ લાલ કિરણોમાં જ મોહિત થઈ રહ્યા હતા.

કૌંડેશ ત્યાંથી ગાયોની પાસે આવ્યો અને તેને ઘરે લઈ જવા લાગ્યો. એટલામાં જ મૂશળધાર વરસાદ થવાના કારણે તે ભીનો થઈ ગયો. પ્રતિદિન ગાયોને ગૌશાળામાં બાંધીને ભોજન કરીને સૂઈ જવાવાળો તે ગોવાળ આજે કાંઈપણ ખાધા-પીધા વિના જ સૂઈ ગયો.

સૂઈ તો ગયો, પરંતુ આખી રાત તેને ઊંઘ જ ન આવી. તે મુનિ મહારાજના ઉપદેશનું જ ચિંતન-મનન કરતો રહ્યો. પોતાની બાળબુદ્ધિ અનુસાર સત્ય-અસત્યનો નિર્ણય કરવાની ચેષ્ટામાં તન્મય થઈ ગયો. જો વસ્તુસ્વરૂપ મુનિમહારાજના ઉપદેશાનુસાર છે તો મનુષ્યનો દિવસ-રાત ચાલવાવાળો પ્રયત્ન શું ઈન્દ્રજાળ છે? જો આત્મા શાશ્વત છે, તો જન્મ-મરણનો શું અર્થ છે? આ પ્રકારે ચિંતન કરતાં કરતાં સવાર થઈ ગઈ.

સવારના કામ માટે કૌંડેશ ઊઠ્યો જ નહીં. મૂંઝવણ ભરેલા ભાવનાલોકમાં વિચરતા તેને બાહ્ય જગતની કાંઈ પરવા ન હતી. તેથી તેને શોધતા શોધતા તેનો માલિક ગૌશાળામાં આવી ગયો. તેણે સૂતેલા કૌંડેશના શરીર પર હાથ રાખ્યો તો તેને ગરમ લોઢા પર હાથ રાખ્યા સમાન અનુભવ થયો. કૌંડેશને તાવ હતો કારણ કે શરીર વરસાદમાં ભીનું થયું હતું અને આખી રાત ઊંઘ પણ આવી ન હતી. માલિકને ડર લાગ્યો. તેણે શીઘ્ર જ વૈદ્યોને બોલાવીને ઉપચાર કરાવ્યો અનેક પ્રયત્ન કરવા છતાં પણ એક અઠવાડિયા સુધી તાવ ઊતર્યો જ નહીં. કૌંડેશ ખૂબ જ અશક્ત થઈ ગયો. તાવ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉતરવાના એક અઠવાડિયા પછી પણ તે ગાયોને ચરાવવા માટે જંગલમાં જઈ ન શક્યો.

આ બે અઠવાડિયાના વચ્ચેના સમયમાં ફક્ત કૌંડેશના શરીર અને વિચારોમાં જ પરિવર્તન થયું હોય એવું નથી, પરંતુ જંગલની સ્થિતિ પણ જડમૂળથી બદલાઈ ગઈ હતી. નિસર્ગ-પ્રકૃતિ માનવની ઈચ્છાનુસાર રહે—એવું બિલકુલ નથી. જડ-પુદ્ગલની સત્તા—અસ્તિત્વ પણ સ્વતંત્ર છે તેમાં પરિવર્તન પણ સ્વતંત્ર જ થતું રહે છે. તે પરિવર્તન માટે કોઈ પરિવર્તનકાર ભગવાનની અથવા વિશિષ્ટ માનવની અનાદિકાળથી આવશ્યકતા જ નથી. કારણ કે અનાદિનિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદા સહિત પરિણમિત થતી રહે છે.

કૌંડેશ બે અઠવાડિયા પછી ગાયોની સાથે તે જ જૂની જગ્યાએ જઈને જુએ છે કે હર્યાભર્યા વૃક્ષોથી ભરેલું તે વન આગની ઝપટમાં આવીને સ્મશાન સમાન ભસ્મીભૂત થઈ ગયું છે. વૃક્ષોની શાખાઓમાં ઘર્ષણ થઈ જવાથી ઉત્પન્ન થયેલી અગ્નિ સંપૂર્ણ વનની આહુતિ લઈ ચૂકી હતી. ફરિયાદ પણ કોને કરવી? કોણ સાંભળશે?

પ્રત્યેક જડ-ચેતન વસ્તુમાં તેની યોગ્યતા અનુસાર જ સતત પરિવર્તન થતું રહે છે. જ્ઞાની જીવ આ સ્વાભાવિક પરિવર્તનનો સહજ સ્વીકાર કરીને સુખી રહે છે અને અજ્ઞાની વ્યર્થમાં જ રાગ-દ્વેષ કરીને દુઃખી થાય છે. આ વિશ્વમાં કોઈપણ જીવને અન્ય કોઈ જીવ અથવા જડ પદાર્થ સુખી-દુઃખી કરી શકતા જ નથી, આ તો ત્રિકાળ અબાધિત સત્ય છે.

જંગલમાં સર્વત્ર નજર કરવાથી જ્યાં ત્યાં ફક્ત પર્વતના શિખર જ દેખાઈ રહ્યા હતા. એકપણ વૃક્ષનું નામોનિશાન રહ્યું ન

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું. આશ્ચર્યચકિત તે બાળ-ગોવાળે ચારે તરફ નજર કરીને જોયું તો બાજુમાં જ કોઈ એક વૃક્ષના થડ જેવું દેખાણું. તેમ છતાં તેને વિશ્વાસ ન થયો, તેને કોઈ શિલા જેવું લાગ્યું. આ દાવાનળમાં વૃક્ષ કેવી રીતે સુરક્ષિત રહી શકે છે? આ શંકાથી તે આગળ વધીને જુએ છે તો તે એક વિશાળ વૃક્ષની બખોલ જ હતી. તેના ઉપરના ભાગને ક્યારેય કોણે કાપ્યું હતું તે સર્વજ્ઞ જ જાણે? તે આટલો ભાગ આગની ઝપટમાં ન આવીને પૂર્ણ સુરક્ષિત બચી ગયો હતો. તે જાણીને કૌંડેશને પરમ આશ્ચર્ય થયું.

આ વિશાળ ભયંકર વનને કોણે બાળ્યું અને વૃક્ષના માત્ર આટલા ભાગને કોણે બચાવ્યું? કાળની ગતિ વિચિત્ર છે. પ્રત્યેક વસ્તુનો સ્વભાવ સ્વતંત્ર અને અદ્‌ભુત છે. તે વન પોતાની યોગ્યતાથી બળી ગયું અને આ વૃક્ષની બખોલ પોતાની યોગ્યતાથી બચી ગઈ. વસ્તુસ્વરૂપ જ એવું છે એમ વિચારીને તેનું ધ્યાન પંદર દિવસ પૂર્વે સાંભળેલા મુનિરાજના ઉપદેશ તરફ ચાલ્યું ગયું.

જંગલમાં સાધુ મહાપુરુષે દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતાની વાત કહી હતી. તે કથન સર્વથા સત્ય છે. આપણે તે સ્વતંત્રતાને ન માનીને આપણા અજ્ઞાનથી આપણું જ અહિત કરી રહ્યા છીએ.

આ રીતે વિચારતો કૌંડેશ તે વૃક્ષના બખોલની પાસે પહોંચીને જુએ છે તો તે વૃક્ષના બખોલમાં તાડપત્ર સુરક્ષિત છે. તાડપત્રોને બહાર કાઢીને જુએ છે તો ખબર પડે છે કે આ ફક્ત તાડપત્ર જ નથી, પરંતુ તાડપત્રો ઉપર શાસ્ત્રો લિપિબદ્ધ છે. ગોવાળિયાએ વિચાર્યું કે આ શાસ્ત્રની સુરક્ષા થઈ શકે તે કારણે જ આ વૃક્ષ બચી ગયું છે, અન્યથા આ કેવી રીતે સંભવ હતું?

તેને યાદ આવ્યું કે આત્માના ચિર અસ્તિત્વનું નિરૂપણ કરતાં તે દિવસે તે મુનિશ્વરે કહ્યું હતું કે "આત્મા તડકાથી સૂકાતો નથી,

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાણીથી ભીનો થતો નથી, અગ્નિથી બળતો નથી, તીક્ષ્ણ ધારવાળા ખડગથી ભેદાતો નથી'', આ શાસ્ત્રમાં પણ આવા જ આત્માનું વિવેચન હશે તેથી જ આવી ભયંકર અગ્નિમાં પણ તે સુરક્ષિત રહી ગયું છે.

પરમ શાંત મુદ્રાધારી તે મુનિમહારાજે મને મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું છે. તેથી મારે પણ તેમને આ અદાહ્ય, ન બળવાવાળા અમૂલ્ય ગ્રંથ આપીને કૃતાર્થ થવું જોઈએ કે જેથી ગુરુના મુખથી શાસ્ત્ર સાંભળવું સાર્થક થઈ જશે, મારી કૃતજ્ઞતા પણ વ્યક્ત થશે—આવો નિર્ણય કરીને કૌંડેશ વનમાં મુનિ મહારાજને શોધવા લાગ્યો.

કોઈ વિશિષ્ટ સાધન વિના જ ''અહીંયા હશે, ત્યાં હશે'' આ રીતે વિચારતો, શોધતો અનેક નાના-મોટા પર્વત શિખરો પર ચડ ઉતર કરીને અનેક ગિરિ-ગુફાઓમાં અંદર જઈને જોયું, પરંતુ ક્યાંય પણ મુનિશ્વરનો સંકેત પણ ન મળ્યો. તે જ સમયે ગોવાળિયાને ગાયો ક્યાંય જતી ન રહે એવો ડર પણ લાગ્યો, પરંતુ તત્કાળ આ વિચાર પણ આવ્યો કે—

પ્રત્યેક પદાર્થ અનાદિથી પોતાથી છે–સ્વયંભૂ છે તથા તેનું પરિણમન પણ સ્વતંત્ર છે. એક પદાર્થના પરિણમનમાં અન્ય કોઈ પદાર્થની કાંઈપણ આવશ્યકતા નથી. આ વિશ્વમાં બધું જ સ્વતંત્ર છે. અજ્ઞાની વસ્તુસ્વરૂપને ન જાણવાથી વ્યર્થમાં જ દુઃખી થાય છે. આ ચિરંતન સત્ય તત્ત્વના સ્મરણથી તેને સંતોષ થયો અને ફરી ઉત્સાહથી ગિરિગુફાઓમાં મુનિ મહારાજને શોધવા લાગ્યો.

આ રીતે, કૌંડેશ અનેક ગિરિગુફાઓમાં ચડતો-ઉતરતો જઈ રહ્યો હતો. આ દરમિયાન સૂર્યની પ્રખર ઉષ્ણતામાં એક શિલા ઉપર બિરાજમાન ધ્યાનસ્થ મુનિશ્વરના પાવન દર્શન થયા. આનંદવિભોર થઈને તે અતિ શીઘ્રતાથી મુનિરાજની પાસે પહોંચ્યો. તેણે તરત જ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણી લીધું કે આ સચ્ચિદાનંદ, જ્યોતિપૂંજ, શાંત, ગંભીર તથા વિશેષ સૌમ્યમુદ્રાધારી તે જ મુનિ મહારાજ છે કે જેમણે મને આત્મબોધ આપ્યો હતો. તેણે મુનિમહારાજને અત્યંત ભક્તિભાવથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

ત્યારે અતીન્દ્રિય આનંદમાં લવલીન અર્થાત્ શુદ્ધોપયોગથી શુભોપયોગમાં આવવાવાળા મુનિરાજે ધરતી અને આકાશની મધ્યમાં સ્થિત કોમળ કિરણ સહિત બાળ ભાસ્કર સમાન અત્યંત મનોહારી સુખદાયક પોતાના નેત્રયુગલને ખોલીને જોયું. માત્ર ભગવાન આત્માને જ જોવાની પ્રવૃત્તિવાળા તે મુનિરાજને કૌંડેશ માખીના પાંખથી પણ પાતળા પડદામાં આવૃત્ત જ્ઞાનનિધિ જ દેખાયો. મુનિરાજના આશીર્વાદરૂપી જળથી અભિષિક્ત કૌંડેશે અત્યંત વિનમ્ર અને પૂર્ણભાવથી મુનિ મહારાજને નિવેદન કર્યું—

હે પ્રભુ! આપના ઉપદેશામૃતના ફળસ્વરૂપ સ્વયમેવ પ્રાપ્ત થયેલો આ ગ્રંથ આપ સ્વીકાર કરીને મને કૃતાર્થ કરો. આમ કહીને તેણે તાડપત્ર—ગ્રંથને મુનિરાજના પવિત્ર કરકમળમાં અતિ વિનમ્રભાવથી સમર્પિત કર્યા. આ શાસ્ત્રદાનના ફળસ્વરૂપ જ્ઞાનાવરણીય કર્મપટલ હટતા ગયા અને જ્ઞાન વિકસિત થતું ગયું.

દૈવયોગથી પ્રાપ્ત તે ગ્રંથ-નિધિ, મુનિરાજને સમર્પિત કરી કૌંડેશ, જ્યાં ગાયો ચરી રહી હતી તે સ્થાન તરફ તરત જ શીઘ્રગતિથી ચાલવા લાગ્યો તથા તે સમયે સૂર્ય પણ કૌંડેશથી પણ તીવ્રતર ગતિથી પશ્ચિમ તરફ ગતિ કરી રહ્યો હતો. સૂર્યાસ્તથી પહેલાં જ ગાયોને લઈને ઘરે પહોંચવાની આશાથી કૌંડેશ ક્રમશઃ આવવાવાળા બધા જ પર્વત શિખરો ઉપર ચડ ઉતર કરીને ગાયોની પાસે પહોંચી ગયો. તે સમયે સૂર્યાસ્ત થઈને અંધકાર છવાઈ ગયો હતો. કૌંડેશને જોઈને બધી ગાયોએ ભાંભરીને તેનું સ્વાગત કર્યું. કૌંડેશનો સંકેત પામીને બધી ગાયો ઘર તરફ ચાલવા લાગી.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાત્રીનો સમય હતો, કૌંડેશ ગાયોની પાછળ-પાછળ ચાલતો ચાલતો દિવસમાં ઘટેલી ઘટનાઓનું સ્મરણ કરી રહ્યો હતો. ગામની નજીક એક વૃક્ષની બખોલમાં કંઈક અવાજ આવ્યો જેનાથી ડરીને ગાયોનું ઝુંડ ભાગવા લાગ્યું. પોતાના પગથી કોઈ એક વસ્તુને ફટકારીને એક ગાય ભાગી ગઈ. ગાયોની પાછળ આવતા કૌંડેશને કોઈ મુલાયમ વસ્તુ પર પગ રાખવાનો આભાસ થયો. તે જોરથી બૂમ પાડીને ત્યાં જ પડી ગયો. ત્યાંથી પસાર થતાં એક વ્યક્તિએ નજદીક જઈને પ્રકાશ કરીને જોયું તો ખબર પડી કે કૌંડેશને સાપે ડંખ માર્યો છે તથા તેના પગમાંથી લોહી વહી રહ્યું છે.

ગામની નજીકની ચટ્ટાન પર જ આ ઘટના ઘટી હતી તેથી થોડા જ સમયમાં આ સમાચાર સમસ્ત ગામમાં ફેલાઈ ગયા. માલિક ગભરાઈને ભાગતો ઘટનાસ્થળ ઉપર આવ્યો અને કૌંડેશને ઘરે લઈ ગયો. વૈદ્યોએ તેને બચાવવાનો ખૂબ જ પ્રયાસ કર્યો, મંત્ર-તંત્ર પણ કરવામાં આવ્યા, પરંતુ કૌંડેશ બચી ન શક્યો. અંતિમ શ્વાસ લેતા સમયે તેણે કહ્યું કે "હું મરતો નથી, હું તો અજર-અમર છું, હું આત્મા છું અને મને જન્મ-મરણ છે જ નહીં, હું અનાદિ અનંત જ્ઞાન અને સુખમય ભગવાન આત્મા છું." આ રીતે, અટકતા—અટકતા બોલીને તે સદાય માટે મૌન થઈ ગયો. કૌંડેશની નિર્ભયતા, બુદ્ધિમતા અને દઢતા જાણીને ગામના બધા જ લોકો આશ્ચર્યચકિત થયા. પ્રતિષ્ઠિત પુરુષની જેમ તેનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો.

વર્તમાનમાં આંધ્રપ્રદેશ અંતર્ગત આવવાવાળા અનંતપુર જિલ્લાના ગુટિ તાલુકામાં કોનકોંડ નામનું ગામ છે. આ ગામ ગુંટકલ રેલ્વે સ્ટેશનથી દક્ષિણદિશામાં પાંચ કિલોમીટરના અંતરે સ્થિત છે. પ્રાચીન શિલાલેખોથી આ સ્પષ્ટ જ્ઞાત થાય છે કે આ ગામ પહેલાં કર્ણાટક રાજ્યમાં હતું.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રાચીનકાળમાં કોંડકુંદ અથવા કોંડકુંદે નામનું એક ખૂબ જ મોટું શહેર હતું,[૧] જ્યાં વર્તમાનમાં આ જ નામથી નાનું ગામ છે. આ ગામની નજીક લગભગ એકસો પચાસ ફૂટ ઊંચો એક પર્વત છે જેની ઉપર એક જ લીમડાનું વૃક્ષ છે. આ વૃક્ષની પાસે સાડાત્રણ ફૂટ ઊંચી અરિહંત ભગવાનની બે ખડ્ગાસન મૂર્તિઓ છે. આ મૂર્તિઓના મસ્તક ઉપર પાષાણમાં કોતરેલા ત્રણ-ત્રણ છત્ર છે અને બંને તરફ ચામરધારી દેવ ઊભા છે. મૂર્તિની નીચે કોઈપણ ચિન્હ નથી તેથી ક્યા તીર્થંકરોની મૂર્તિઓ છે તે કહેવું અસંભવ છે. આ મૂર્તિઓની રક્ષા માટે ત્રણેય બાજુ પાંચ-પાંચ ફૂટ ઊંચી દિવાલ બનેલી છે કે જેના ઉપર છત નથી. અહીંના લોકો આ મૂર્તિઓને સિદ્ધસ્વામી કહે છે અને વૈદિક સંપ્રદાય અનુસાર પૂજા થાય છે. અહીં ગામમાં અથવા ક્ષેત્રમાં એકપણ જૈન નથી.

આ મૂર્તિઓથી લગભગ ૩૦ ફૂટ દૂર એક સમતળ વિશાળ શીલા ઉપર જંબૂદ્વીપનો ખોદાયેલો સુંદર નકશો છે અને ત્યાં જ બીજી શિલા ઉપર લગભગ છ ફૂટ લાંબુ દિગંબર મુનિનું ખડ્ગાસન રેખાચિત્ર છે, જેની નીચે પત્થરમાં ખોદાયેલું કમળપુષ્પ છે. એવું લાગે છે કે આચાર્ય કુંદકુંદદેવના સ્મરણાર્થે આ બનાવવામાં આવ્યું હશે.

અહીં રહેવાવાળા લોકોને પૂછ્યું તો ચર્ચાથી એ વાત સમજમાં આવી કે તેમને જૈનત્વનો કાંઈપણ પરિચય નથી. આ લોકો આ નાના પહાડને સિદ્ધસ્વામીનું નિવાસસ્થાન કહે છે. સિદ્ધસ્વામીના વિષયમાં પૂછતા કહે છે કે સમય પર વરસાદ ન થાય તો આ પહાડ ઉપર આવીને પૂજા-પ્રાર્થના કરવાથી વરસાદ થાય છે તથા કોઈ પરિવારમાં કોઈની ઉપર કાંઈ દુઃખ- સંકટ આવતા સિદ્ધસ્વામીની ભક્તિ કરવાથી દુઃખ-સંકટ દૂર થઈ જાય છે. આ

૧. શ્રી પી. બી. દેસાઈ દ્વારા લખેલ “જૈનીઝમ ઈન સાઉથ ઇન્ડિયા એન્ડ જૈન એફિગ્રાફ્સ” પૃષ્ઠ – ૧૫૨ થી ૧૫૭માંથી ઉદ્ધૃત

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહાડ ઉપર અથવા આજુબાજુના પ્રદેશોમાં જે પણ ચોરી, હિંસા આદિ પાપ કરે છે તેને કોઈને કોઈ સંકટ અવશ્ય આવી જાય છે.

આ રીતે, આ ક્ષેત્રના સંબંધમાં ત્યાંના લોકોની ભક્તિ-શ્રદ્ધા જાણીને અમને આશ્ચર્ય થયું. આ સ્થાન અમને દેખાડવા આવેલા ગરીબ યુવાન લોકોને દયાભાવથી થોડા રૂપિયા દેવાનો પ્રયાસ કર્યો તો તેમણે "સિદ્ધસ્વામીના દર્શનાર્થે આવેલા લોકો પાસેથી અમે પૈસા લઈશું તો અમારું જીવન દુઃખમય અને બરબાદ થઈ જશે—અમને પાપ લાગશે"— આમ કહીને રૂપિયા લેવાની ના પાડી દીધી.

આ બધી ઘટનાઓના નિરીક્ષણથી, આ ક્ષેત્રની મહિમા આજે પણ લોકમાનસમાં જીવિત છે તે સ્પષ્ટ થયું.

અહીં પ્રાપ્ત પ્રાચીન અવશેષોથી જ્ઞાત થાય છે કે આ પ્રદેશ પ્રાચીનકાળમાં જૈનોનું કેન્દ્ર રહ્યું હતું. અહીંના ચન્નકેશ્વર મંદિરની પાસે જમીન ઉપર એક શિલાખંડ પડ્યો છે તેના ઉપર જૈન તીર્થંકરોની પદ્માસન મૂર્તિઓ ખોદેલી છે. તેની નીચે ખૂબ કષ્ટપૂર્વક વાંચવાયોગ્ય શિલાલેખ છે. આ શિલાલેખના પ્રારંભમાં જિનેન્દ્ર ભગવાનની પ્રાર્થના ખોદાયેલી છે કે જે આ ક્ષેત્રની મહિમાને વ્યક્ત કરવાવાળી જાણકારી આપે છે. તેની ઉપર આગળ લખ્યું છે — આ સ્થાન વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે, સંસાર સાગરને પાર કરવા માટે નૌકા સમાન અનેકાંત વિદ્યા છે. તે વિદ્યાનાબળથી વિશ્વને જીતવાવાળા મુની શ્રેષ્ઠ પદ્મનંદી ભટ્ટારકની આ જન્મભૂમિ છે.

આ શિલાલેખની બીજી બાજુ તેલુગુ ભાષામાં પણ શિલાલેખ છે. અનેક લેખ પ્રાચીન ભાષામાં પણ ઉપલબ્ધ છે. અહીં જ ઈ.સ.ની સાતમી શતાબ્દી અને દસ-અગિયારમી શતાબ્દીથી સંબંધિત શિલાલેખ પણ જોવા મળે છે. આમાંથી અનેક શિલાલેખ જૈનધર્મ વિષયક પણ છે. સોળમી શતાબ્દીથી સંબંધિત શિલાલેખમાં ન્યાયશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ આચાર્ય વિદ્યાનંદસ્વામીનો પણ ઉલ્લેખ છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ગામની દક્ષિણમાં એક પથ્થરની શીલા ઉપર ત્રણ ફૂટ ઊંચી એક નગ્ન મૂર્તિ છે. તેની પાસે જ અનેક શિલાખંડ છે કે જેની ઉપર જૈનધર્મથી સંબંધિત અનેક ચિહ્ન ખોદાયેલા છે. તેની બાજુમાં જ એક સ્વચ્છ જળાશય–સરોવર પણ છે. આ રીતે, આ સ્થાન પોતાના પ્રાચીન વૈભવને તથા ત્યાગ અને તપસ્યાની મહિમાને આજે પણ ઝલકાવે છે.

પરંતુ દુઃખની વાત એ છે કે કોઈપણ જૈન સંસ્થા અથવા ભટ્ટારક પીઠે અહીં ધર્મશાળા, પૂજારી આદિની કાંઈપણ વ્યવસ્થા કરી નથી. આચાર્ય કુંદકુંદ દ્વિશતાબ્દી (૨૦૦૦) વર્ષના નિમિત્તે કંઈક વ્યવસ્થાવિષયક કાર્ય અહીં થવું જોઈએ.

અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામી અકાળ(દુષ્કાળના)ના કારણે પોતાના શિષ્યોની સાથે દક્ષિણ ભારતમાં આવ્યા હતા, તે કારણે તે કાળમાં દક્ષિણ ભારતમાં જૈનધર્મનો પ્રચાર-પ્રસાર તીવ્ર ગતિથી થયો હતો. લગભગ બધા જ રાજવંશ જૈનધર્માવલંબી હતા અને તેઓ પોતપોતાના રાજ્યમાં જૈન સંસ્કૃતિની પ્રભાવના કરવામાં ગૌરવનો અનુભવ કરતાં હતા. તે સમયે જિનકંચી અને પેનગોંડે[૧] આ બંને ક્ષેત્રો ઉપર સમર્થ જૈન સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થાઓના કારણે દક્ષિણ ભારતમાં તત્ત્વપ્રચારનું કાર્ય વિશેષ થઈ રહ્યું હતું. તેથી ઈ.સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં જૈન ધર્મ દક્ષિણ ભારતમાં વિશેષ ઉંચી અવસ્થાને પહોંચી ગયો હતો.

---

૧. બંને જગ્યાના દિગંબર જૈન મંદિર અત્યારે પણ સુરક્ષિત છે, પરંતુ જૈન સંસ્થાના અન્ય ભવનો ઉપર અજૈનોનો કબજો છે. પેનગોંડાનું જૈન ભવન આજે મસ્જિદ બની ગયું છે. બંને જગ્યાએ એકપણ જૈનીનું ઘર નથી. પેનગોંડે મંદિરમાં પાર્શ્વનાથની મૂર્તિ અત્યંત મનોજ્ઞ છે, તેમ છતાં વ્યવસ્થા સારી નથી. જિનકંચીનું મંદિર ઈ.સ. પૂર્વે પાંચમી શતાબ્દીનું છે એવો ઈતિહાસ મળે છે. અહીંના પૂજારીઓ પાસે સો થી પણ વધારે તાડપત્ર ગ્રંથ છે. આ બધા ગ્રંથ ગ્રંથીલિપીમાં લખાયેલા છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનેક દિગંબર મહામુનિશ્વર પણ સર્વત્ર વિહાર કરીને વસ્તુધર્મ–સત્ય સનાતન વીતરાગ જૈનધર્મનો ઉપદેશ આપતા હતા અને સ્વયં સાક્ષાત્ જીવંત સત્ય ધર્મસ્વરૂપ સમાજની સામે વિહાર કરતાં હતા.

કોંડકુંદપુર જૈનોનું પ્રમુખ કેન્દ્ર હતું. અહીં પેનગોંડા સંઘના મુનિરાજોનો વિહાર ફરી ફરી થતો હતો અને મુનિશ્વરોના નિમિત્તે તત્ત્વચર્ચા, ધર્મોપદેશ અને પંડિતોના પ્રવચનો પણ થતાં રહેતા હતા.

નગરશેઠ ગુણકીર્તિ મુનિઓની સેવા-સુશ્રુષામાં અત્યાધિક રુચિ લેતા હતા. તેમની ધર્મપત્ની શ્રીમતી શાંતલા પણ પતિની જેમ જ ધર્મશ્રદ્ધાળુ નારીરત્ન હતા. પૂર્વ પુણ્યોદયના કારણે તેમને કોઈપણ પ્રકારના ભૌતિક વૈભવની કમી ન હતી. રૂપ, લાવણ્ય, યૌવન, કીર્તિ અને સંપદા—આ બધાથી સુસંપન્ન હોવા છતાં તેમને પોતાના વંશના ઉત્તરાધિકારી પુત્રરત્નનો અભાવ ખટકતો હતો અને આ અભાવ બંનેને બળતા કોલસા સમાન સતત બાળ્યા કરતો હતો. ગુરુમુખથી સંસારના સ્વરૂપનું વર્ણન સાંભળીને થોડા સમય માટે પોતાનું દુઃખ ભૂલી જતા હતા, પરંતુ બીજા જ સમયે પુત્રનો અભાવ તેમને પીડા દેતો હતો. આમ હોવા છતાં પણ પુત્ર પ્રાપ્તિ માટે કુદેવ આદિની શરણમાં તો ગયા જ નહીં, પરંતુ એવો અજ્ઞાનજન્ય અન્યથા ઉપાયનો વિચાર પણ તેમના મનમાં ન આવ્યો. પછી બીજા કોઈની પ્રાર્થના કરવી તો દૂરની વાત રહી.

તે બંને પતિ-પત્ની વીતરાગ, સર્વજ્ઞ, હિતોપદેશી, સાચા દેવના સ્વરૂપને નિર્ણયપૂર્વક જાણતા હતા. કોઈ કોઈને અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુઓ આપી શકતા નથી, કોઈ વસ્તુ જીવને સુખ-દુઃખદાયક છે જ નહીં. અનુકૂળતા-પ્રતિકૂળતા પૂર્વકૃત પુણ્ય-પાપ કર્મોદયનું કાર્ય છે. આવા વસ્તુસ્વરૂપનું તેમને યથાર્થ તથા નિર્મળ જ્ઞાન હતું, તેમ છતાં પુત્રનો અભાવ તેમને અંદર જ અંદર શલ્યની જેમ ખટકતો હતો.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળચક્ર પોતાના સ્વભાવ અનુસાર ગતિમાન હતો જ. તેને કોણ અને કેવી રીતે રોકે? અને કાળ રોકાશે પણ કેવી રીતે? શેઠ ગુણકીર્તિ અને શેઠાણી શાંતલા તત્ત્વચિંતનપૂર્વક પૂર્વના પુણ્યોદયાનુસાર પોતાનું જીવન વ્યતીત કરતાં હતા. આ દરમિયાન પેનગોંડાથી એક સમાચાર આવ્યા : ‘‘ફાગણની અષ્ટાહ્નિકા મહાપર્વમાં પૂજા મહોત્સવપૂર્વક કરવાનો નિર્ણય કર્યો છે, તમે બંને આ ધર્મકાર્યમાં જરૂર આવશો. પ્રવચન, તત્ત્વચર્ચા તથા ભક્તિ આદિનો લાભ લેજો. પ્રત્યેક વ્યક્તિએ આવા અવસરનો લાભ લેવો જોઈએ.’’—આ પ્રકારના સમાચાર હતા.

સમાચાર સાંભળીને ગુણકીર્તિ શેઠને વિશેષ આનંદ થયો. ‘‘અમે ઉચિત સમય પર પેનગોંડા પહોંચી જઈશું’’—આવો સંદેશ પત્રવાહક દ્વારા મોકલી દીધો અને નિશ્ચિત સમય પર પેનગોંડા પહોંચી ગયા.

જેવી રીતે સ્વર્ગના દેવ નંદીશ્વરદ્વીપના અકૃત્રિમ ચૈત્યાલયોની અષ્ટાહ્નિકા પર્વમાં પૂજા કરે છે, તેવી જ રીતે ગુણકીર્તિ અને શાંતલાએ પણ પેનગોંડાના શ્રી પાર્શ્વનાથ ભગવાનની આઠ દિવસમાં મહામહ નામની પૂજા કરી. અષ્ટાહ્નિકા પર્વમાં જ યોગાનુયોગ આચાર્ય શ્રી જિનચંદ્ર પાસે અધ્યાત્મ વિષય સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેથી બંનેને માનસિક સમાધાન તો પ્રાપ્ત થયું જ સાથે-સાથે તત્ત્વદૃષ્ટિ ઘણી જ નિર્મળ અને દૃઢ બની ગઈ. પૂર્વોપરાંત ચતુર્વિધ સંઘને આહારદાન અને શાસ્ત્રદાન આપીને સંતૃપ્ત મનથી તેઓ પાછા ફર્યા.

ચૈત્ર સુદ-૧૩ના દિવસે ભગવાન મહાવીરની જન્મજયંતી પોતાના ગામમાં ધૂમધામથી મનાવીને ચતુર્વિધ સંઘને ભક્તિથી આહાર અને શાસ્ત્રદાન આપ્યું. આ પ્રસંગે, અક્ષય તૃતીયાના દિને ચતુર્વિધ સંઘને ચાર પ્રકારનું દાન આપ્યું. અન્ય દિવસોમાં પણ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



યથાશક્તિ ભક્તિપૂર્વક શ્રાવકને યોગ્ય દેવપૂજા આદિ પુણ્યકાર્યોમાં સહજ સાવધાન રહેતા હતા. આ રીતે, ત્રણ મહિના ફક્ત ધર્મ-શ્રદ્ધાથી અર્થાત્ આત્મશાંતિ અને ભૌતિક સુખથી નિરપેક્ષ પરિણામો દ્વારા ધર્મસાધના કરતાં રહ્યા. તેના ફળમાં તેમને શાંતિ અને સમાધાન તો મળ્યું જ ઉપરાંત પુત્રના અભાવજન્ય જે આકુળતા હતી તે પણ ન રહી. દૃષ્ટિ અને જ્ઞાન સમ્યક્ થઈ જતાં લૌકિક કામનાઓ સ્વયમેવ લુપ્ત થઈ ગઈ. પ્રકાશના આગમનથી અંધકારનું નિર્ગમન સ્વયમેવ થાય છે, તેને ભગાડવું નથી પડતું.

શેઠ ગુણકીર્તિ અને શાંતલાના દિવસો તત્ત્વચિંતનની સાથે સુખપૂર્વક વ્યતીત થઈ રહ્યા હતા. એક દિવસ મોડી રાત્રે શાંતલાએ બે સ્વપ્ન જોયા, પ્રથમ સ્વપ્નમાં એક સફેદ પુષ્ટ અને સુંદર બળદ પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. બીજા સ્વપ્નમાં આકાશની બરાબર મધ્યમાં પોતાની અતિ શીતળ અને કોમળ કિરણોથી સમગ્ર પૃથ્વીતળને સફેદ બનાવતા થકા પૂર્ણ મનોહર અમૃતમય ચંદ્રનું અવલોકન કર્યું.

સ્વપ્ન પૂર્ણ થયું અને નિદ્રા ભંગ થવાથી શાંતલા જાગી ગઈ. બાજુમાં જ સૂતેલા પતિ ગુણકીર્તિને નિદ્રાધીન અવસ્થામાં જ છોડીને તે શયનગૃહથી બહાર આવી. સ્નાન આદિ નિત્યક્રિયાથી નિવૃત્ત થઈને સફેદ વસ્ત્ર પહેરીને પોતાના ગૃહ ચૈત્યાલયમાં પ્રવેશ કર્યો. વીતરાગ સર્વજ્ઞ પ્રભુના ભક્તિભાવપૂર્વક દર્શન કરીને પૂજા કરી અને નિત્ય નિયમાનુસાર જાપ કર્યા. એટલામાં જ ગુણકીર્તિ દર્શન માટે ચૈત્યાલયમાં આવ્યા. ત્યારબાદ, રોજની જેમ સ્વાધ્યાય પ્રારંભ થયો. જીવતત્ત્વનું પ્રકરણ ચાલી રહ્યું હતું. યોગાનુયોગ આજે વિષય સુલભ રીતે સ્પષ્ટ થયો. કેવળી ભગવાન દ્વારા પ્રતિપાદિત ભગવાન આત્માની વાત સાચે જ અલૌકિક છે એમ બંનેને હૃદયથી લાગ્યું.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વાધ્યાય સમાપ્ત કરીને શાંતલા પોતાના કક્ષમાં જઈને આસન ઉપર બેસી ગઈ. તે વિચારવા લાગી કે મારે આ મારા પુણ્યનો ઉદય જ સમજવો જોઈએ કે મને યોગ્ય પતિનો સંયોગ મળ્યો, નહીં તો જીવન દુઃખદ થઈ જાત.

આજે શાંતલાના મુખ ઉપર એક અપૂર્વ તેજ ઝળકી રહ્યું હતું અને અલંકાર પણ વિશેષરૂપથી શોભાયમાન થઈ રહ્યા હતા. ગુણકીર્તિ પણ સહજભાવથી શાંતલાના કક્ષમાં આવીને બેસી ગયા. મધુર હાસ્યથી શાંતલાએ ગુણકીર્તિનું સ્વાભાવિક સ્વાગત કર્યું અને પ્રમોદ વ્યક્ત કરતાં કહેવા લાગી કે હે પ્રાણપ્રિય! મેં આજે વહેલી સવારે બે સ્વપ્ન જોયા છે. આમ કહીને શાંતલાએ તે બંને સ્વપ્નાઓનું સાનંદ સવિસ્તાર વર્ણન કર્યું અને પછી જિજ્ઞાસાથી તેનું ફળ પૂછ્યું.

ગુણકીર્તિ થોડા સમય સુધી કંઈક ગંભીર રહ્યા. નિર્ણય કરવા માટે આંખ બંધ કરીને કાંઈક વિચાર કર્યો અને પત્નીની તરફ જોઈને સ્વપ્નનું ફળ કહેવા લાગ્યા કે હે પ્રિયે! આ સ્વપ્ન આપણી ઘણા દિવસોની ઈચ્છા પૂરી કરવાવાળા છે. ધવલ વૃષભનો પ્રવેશ સૂચિત કરે છે કે ધર્મદિવાકર સ્વરૂપ પુણ્યવાન જીવ તારા ગર્ભમાં આવ્યો છે અને ચંદ્રની ચાંદની એમ સ્પષ્ટ કરે છે કે તે ધર્મ-દિવાકરના ઉપદેશથી ભવ્ય જીવોને સુખ-શાંતિનો માર્ગ પ્રાપ્ત થશે.

સ્વપ્ન શ્રવણથી પ્રમોદિતા શાંતલા પોતાના પતિને નિવેદન કરે છે કે હે પ્રાણનાથ! મને પેનગોંડે જઈને પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરવાની તથા આચાર્ય જિનચંદ્રના દર્શન કરવાની તીવ્ર અભિલાષા ઉત્પન્ન થઈ છે તેથી કૃપા કરીને શીઘ્ર વ્યવસ્થા કરો કે જેથી મારું જીવન ધન્ય થઈ જશે.

બીજા જ દિવસે પતિ-પત્ની બંને પેનગોંડે પહોંચી ગયા. ત્યાં ભગવાન પાર્શ્વનાથની અત્યંત ભક્તિથી પૂજા કરી અને ભક્તિ તથા

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કૃતજ્ઞતાપૂર્વક આચાર્ય જિનચંદ્રના દર્શન કર્યા. અત્યંત વિનયથી અને ઉત્કંઠિત ભાવથી શાંતલાદેવીએ સ્વપ્નના સમાચાર આપ્યા. અષ્ટાંગ નિમિત્તજ્ઞાની આચાર્યએ સ્વપ્નફળ આ પ્રમાણે કહ્યા :

"તારા ગર્ભથી આસન્નભવ્ય જીવ જન્મ લેવાવાળો છે, તે તીર્થંકર દ્વારા ઉપદેશિત અનાદિ અનંત પરમ સત્ય વીતરાગ ધર્મનો પ્રવર્તક થશે અને વિશેષ વાત એમ છે કે ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર પછી તેનું જ નામ પહેલું લેવામાં આવશે. તેથી કોંડકુંદપુર નગર ઈતિહાસમાં પ્રસિદ્ધ થશે. પતિત-ઉદ્ધારક આ મહા પુણ્યવાન જીવ જ્યારે પૂર્વભવમાં કૌંડેશ નામનો ગોવાળિયો હતો ત્યારે તેણે એક દિગંબર મુનિશ્વરને શાસ્ત્રદાન આપ્યું હતું તે દાનના પુણ્ય-પરિણામસ્વરૂપ જ કોંડકુંદ નગરમાં તે તારે ત્યાં જન્મ લઈ રહ્યો છે. આ અપૂર્વ યોગ છે."

"પ્રત્યેક જીવને પોતાના પરિણામોનું ફળ મળે છે." આ ત્રિકાળ અબાધિત સિદ્ધાંત સહજ રીતે સમજમાં આવે છે. આવો સાતિશય પુણ્યશાળી જીવ તમારા વંશમાં જન્મ લેશે, જેના કારણે તમારા પવિત્ર પરિણામોનો પણ પરિચય થાય છે. ૩૦-૩૨ વર્ષના આ દીર્ઘ જીવનમાં આ ત્રણ મહિનાઓમાં શાસ્ત્રદાનના જેવા ઉત્સાહિત પરિણામ થયા તેવા પરિણામ પહેલા ક્યારે તમારા મનમંદિરમાં થયા હતા? આ પુણ્યવાન જીવનું તારા ગર્ભમાં આગમન અને શાસ્ત્રદાનના પરિણામ આ બંનેમાં એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેમ છતાં તે જીવનું આગમન તથા શાસ્ત્રદાનના તમારા પરિણામ પૂર્ણ સ્વતંત્ર છે.

"જન્મ લેવાવાળા જીવના પરિણામ અને માતા-પિતાના પરિણામ બંને સ્વતંત્ર છે. પ્રત્યેક જીવ અથવા અન્ય કોઈપણ પદાર્થમાં થવાવાળા પરિણામ તે-તે પદાર્થની યોગ્યતાથી જ થાય છે, તેમાં કોઈ કોઈનું કર્તા-ધર્તા નથી. આ વસ્તુસ્વરૂપનું પરિજ્ઞાન ન

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોવાથી અજ્ઞાની પોતાને પરપદાર્થનો કર્તા માને છે — મેં કર્યું એમ જાણે–માને છે. આવા મિથ્યા અભિપ્રાયથી જ દુઃખી થાય છે. ત્રણ મહિનામાં કરવામાં આવેલી ધર્મ આરાધનાના ફળ સ્વરૂપે પુત્ર પ્રાપ્તિ થશે એમ સમજવું ભ્રાંતિ છે. ધર્મ આરાધના કરતાં સમયે તમારા મનમાં કોઈપણ લૌકિક અનુકૂળતા મળે એવી આશા–આકાંક્ષા પણ ન હતી.''

ધર્મ આચરણ નિરપેક્ષભાવથી જ કરવામાં આવે છે. શાસ્ત્રનો સ્વાધ્યાય ન કરવાના કારણે લોકો ધર્મના વાસ્તવિક સ્વરૂપને નથી જાણતા અને અધર્મને ધર્મ માનીને પોતાનું અહિત કરતાં રહે છે. પોતાના પરિણામોને સુધારવાના બહાને બાહ્ય ક્રિયાકાંડમાં જ ડૂબકીઓ લગાવતા રહે છે. જીવનો બગાડ-સુધાર તો પોતાના પરિણામો ઉપર નિર્ભર છે, બાહ્યક્રિયાઓ ઉપર નહીં! ધર્મ તો અંદર અર્થાત્ આત્માની અવસ્થામાં થાય છે. એટલે કે અંતરંગમાં થાય છે. અંતરંગના પરિણામો અનુસાર બાહ્યક્રિયાઓ સ્વયમેવ સુધરી જાય છે. ભાવ બદલાતા ભાષા, ભોજન અને ભ્રમણ સ્વયમેવ બદલતા જાય છે. બાહ્યક્રિયા માટે હઠ કરવો ક્યારેય પણ યોગ્ય–અનુકૂળ નથી. ખેંચીને કરવામાં આવેલી ક્રિયા ધર્મ નામ પામતી નથી.

''હે શ્રેષ્ઠવર! પોતાના પુણ્ય પરિણામોથી પુણ્યાત્મા તમારા ઘરે જન્મ લેશે એમ જાણવું–માનવું પણ વ્યવહાર છે, વાસ્તવિક વસ્તુસ્થિતિ નથી. પાર્શ્વનાથ ભગવાનની મહિમાના કારણે અથવા અમારા આશીર્વાદથી પુત્ર પ્રાપ્તિ માનવી અજ્ઞાન જ છે, કારણ કે પરભવમાંથી નીકળીને આ ભવમાં જન્મ લેવો પોતાના પુણ્ય-પાપ અને યોગ્યતા અનુસાર થાય છે. યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવું પ્રત્યેક વ્યક્તિનું પોતાનું મહત્વપૂર્ણ કર્તવ્ય છે. આવા અપૂર્વ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિથી જ જીવને સુખ-શાંતિ મળે છે.''

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આચાર્ય શ્રી જિનચંદ્રના ઉપદેશથી બંનેના જ્ઞાન તથા શ્રદ્ધામાં વિશેષ નિર્મળતા તથા દઢતા થઈ. વીતરાગ ધર્મના ઉદ્ધારક બાળકના જન્મ આપવાવાળા માતાપિતા પેનગોંડેથી પાછા આવ્યા. તે જ દિવસથી તેમના ઘરે દરરોજ પૂજા, દાન, સ્વાધ્યાય, તત્ત્વચર્ચા આદિ ધાર્મિક કાર્ય પહેલાંથી પણ વધારે ઉત્સાહથી થવા લાગ્યા. કાળક્રમથી શાંતલાનો ગર્ભ વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો હતો.

પ્રકૃતિના નિયમ અનુસાર કાળ વ્યતીત થઈ રહ્યો હતો. અજ્ઞાની મનુષ્યને મહાન પુણ્યોદયથી પ્રાપ્ત માનવજીવનની કિંમત ખ્યાલમાં નથી આવતી. પુણ્યથી પ્રાપ્ત પરિસ્થિતિનો ઉપયોગ પુણ્ય અથવા પવિત્ર પરિણામ માટે ન કરી પાપમય પરિણામથી કાળ વ્યતીત કરતો રહે છે. વર્તમાન માનવજીવન અપ્રાપ્તપૂર્વ તત્ત્વજ્ઞાન પ્રાપ્તિ માટે કરતો નથી, પરંતુ ભવિષ્યકાળમાં ભોગસામગ્રી ભરપૂર પ્રાપ્ત થાય તે માટે વ્યર્થમાં જ પરદ્રવ્યની પ્રાપ્તિ માટે અસફળ પ્રયત્ન કરતો રહે છે. પંચેન્દ્રિય ભોગ સામગ્રીના સમાગમનું મૂળ કારણ પૂર્વ પુણ્યોદય જ છે. તેના માટે વર્તમાનકાળમાં કરવામાં આવતો પ્રયાસ પાપબંધનું કારણ છે, આ વાત અજ્ઞાની જાણતો નથી. તેથી ભ્રમથી અનુકૂળ—ઈષ્ટ પરવસ્તુના સંયોગ માટે પરિશ્રમ કરવાથી નિરાશા મળે છે અને અંતમાં મૃત્યુ પામીને નાશને પ્રાપ્ત થાય છે.

ગર્ભસ્થ શિશુનો પુદ્‌ગલ પિંડ ક્રમશઃ વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યો હતો, જાણે કે લોકોને પોતાના શુભાગમનને શુભ સંકેત જ આપી રહ્યો હોય! શાંતલાના અંગ-અંગમાં શોભા આવી રહી હતી, સૌંદર્ય દિન-પ્રતિદિન પોતાની અંતિમ સીમાપર્યંત પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું હતું. ચોથા મહિનામાં કટિભાગ ભરાઈ જવાથી સૌંદર્યમાં અપૂર્વતા આવી ગઈ હતી, પાંચમા મહિનામાં ઉદર ભાગ ભરાઈ જવાથી સુંદરતાએ કંઈક અલગ જ રૂપ ધારણ કર્યું હતું. સંપૂર્ણ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીરમાં નવીનતા લક્ષિત થઈ રહી હતી. જળ ભરેલા વાદળા સમાન તેની ચાલ ગંભીર અને ધીમી બની ગઈ હતી. તે ગજગામિની બની ગઈ હતી. જેવી રીતે લીલું ફળ પાકી જતાં પીળા રંગનું થઈ જાય છે, તેવી જ રીતે શાંતલાના શરીરનો રંગ પીળો થઈ ગયો હતો. પ્રારંભથી તો ગૌરવર્ણ હતો જ. તેની મુખાકૃતિની સુંદરતા જોઈને જન્મ લેવાવાળા ભવ્ય પુરુષના ઉજ્જ્વળ ભવિષ્યને કોઈપણ કહી શકતું હતું. જોતા જ નજર લાગી જવા યોગ્ય તેનું રૂપ થઈ ગયું હતું.

આ રીતે સાતમો, આઠમો મહિનો પૂરો કરીને નવમા મહિનામાં પ્રવેશ કર્યો.

નગરવાસી સૌભાગ્યવતી સ્ત્રીઓએ શાંતલાદેવીના લૌકિકમાં કરવાયોગ્ય બધા જ સંસ્કાર મહાન ઉત્સવપૂર્વક કર્યા. શિશુનો વિકાસ નિર્વિઘ્ન રીતે થાય તેના માટે પણ બધા જ સંસ્કાર કરવામાં આવ્યા. પુણ્યવાનોને બાહ્ય બધી જ અનુકૂળતા મળતી જ રહે છે. કાળ પોતાના ક્રમથી વ્યતીત થઈ રહ્યો હતો.

પરંતુ તત્ત્વજ્ઞાન હીન માનવને મહાદુર્લભ મનુષ્યજીવન વ્યર્થ જઈ રહ્યું છે તેની કાંઈપણ પરવા હોતી નથી. ભવિષ્યકાળના ભોગાભિલાષાના વ્યર્થ મનોરથમાં સમય ખોવે છે. પ્રાપ્ત વર્તમાનકાળની અનુકૂળતાને સાર્થક બનાવવાની બુદ્ધિ નથી હોતી, એવી ભાવના પણ ઉત્પન્ન થતી નથી. આત્મહિતનો વિચાર કર્યા વિના શરીર આદિ પર્યાયમાં મોહિત થઈને દુઃખી જીવન વીતાવે છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે હું દુઃખ ભોગવી રહ્યો છું તેનું પણ ભાન રહેતું નથી.

ઉદિત થવાવાળા તે મહાપુરુષના આગમનની, વિશ્વના ભવ્ય જીવો પ્રતીક્ષા કરી રહ્યા હતા, પરંતુ તે કાળરૂપી પુરુષને અવકાશ ન

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતો, સમય મળવાની સંભાવના પણ ન હતી. તે કાળરૂપી પુરુષ રવિચંદ્રના રૂપમાં રાત અને દિવસને અસ્વસ્થ મનથી ગુંથી રહ્યો હતો. કાળ વ્યતીત થઈ રહ્યો હતો.

આ રીતે, વૈશાખથી લઈને પોષ મહિનો વીતી ગયો. રાત સંવત્સરનો મહા મહિનો શરૂ થઈ ગયો. મહાસુદ પાંચમના બાળસૂર્યના ઉદયની સાથે જ વૃક્ષ ઉપર જ કળી ફૂલ બનીને પાકીને વૃક્ષની સાથે બનેલો સંયોગસંબંધ સમાપ્ત થવાથી ડાળીથી અલગ થઈને પ્રકૃતિના ખોળામાં પડવાવાળા ફળ સમાન મંગળમય અને મંગલકરણ તે પુણ્યાત્માએ પણ નવ મહિનાની ગર્ભસ્થિતિ પૂર્ણ કરી કાળક્રમ અનુસાર ભૂદેવીના ખોળામાં પોતાની આંખ ખોલી.

તે સમયે સૂર્યપ્રકાશના તેજમાં પણ કોઈ વિજળીસમૂહના ચમકવા જેવો આભાસ થયો. તે પ્રભાતના શાંત સમયમાં શીતળ સુગંધિત પવને તરુલતાઓના પુષ્પોને સંગ્રહિત કરીને પુષ્પવૃષ્ટિ દ્વારા આનંદોત્સવ મનાવ્યો. તે જ સમયે કાળપુરુષ એક કુળપર્વત ઉપર યુગપુરુષના જન્મદિવસના રૂપમાં ઈ.સ. પૂર્વે ૧૦૮ (રાત) સંવત્સરની મહા સુદ પાંચમને ઉત્કીર્ણ કરી રહ્યો હતો.

તે દિવસે નગરશેઠ ગુણકીર્તિને અનેક વર્ષો પછી ચિર ઈચ્છિત પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ હતી. તેથી, સમસ્ત કોંડકુંદપુર નગરવાસીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આનંદોત્સવ મનાવ્યો. નગરના બધા જ પ્રમુખ સ્થાનો પર જ નહીં, પરંતુ ગલી-ગલીમાં પણ તોરણ શોભાયમાન થઈ રહ્યા હતા. નગરના પાંચેય પ્રાચીન ભવ્ય જિનમંદિરોમાં પૂજા, ભક્તિ ખૂબ જ ભક્તિભાવપૂર્વક થઈ રહી હતી. મંદિરોમાં બેસવા માટે જગ્યા ન હતી અને ઘરોમાં તથા રસ્તાઓ ઉપર કોઈ માણસ જોવા મળતું ન હતું. દીન-દુઃખીઓ માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દસ દિવસ વીતી ચૂક્યા પછી જન્મોત્સવ મનાવતા શિશુને સુવર્ણમય સુંદર પારણામાં સુવડાવીને અનેક સૌભાગ્યવતી સ્ત્રીઓએ મંગળ ગીત ગાયા. શાંતલા માતાએ પોતાના સ્વપ્નમાં ચંદ્રમાની ચાંદની જોઈ હતી. તેથી શિશુનું નામ પદ્મપ્રભ રાખવામાં આવ્યું. જન્મોત્સવના કારણે સંપૂર્ણ નગરમાં મોટા તહેવારની જેમ વાતાવરણ નવચૈતન્યમય બની ગયું હતું. આ આનંદોત્સવ એક જ ઘરનું મર્યાદિત રહ્યું ન હતું, પરંતુ ખૂબ જ વ્યાપક બની ગયું હતું. શેઠ ગુણકીર્તિએ પણ પોતાના મિત્રજનોની અભિલાષાની પૂર્તિ કરવામાં કોઈ કસર ન છોડીને પોતાના ગુણકીર્તિ નામને સાર્થકતા પ્રદાન કરી હતી.

સુદ-પના દિવસે જન્મેલું બાળક બીજના ચંદ્ર સમાન પ્રતિદિન વૃદ્ધિને પ્રાપ્ત થઈ રહ્યું હતું. પદ્મપ્રભ હવે ત્રણ મહિનાનો થઈ ગયો હતો. જો કે તેની સેવા-સુશ્રૂષા-સંવર્ધન માટે અનેક ધાયમાતાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી, તેમ છતાં માતા શાંતલા તેની વ્યવસ્થામાં સદૈવ સાવધાન રહેતી હતી. કારણ કે માતાને પોતાના સંતાનની વ્યવસ્થામાં સ્વાભાવિક રસ હોય છે. સંસારના સ્વરૂપ અને સંસાર પરિભ્રમણના કારણથી સુપરિચિત માતા શાંતલાદેવી પોતાના પુત્રને સુસંસ્કારિત કરવા માટે સદાય જાગૃત રહેતી હતી. શિશુને પારણામાં સુવડાવતા સમયે સુકોમળ મન આધ્યાત્મિક વિચારથી પ્રભાવિત થાય, તે ભવ્ય વિચારથી ખાસ અલૌકિક લોરીઓ ગાતી હતી.

પ્રથમ હાલરડું

शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि।
संसार मायापरिवर्जितोऽसि॥
शरीरभिन्नस्त्यज सर्वचेष्टां।
शान्तालसावाक्यमुपासि पुत्र॥१॥

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ :— હે પુત્ર! તું શુદ્ધ-બુદ્ધ-નિરંજન છો, સંસારની માયાથી રહિત છો, શરીરથી ભિન્ન છો, તેથી અન્ય બધી ચેષ્ટાઓને છોડ અને શાંતલાના વચનને ધારણ કર.

ज्ञाताऽसि दृष्टाऽसि परमात्मरूपो।
अखण्डरूपोऽसि गुणालयोऽसि॥
जितेन्द्रियस्त्यज भान-मुद्रां।
शान्तालसावाक्यमुपासि पुत्र॥२॥

અર્થ :— હે પુત્ર! તું જ્ઞાતાદ્રષ્ટા અને પરમાત્મસ્વરૂપ છો, અખંડરૂપ અને ગુણોનું આલય – નિવાસસ્થાન છો, જિતેન્દ્રિય છો તેથી માન આદિ સંપૂર્ણ કષાયોની અવસ્થાનો ત્યાગ કર અને આવા શાંતલા માતાના વચનોનું અનુસરણ કર.

शान्तोऽसि दान्तोऽसि विनशहीनः।
सिद्धस्वरूपोऽसि कलंकमुक्तः॥
ज्योतिस्वरूपोऽसि विमुंच मायां
शान्तालसावाक्यमुपासि पुत्र॥३॥

અર્થ :— હે પુત્ર! તું શાંત, આત્મસંયમિત, અવિનાશી, સિદ્ધસ્વરૂપ, સર્વ પ્રકારના કલંક મળ દોષાદિથી રહિત અને જ્યોતિ સ્વરૂપ છો, તેથી સંસારની માયાનો ત્યાગ કર અને આવા શાંતલા માતાના વચનને ગ્રહણ કર.

કોમળ-નિર્મળ બાળ મન ઉપર સર્વોત્તમ સંસ્કાર પાડવાની ઈચ્છુક માતાના આ પ્રકારના કર્ણમધુર અને સંબોધનસ્વરૂપ ગીત સાંભળીને તે શીશુ કેવી રીતે સૂઈ શકે? સૂઈ જવાવાળા શિશુને આ પ્રકારના અપૂર્વ–અલૌકિક સંસ્કાર પાડવાના ભાવ પણ કોઈને કેવી રીતે આવી શકે? પ્રત્યેક જીવના ભવિતવ્યતાનુસાર તેને અન્ય જીવોનો સંયોગ સ્વયમેવ મળે છે, ભલે ઈષ્ટ સંયોગ મેળવવાનો જીવ ઘણો પ્રયાસ કરે પરંતુ તે જીવના ભવિતવ્ય અનુસાર જ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંયોગમાં આવવાવાળા જીવોને સંકલ્પ-વિકલ્પ થાય છે. માતા શાંતલાના મધુર હાલરડા સાંભળીને તે શિશુ આંખ બંધ કરીને કેવળી પ્રણિત તત્ત્વનું ચિંતન-મનન કરતો થકો ગંભીર થઈ જતો હતો. બાળકની આ વાત આપણને આશ્ચર્યકારક તો લાગે જ છે, પરંતુ સાથે-સાથે અસત્ય જેવી પણ લાગી શકે છે. કારણ કે ત્રણ મહિનાનું બાળક તત્ત્વચિંતન કેવી રીતે અને શું કરશે?

પરંતુ આપણે પણ તો એ વિચારવું જોઈએ કે બાલ્યાવસ્થા શરીરની અવસ્થા છે કે આત્માની? આત્મા અનાદિકાળથી ક્યારે પણ બાળક થયો જ નથી અને ક્યારે થશે પણ નહીં. જ્યાં આત્મા બાળક થઈ શકતો જ નથી તો પછી તે વૃદ્ધ પણ થઈ શકતો નથી. આટલું જ નહીં, આત્માને જન્મ-મરણ પણ નથી થઈ શકતા. આત્મા તો સ્વરૂપથી અનાદિ-અનંત, એકરૂપ, જ્ઞાનનો ઘનપિંડ અને આનંદનો રસકંદ છે. જ્યાં સુધી સંયોગદૃષ્ટિથી વસ્તુને જોવાનો પ્રયાસ ચાલતો રહેશે, ત્યાં સુધી વસ્તુનો મૂળ સ્વભાવ સમજીને ધર્મ પ્રગટ કરવાનો સાચો ઉપાય સમજમાં આવી શકશે નહીં. જ્યાં ધર્મ પ્રગટ કરવાનો સાચો ઉપાય જ સમજમાં નહીં આવે, ત્યાં ધર્મ-મોક્ષમાર્ગ, સુખ-શાંતિ, સમાધાન-વીતરાગતા કેવી રીતે પ્રગટ થશે?

એક વાર શિશુ પદ્મપ્રભ રડવા લાગ્યો. ધાયએ તેને પારણામાં સૂવડાવીને પારણું ઝુલાવ્યું, પરંતુ શિશુનું રડવું બંધ થયું નહીં. ધાયએ શિશુ ન રોવે તે—શાંતિથી સૂઈ જાય અથવા રમતો રહે તે માટે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ બધા વિફળ થયા. તેથી માતા શાંતલાને બોલાવી. તેણે હાલરડા સંભળાવવા શરૂ કર્યા જ કે એટલામાં જ બાળક સ્વયમેવ શાંત થઈ ગયો.

હાલરડું બીજું

एकोऽसि मुक्तोऽसि चिदात्मकोऽसि।
चिद्रूपभावोऽसि चिरन्तनोऽसि॥

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



अलक्षभावो जहि देहभावं।
शान्तलासावाक्युमुपासि पुत्र॥१॥

હે પુત્ર! તું એક મુક્ત, ચૈતન્યમય, ચિદ્રૂપ, ચિરંતન (અનાદિ-અનંત), અગમ્ય (અતીન્દ્રિય) છો, તેથી દેહના એકત્વ, મમત્વને છોડીને શાંતલા માતાના વાક્યનું સેવન કર.

निष्कामधामोऽसि विकर्मरूपोऽसि।
रत्नत्रयात्मकोऽसि परं पवित्रोऽसि॥
वेत्ताऽसि चेताऽसि विमुंच कामं।
शान्तलसावाक्यमुपासि पुत्र॥२॥

હે પુત્ર! તુ નિષ્કામસ્વરૂપ (સંપૂર્ણ ઈચ્છાઓથી રહિત), કર્મોથી મુક્ત, રત્નત્રયાત્મક, પરમ પવિત્ર તત્ત્વોનો વેત્તા અને ચેતા (જ્ઞાતા-દૃષ્ટા) છો, તેથી સંપૂર્ણ ઈચ્છાઓનો ત્યાગ કર અને આવા શાંતલા માતાના વચનોની આરાધના કર.

प्रमादमुक्तोऽसि सुनिर्मलोऽसि।
अनंतबोधादि चतुष्टयोऽसि।
ब्रह्माऽसि रक्ष स्वचिदात्मरूपं।
शान्तालसावाक्यमुपासि पुत्र॥३॥

હે પુત્ર! તું પ્રમાદથી રહિત સુનિર્મલ, અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયાત્મક (અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યસ્વરૂપ) બ્રહ્મા (આત્મસ્વરૂપ) છો, તેથી પોતાના ચૈતન્યસ્વરૂપની રક્ષા કર, આવા શાંતલા માતાના વચનને ગ્રહણ કર.

શિશુને સૂતો જોઈને માતા હાલરડું ગાવાનું બંધ કરીને સૂઈ ગઈ. ગાઢ નિદ્રાધીન થઈ ગઈ. એક કલાક પછી શિશુએ ફરીથી રડવાનું શરૂ કર્યું. ધાયએ ઊઠીને શિશુને ઝુલાવ્યો, માતા શાંતલા સમાન, તેણે પણ હાલરડું ગાયું, તેમ છતાં રડવું બંધ ન થયું, ઉલટાનું રડવું વધી ગયું. "નિદ્રાધીન સ્વામીની શાંતલાને જગાડવા

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉચિત નથી.'' એમ વિચારીને ધાયએ અનેક ઉપાયોથી પદ્મપ્રભને સુવડાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બધા જ પ્રયત્ન વ્યર્થ સિદ્ધ થયા. માતાના મુખથી મધુર અધ્યાત્મ સાંભળવાની શિશુની ઈચ્છાને ધાય કેવી રીતે જાણી શકે?

સામાન્ય રીતે બાળક હોય, યુવાન હોય, પ્રૌઢ હોય કે વૃદ્ધ હોય, શરીરને જ આત્મા માનવાવાળા જીવના માનસમાં એક માત્ર ઉદરપૂર્તિ કરવી મુખ્ય કર્તવ્ય થઈ જાય છે.

જીવ ભોજનથી જીવિત રહે છે, ભોજન વિના મરણ અટલ છે એવી જ વિપરીત માન્યતા પ્રાયઃ સાંભળવા મળે છે. ભોજનથી જ જીવન ત્યારે જ માની શકાય છે, જ્યારે ભોજનના અભાવમાં મરણ થાય. પ્રતિદિન ભરપેટ ખાઈ પીને પણ કેટલાય જીવો મરી રહ્યા છે. ભોજન કરવાથી જો કોઈ જીવે છે તો કોઈ કીડાએ પણ મરવું ન જોઈએ. કારણ કે પ્રત્યેકને પોતાને યોગ્ય ભોજનની સુવિધા તો રહે જ છે. તેથી આ સાબિત થાય છે કે ભોજનના અભાવમાં જીવ મરે છે તે વાત નિતાંત અસત્ય છે.

ત્યારબાદ, સ્વામિની શાંતલાને બોલાવવા અનિવાર્ય છે એમ સમજીને ધાયએ તેમને બોલાવીને કહ્યું કે ''આ બાળક રોવાનું બંધ કરતો જ નથી, તેને ભૂખ લાગી હશે, દૂધ પીવડાવો.'' ગાઢ નિદ્રાથી જાગેલી શાંતલાએ શિશુની પાસે જઈને જોયું તો પ્રિય પદ્મપ્રભ આંખો ખોલીને રડી રહ્યો હતો, તે ભૂખને કારણે રડી રહ્યો ન હતો એમ જાણીને અધ્યાત્મજ્ઞાનથી મંત્રિત કરવા માટે શાંતલા હાલરડા ગાવા લાગી.

હાલરડું ત્રીજું

कैवल्यभावोऽसि निवृत्तयोगो।
निरामयो शान्तसमस्ततत्त्वः॥

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



परमात्मवृत्तिं स्मर चित्स्वरूपं।
शान्तालसावाक्यमुपासि पुत्र ॥१॥

હે પુત્ર! તું કૈવલ્યભાવથી યુક્ત (કેવળજ્ઞાન, કેવળદર્શન સહિત અથવા નવ કેવળલબ્ધિઓથી યુક્ત) છો, મન-વચન-કાયાના યોગોથી નિવૃત્ત છો, નિરામય છો, સમસ્ત તત્ત્વોનો વીતરાગી જ્ઞાતા છો તેથી પરમાત્મસ્વરૂપી પોતાના ચૈતન્યતત્ત્વનું સ્મરણ કર — એવા આ શાંતલામાતાના વચનની ઉપાસના કર.

चैतन्यरूपोऽसि विमुक्तभारो।
भावादिककर्मोऽसि समग्रवेदी॥
ध्याय प्रकामं परमात्मरूपं।
शान्तालसावाक्यमुपासि पुत्र ॥२॥

હે પુત્ર! તું ચૈતન્ય સ્વરૂપ, દ્રવ્યકર્મ, ભાવકર્મના ભારથી રહિત, સર્વજ્ઞ છો, તેથી સર્વોત્કૃષ્ટ પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરીને શાંતલા માતાના વચનનું અનુસરણ કર.

વીણાનો કર્ણમધુર અવાજ સાંભળીને જેવી રીતે સર્પ ફેણ ઉઠાવીને સ્વયમેવ આનંદિત થાય છે, તેવી જ રીતે શુદ્ધાત્મસ્વરૂપની અનુપમ ધ્વનિતરંગોને સાંભળીને તે શિશુ અધ્યાત્મવિદ્યાથી મુગ્ધ થઈ ગયો. સર્વ શારીરિક ચેષ્ટાઓ બંધ થઈ ગઈ, માત્ર આંખો ખુલી હતી જાણે કે શરીર આદિ સર્વ પરદ્રવ્યોને ભૂલી ગયો હોય! માતા શાંતલા પણ ગીતના વિષય વસ્તુ સાથે તન્મય થઈને હાલરડાઓ પ્રભાતી રાગમાં ગાતી હતી. આ અવાજને સાંભળીને ગુણકીર્તિ જાગી ગયા અને પુત્રરત્નનું મુખાવલોકન કરવા માટે આવ્યા. પતિના આગમનથી શાંતલાદેવીની સમાધિ ભગ્ન થઈ ગઈ. તેણે હાસ્યવદનથી પતિનું સ્વાગત કર્યું. ગુણકીર્તિએ હસતા થકા સ્વાગતનો સ્વીકાર કર્યો અને કહ્યું, ‘‘શાંતલા! આ રીતે દિવસ-રાત જાગવાથી શારીરિક સ્વાસ્થ્યનું શું થશે તે ક્યારેય વિચાર્યું છે?

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાળકનું થોડું સેવાકાર્ય ધાયને પણ કરવા દો. દરેક સમયે દરેક કાર્ય સ્વયં જ કરવાની ખોટી આદત હવે તો થોડી ઓછી કરો.''

''નાથ! ત્રણ દિવસથી લાડલો પદ્મપ્રભ ન તો મને સૂવા દે છે અને ન તો પોતે જ સુવે છે. ધાયના અનેક પ્રકારના વિશેષ પ્રયત્ન ઉપરાંત પણ તે શાંત પણ નથી થતો, સુવાની વાત તો ઘણી દૂર રહી. કોઈ સારા વૈદ્યને દેખાડીને સલાહ લેવી આવશ્યક છે. મને ચિંતા થઈ રહી છે.''

''ઠીક છે શાંતલા! અત્યારે તો આ સૂઈ રહ્યો છે, સૂર્યોદય થવા દો. નિત્યકર્મ સ્નાન આદિથી નિવૃત્ત થઈને પૂજન-સ્વાધ્યાય કરીને હું વૈદ્યરાજને બોલાવું છું, નિશ્ચિંત રહો. બધુ ઠીક થઈ જશે.'' આમ કહીને ગુણકીર્તિ ત્યાંથી ચાલ્યા ગયા. શાંતલા પણ પોતાના ઘરના કામમાં લાગી ગઈ. ધાય કોઈ વાતનો અર્થ ન સમજી શકી અને તે બંનેની વાત સાંભળતી મંત્રમુગ્ધની જેમ ત્યાં જ ઊભી રહી ગઈ.

સ્વાધ્યાય અને તત્ત્વચર્ચા પછી ગુણકીર્તિએ ચાર વૈદ્યોને બોલાવ્યા. તે ચારે વૈદ્ય વૈદ્યક વ્યવસાયમાં અનુભવી, લોકમાં પ્રસિદ્ધ, બધાના શ્રદ્ધાપાત્ર અને મહામેધાવી હતા. તેમને જ્યોતિષજ્ઞાન પણ હતું. તે ચાર વૈદ્યોએ બાળકનું આરોગ્ય વિષયક સંપૂર્ણ તથા સૂક્ષ્મ પરિક્ષણ પોતપોતાની બુદ્ધિ અને પૂર્વાનુભવ અનુસાર કરી આપસમાં ઘણીવાર સુધી ચર્ચા કરી અને અંતમાં નિર્ણયાત્મક રીતે શેઠજીને કહ્યું—

''આદરણીય નગરશેઠ! આ ભાગ્યવાન બાળકમાં શારીરિક સ્વાસ્થ્યની દૃષ્ટિથી કોઈપણ કમી નથી, રોગ થવાનો તો પ્રશ્ન જ નથી. શરીર પૂર્ણ સ્વસ્થ છે. આ બાળકને કાંઈ તકલીફ પણ નથી. તેને ઊંઘ ખૂબ જ ઓછી આવે છે તેવી આપની ખાસ ફરિયાદ છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તમારું કહેવું તો એકદમ બરાબર છે. બુદ્ધિની વિશેષ તિક્ષ્ણતાને કારણે તેને ઊંઘ ઓછી આવવી સ્વાભાવિક છે. તેથી તેના માટે તમારે ચિંતા કરવાની કોઈ જ જરૂર નથી. ઓછી ઊંઘને કારણે બાળકના સ્વાસ્થ્ય ઉપર કિંચિત્ માત્ર પણ અનિષ્ટ પરિણામ નથી. આ ઉંમરમાં હવે તે જેટલું સૂવે છે તેટલી ઊંઘ તેને પર્યાપ્ત છે. આઠ પ્રહરમાં એક અથવા દોઢ પ્રહર સૂવે તો પણ ઘણું છે. તમે નિશ્ચિંત રહેશો.''

હે શ્રેષ્ઠીવર! આ ભૂમંડળ ઉપર તમારા જેવું ભાગ્યશાળી બીજું કોઈ દેખાતું નથી. વૈદ્યકશાસ્ત્રની રચનાકાળથી લઈને આજ સુધી આ પ્રકારની વિચક્ષણ બુદ્ધિવાળો જન્મ્યો જ નથી. આ પ્રકારે અસામાન્ય બુદ્ધિમાન શિશુને જન્મ આપીને તમે વિશ્વ ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ બાળકના ઉપકારનું સ્મરણ વિશ્વ ''यावत्चंद्र दिवाकरौ'' સુધી રાખશે. આ લોકોત્તર મહાપુરુષનું બાળજીવન જોઈને પણ અમારું જીવન ધન્ય થઈ ગયું—કૃતાર્થ થઈ ગયું. મોટા થયા પછીની બુદ્ધિ-પ્રગલ્ભતાના સ્મરણમાત્રથી પણ અમારું હૃદય રોમાંચિત થઈ જાય છે. તેની વાણી પ્રત્યક્ષ સાંભળવાનું સૌભાગ્ય જેને પ્રાપ્ત થશે તે ધન્ય હશે.

નગરશેઠ! જીવનના અંતિમ સમયમાં પ્રજ્ઞાહીન થવા છતાં પણ જો આ મહાપુરુષનું એક વાક્ય સાંભળવા મળી જાય તો તે અમારું ભાગ્ય હશે. આજે અમને તમે અહીં જે બોલાવ્યા છે તેના માટે તે અલૌકિક શબ્દામૃત જ અમારું પારિશ્રમિક સમજો. અત્યારે અમારું આ પારિશ્રમિક (મહેનતાણું) તમારી પાસે જ ધરોહરરૂપમાં રાખો—આમ કહીને બાળકને અતિ નમ્રતા અને ભક્તિપૂર્વક નમસ્કાર કરીને ચારેય વૈદ્ય ત્યાંથી ચાલ્યા ગયા.

થોડા જ દિવસો પછી પ્રિય પદ્મપ્રભ વિષયક આનંદદાયક આ સમાચાર ગામે ગામ, નગર-નગરમાં પૂરજન-પરિજનમાં ફેલાઈ ગયા. પેનગોંડે અને જિનકંચી મુનિસંઘમાં પણ આ સુખદ સમાચાર

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઈ સજ્જનોએ જાતે પહોંચાડ્યા. શ્રેષ્ઠીપુત્રની અસામાન્ય બુદ્ધિની ચર્ચા જ સાધારણ જનમાનસનો એક જ વિષય બની ચૂક્યો હતો. વનની અગ્નિ સમાન આ ચર્ચા પણ સર્વત્ર ફેલાઈ ગઈ.

પેનગોંડેના આચાર્ય જિનચંદ્રને આ બાળકના સંબંધમાં પહેલાંથી જ પર્યાપ્ત જાણકારી હતી. જિનકંચીના આચાર્યપુંગવ અનંતવીર્યને પદ્મપ્રભ બાળક રત્નના સુખદ સમાચાર પહેલીવાર જ સાંભળવા મળ્યા. શ્રી અનંતવીર્ય આચાર્ય મહામેધાવી અને અષ્ટાંગ નિમિત્તજ્ઞાની હતા. દક્ષિણ ભારતમાં તેમનો વિશેષ પ્રભાવ અને પ્રસિદ્ધિ હતી. તેઓ પોતાના નિમિત્તજ્ઞાનથી બાળકના ભૂત-ભવિષ્યને વિસ્તારપૂર્વક જાણીને વિશેષ પ્રભાવિત થયા. કહ્યું પણ છે, ‘‘गुणी च गुणरागी च सरलो विरलो जनः’’ અર્થાત્ સ્વયં ગુણવાન હોવા છતાં ગુણીજનોના સંબંધમાં પ્રમોદ વ્યક્ત કરવાવાળા એવા સરળ લોકો ઘણા જ વિરલા હોય છે. જુઓ! વીતરાગી મહા મુનિશ્વરોને પણ પદ્મપ્રભ વિષયક રાગ ઉત્પન્ન થતો હતો, એવો હતો તે બાળકરત્ન!

તેમણે વિચાર્યું—આ પ્રકારના અનુપમ બુદ્ધિધારક બાળકને પોતાના સંઘમાં બોલાવીને પોતાના સાનિધ્યમાં યોગ્ય સમયે ધર્મશિક્ષા આપવી જોઈએ. પછી મુનિસંઘના નાયક—આચાર્યપદ પર બિરાજમાન કરવા જોઈએ. આનાથી સમાજને વિશેષ ધર્મલાભ થશે. પરંતુ પેનગોંડે આચાર્યસંઘના આચાર્ય જિનચંદ્ર મહારાજનો અને ગુણકીર્તિનો પરિચય પહેલાંથી જ પર્યાપ્ત છે, તેથી આ બાળકરત્ન આપણા સંઘને મળવું મુશ્કેલ લાગે છે; તેમ છતાં આ વર્ષાયોગની સમાપ્તિ પછી કોંડકુંદપૂર નગરની દિશામાં વિહાર કરવો ઠીક રહેશે.

ક્રમનિયમિત પર્યાયમાં જે થવાવાળું છે તે જ થશે. પોતાની ઈચ્છાનુસાર વસ્તુમાં પરિવર્તન કરવાનું સામર્થ્ય કોઈ આત્મા

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અથવા અન્ય પદાર્થમાં છે જ નહીં. અજ્ઞાની તો માત્ર વિકલ્પ—રાગ-દ્વેષ કરે છે. પ્રત્યેક પદાર્થની પરિણતિ પોતપોતાના સ્વભાવ અનુસાર સ્વયમેવ થતી રહે છે, તે તો અનાદિ-નિધન વસ્તુસ્વભાવ છે. આ વિશ્વમાં કોણ કોનો નાશ કરી શકે છે? કોણ કોને સુરક્ષિત રાખી શકે છે? કોણ ધર્મની અભિવૃદ્ધિ કરશે? સર્વ પદાર્થ સર્વત્ર સર્વદા સ્વતંત્ર છે, પરંતુ વસ્તુ સ્વાતંત્ર્યનો બોધ નહીં હોવાથી અજ્ઞાની આત્માને અકર્તા-જ્ઞાતા સ્વભાવી જાણતો-માનતો નથી. આત્માને જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી માનવો તે જ મૂળ સિદ્ધાંત છે અને જીવનમાં સુખી થવાનો મહામંત્ર પણ તે જ છે, તે જાણ્યા વિના જીવનો ઉદ્ધાર થવો સંભવ નથી, કલ્યાણ પણ નથી.

દિવસ-રાત વ્યતીત થઈ જ રહ્યા હતા. બાળક પદ્મપ્રભ ત્રણ વર્ષનો થઈ ચૂક્યો હતો. તે નાના-નાના પગ રાખતો ઘરમાં આમથી તેમ આખો દિવસ દોડતો રહેતો હતો. તોતડાતો ગંભીર તત્ત્વની વાત કરતો બધાને આશ્ચર્યચકિત કરી દેતો હતો.

માતા શાંતલા પણ તેને પોતાના ખોળામાં બેસાડીને પંચાસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થનું જ્ઞાન કરાવતી હતી. વિષયને સમજવાની જિજ્ઞાસા જાણીને યથાયોગ્ય—યથાશક્ય તેના સ્વરૂપનું પણ નિરૂપણ કરતી હતી. આ રીતે, પંચાસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થનું પ્રાથમિક જ્ઞાન બાળક પદ્મપ્રભે માના ખોળામાં જ પ્રાપ્ત કરી લીધું હતું.

તે અનુસાર, તેને અક્ષરજ્ઞાન આપવાનું શરૂ થયું. તે કંઠસ્થ પદ્યને યાદ કરવા સમાન કોઈપણ વિષયને સરળતાથી ગ્રહણ કરી લેતો હતો. કોઈ મુશ્કેલ વિષયને પણ એકવાર કહેવાથી તેને તેનું જ્ઞાન થઈ જતું હતું. એક જ વાર કહેલા વિષયના સંબંધમાં પ્રશ્ન કરવામાં પ્રશ્નકર્તાને પણ સંકોચ થતો હતો, પરંતુ તે બાળક નિઃસંકોચ ઉત્તર આપી દેતો હતો.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દિવસો વીતતા જતા હતા. બાળકની બુદ્ધિ પણ દિવસે દિવસે (યુવા) નિપુણ થતી જતી હતી, તેથી પઠન-પાઠન પણ સ્વાભાવિક વધતું ગયું. ઘર જ વિદ્યાલય બની ગયું. પ્રૌઢ, ગંભીર અને સમર્થ બે વિદ્વાન અધ્યાપક ન્યાય, છંદ આદિ વિષયકોને ભણાવતા હતા. સાથે સાથે તમિલ, કન્નડ, પ્રાકૃત, સંસ્કૃત ભાષાવિદ્ પણ રોજે અડધા પ્રહરના કાળાંશક્રમથી તે-તે ભાષાશાસ્ત્ર ભણાવતા હતા. માતા-પિતા દ્વારા ધાર્મિક સંસ્કાર પણ અખંડ રીતે મળતા હતા.

આ દરમિયાન જિનકંચી સંઘના જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ આચાર્યપુંગવ અનંતકીર્તિ મહારાજ પેનગોંડે સંઘના આચાર્ય શ્રી જિનચંદ્રની સાથે વિહાર કરતાં-કરતાં કોંડકુંદનગરની નજીક આવી ગયા. તે બંને નિર્ગ્રંથ મુનિરાજ શ્રેષ્ઠીપુત્રની તીવ્રતર બુદ્ધિ, વિશેષ સ્મરણશક્તિ અને કલ્પનાચાતુર્ય ઉપર મુગ્ધ હતા. રોજે કોઈના કોઈ બહાનાથી હોનહાર પદ્મપ્રભને પોતાની પાસે બોલાવતા હતા અને પ્રશ્ન પૂછ્યા કરતા હતા તથા ઉત્તર મેળવીને પ્રભાવિત થતા હતા. વયોવૃદ્ધ અનંતકીર્તિ મુનિરાજ પોતાના ઉપદેશમાં વિશ્વના સકળ ચરાચર પદાર્થોનું સ્વરૂપ, ધર્મ-અધર્મનું સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, આત્મસ્વરૂપ અને સ્વ-પર કર્તૃત્વની પરિભાષા આદિ સૂક્ષ્મ વિષયોનું વિવેચન કરતાં હતા. પદ્મપ્રભની પાત્રતા વધે એવો પ્રયાસ પણ કરતાં હતા. બાળકની ગ્રહણશક્તિને જોઈને તેને ઉત્સાહિત કરતાં હતા. બાળકને છોડીને જવાનું તેમનું મન ન હતું. તેને સાથે લઈ જવાનો વિચાર પ્રગટ ન કરવા છતાં પણ ધર્મમય વાત્સલ્યભાવથી ક્યારેક વિચારમગ્ન પણ થઈ જતા હતા. અંતમાં પોતાની મુનિ અવસ્થાનો અને વીતરાગધર્મના યથાર્થ સ્વરૂપનું સ્મરણ કરી તેમને ત્યાંથી અન્યત્ર વિહાર કરી જ લીધો.

પ્રસ્થાન પ્રસંગ ઉપર અકસ્માતે જ જનસમૂહ જોડાઈ ગયો. તે મહામુનિઓની સાથે દૂર સુધી ચાલ્યા જઈ રહ્યા હતા. તેમાંથી માત્ર

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણકીર્તિને બોલાવીને તેને કાંઈ કહીને આગળ વિહાર કરી ગયા. પછી પાછળ ફરીને પણ ન જોયું. શેઠ ગુણકીર્તિ થોડો સમય તો ગંભીર તથા સ્થિર થઈ ગયા. પછી નગર તરફ પાછા આવી ગયા.

બાળક પદ્મપ્રભ દસ વર્ષ પૂર્ણ કરીને અગિયારમા વર્ષમાં પદાર્પણ કરી રહ્યો હતો. આ દસ વર્ષની પૂર્તિના પૂર્ણાહૂતિના ઉત્સવને અર્થાત્ જન્મદિવસની દસમી વર્ષગાંઠને ખૂબ જ ધૂમધામથી મનાવવાનો નિર્ણય શેઠ ગુણકીર્તિ અને માતા શાંતલાએ કર્યો. ત્રણ દિવસનો કાર્યક્રમ નિશ્ચિત કરીને તેમાં નિત્યપૂજન, નૈમિત્તિક પંચપરમેષ્ઠી વિધાન, ચતુર્વિધ સંઘને આહારદાન, શાસ્ત્રદાન, તત્ત્વચર્ચા, ધર્મગોષ્ઠી આદિ કાર્યક્રમ નિશ્ચિત કર્યા. કાર્યક્રમ પત્રિકા તૈયાર કરીને ગામેગામ તથા નગર-નગરમાં નિમંત્રણપત્ર મોકલી દીધા. પેનગોંડે અને જિનકંચી સંઘમાં જઈને પણ ભક્તજનોએ આ ધાર્મિક કાર્યક્રમનું જ્ઞાન કરાવ્યું. નગરના મોટા મંદિરની સામે વિશાળ મેદાનમાં ભવ્યમંચનું નિર્માણ કરવામાં આવ્યું. દૂર-દૂરના પ્રદેશોના લોકો તો આવી જ ગયા, એટલું જ નહીં, બહુ દૂર પ્રદેશના દિગ્ગજ વિદ્વાનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. શ્રેષ્ઠી દંપત્તિએ ખર્ચ અને વ્યવસ્થા કરવામાં કોઈ કસર છોડી નહીં. તેથી, બાળકનો જન્મોત્સવ ‘‘न भूतो न भविष्यति’’ એવો મનાવવામાં આવ્યો.

તે જન્મોત્સવે કોના-કોના ઉપર શું-શું અને કેવો-કેવો પ્રભાવ પાડ્યો તે જોવું અનાવશ્યક છે, પરંતુ જે ભાવિ મહાપુરુષનો આ જન્મોત્સવ હતો તેના ઉપર થયેલો પ્રભાવ જોવો-જાણવો અત્યંત આવશ્યક છે.

જગતના તત્ત્વજ્ઞાન રહિત સામાન્યજન અનાદિકાળથી બહિર્મુખી પંચેન્દ્રિયો દ્વારા બહિર્મુખી વૃત્તિનું જ અવલંબન કરતાં આવ્યા છે અને કરી રહ્યા છે. તેમને સાચા સુખનો માર્ગ સમજમાં

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી આવતો અને તેમનો તે દિશામાં કાંઈપણ પ્રયત્ન નથી રહેતો. આજકાલ આપણે પણ આપણા બાળકોનો જન્મદિવસ મનાવીએ છીએ, પરંતુ જન્મદિવસ મનાવવામાં કઈ ગંભીર વાત—મર્મ છુપાયેલો છે એ સંબંધમાં શું આપણે થોડો પણ ક્યારે પણ વિચાર કર્યો છે? વિચાર કર્યો હોત તો આવું અજ્ઞાનમય કાર્ય આપણે ક્યારે પણ કરત નહીં! તમારા મનમાં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે શું જન્મદિવસ મનાવવો અજ્ઞાનમયકાર્ય છે? આ વિષયમાં આપણે થોડો વિચાર કરવો જરૂરી છે.

આપણે કોનો જન્મદિવસ મનાવી રહ્યા છીએ? ચૈતન્યસ્વરૂપી આત્માનો કે ચૈતન્યરહિત જડ પુદ્‌ગલમય શરીરનો? પહેલાં આપણે એ જોઈએ—વિચારીએ કે ચૈતન્યસ્વરૂપી આત્માને જન્મ-મરણ હોય છે કે નહીં? આત્માને જન્મ-મરણ નથી હોતા, કારણ કે આત્મા અનાદિ-અનંત છે, પછી તેને જન્મ-મરણ કેવા? તેથી આપણે જડ પુદ્‌ગલસ્વરૂપી શરીરનો જ જન્મદિવસ મનાવીએ છીએ, તે નિશ્ચિત થયું.

જ્ઞાનશૂન્ય, રક્ત-રુધિર આદિ અને સ્પર્શાદિ ગુણો સહિત જે શરીરનો આત્માની સાથે અંતિમ સંયોગ હોય અને અશરીરી પદની સાધના કરવામાં આવે, એવા શરીરનું ગૌરવ, સત્કાર, સન્માન, બહુમાન કરવું જોઈએ અર્થાત્ જન્મ-દિવસ મનાવવો જોઈએ.

તાત્ત્વિક દૃષ્ટિવાળાઓના વિચાર નિયમથી ઉદાર, ઉદાત્ત, સુખસ્વરૂપ અને સુખદાયક જ હોય છે. આપણા દ્વારા સ્વીકૃત પદાર્થ સારો હોય કે ખરાબ, તેને છોડતા સમયે તેની નિંદા ન કરીને સન્માન આપીને છોડવું જોઈએ. દુનિયામાં પણ સામાન્ય લોકોમાં આ રૂઢી છે કે સજ્જનોની સંગતિ ધન ખર્ચીને પણ કરવી જોઈએ અને દુર્જનોની સંગતિ દુર્જનને ધન આપીને સદાય માટે છોડવી જોઈએ.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



“અનાદિકાળથી આ સંસારી દુઃખી આત્માની સાથે જડ શરીરનો સંયોગ રહ્યો છે. તેથી આ આત્મા જન્મ-મરણરૂપ અસહ્ય દુઃખ-પરંપરાને ભોગવી રહ્યો છે. આજે તે જ જડ પુદ્‌ગલમય શરીરમાં વાસ કરતાં થકા પોતાના અનાદિ-અનંત સુખમય શુદ્ધાત્માને જાણીને પંચ પરાવર્તનરૂપ સંસારસમુદ્રથી સહજ રીતે જ સદા માટે છૂટી રહ્યો છે—અનંતકાળ માટે સુખી થઈ રહ્યો છે. તેથી અંતિમ શરીરનું સન્માન કરવું આપણા સજ્જનો માટે વાસ્તવિક શોભાદાયક છે.”

પરંતુ, જે શરીર આત્માના સહજ શુદ્ધ સ્વરૂપને સમજવામાં સહાયક નથી, ઉલટાનું બાધક છે, તેથી જે દુઃખ પરંપરાનાજનક—ઉત્પાદક છે, તેનું ગૌરવ-સન્માન કરવામાં કઈ બુદ્ધિમાની છે? સાર્થકતા પણ કેવી? ઉન્માર્ગ અને અધોગતિમાં લઈ જવાવાળા શરીરનું જો સન્માન કરીએ છીએ તો તેનો અર્થ એ થયો કે આપણને ઉન્માગ અને દુર્ગતિ ઈષ્ટ છે—આ તો દુઃખદાયી દુર્જનનું અભિનંદન થયું.

જે શરીર, સંસારબંધનરૂપ દુઃખોથી છોડાવીને મોક્ષમાં પહોંચાડવામાં સહાયતા કરે છે—નિમિત્ત બને છે, તે અંતિમ શરીર વિષયક કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે જન્મદિવસ—જન્મજયંતી મનાવવી સાર્થક છે. તેથી ક્યારે ક્યા શરીરનો અને કેવો જન્મદિવસ મનાવવો જોઈએ તે સંબંધી મર્મ સમજવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જન્મદિવસ મનાવવાની પાછળ ક્યું ઉદાત્ત ધ્યેય છે, તે જાણવું—વિચારવું જરૂરી છે. આ રીતે, ધર્મના મર્મને ન જાણીને ફક્ત આંધળું અનુકરણ કરતાં થકા ધર્મના નામ પર અધર્મનું આચરણ કરીને અનંત સંસારની વૃદ્ધિ ન કરવી જોઈએ.

જન્મ-દિવસના મહોત્સવથી શ્રેષ્ઠીપુત્ર પદ્મપ્રભ ઉત્સાહિત થવાને બદલે ગંભીર થતો દેખાઈ રહ્યો હતો, તે ઉચિત જ હતું.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લોકો જન્મોત્સવના અર્થને ન જાણીને પણ તેને મનાવે છે, તેથી બાળકને અત્યંત ખેદ થઈ રહ્યો હતો. "માતા-પિતા બંને જન્મજયંતી મનાવીને મને અશરીરી–મુક્ત થવા માટે જાણે કે પ્રેરણા આપી રહ્યા છે–ઉત્સાહિત કરી રહ્યા છે, તો હું મુક્તિમાર્ગને સહર્ષ સ્વીકાર કેમ ન કરું? આવા તીવ્ર વૈરાગ્યના વિચાર મનમાં ફરી-ફરી ઉત્પન્ન થઈ રહ્યા હતા.

"માતાએ તો મને ઘોડિયામાં અધ્યાત્મના મુક્તિપ્રદાયક સંસ્કાર આપ્યા છે કે જે અમિટ છે. "शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि। संसारमायापरिवर्जितोऽसि।।" આ રીતે, મને મારા શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન કરાવીને મારા ઉપર માતાએ મહાન ઉપકાર કર્યો છે. પોતાના બાળકોના સુકોમળ, નિર્દોષ અને પવિત્ર મન ઉપર બાળપણમાં પ્રારંભથી સદાચાર અને મુક્તિમાર્ગના સંસ્કાર આપવાવાળા જ સાચા માતા-પિતા છે. આવા વિવેકી, દૂરદર્શી અને ધાર્મિક માતા-પિતાને કારણે જ બાળકોનો દુર્લભ માનવ-જન્મ સફળ તથા ધન્ય બને છે. તેમણે તો મને વિવાહ આદિ સંસારના માયાજાળમાં ઉલઝતા પહેલાં મને સાવધાન કર્યો છે, મને મારા વાસ્તવિક કર્તવ્યનો બોધ આપ્યો છે. તેથી મારી આ ભાવના છે કે આ માતા-પિતા મારા અંતિમ માતા-પિતા ન બની શકે તો ઉપાંત્ય (અંતિમથી પહેલાંવાળા) માતા-પિતા તો બને! હું તો ફરી કોઈને માતા-પિતા બનાવવા ઈચ્છતો જ નથી.

મેં અનાદિકાળથી અનેક જીવોને માતા-પિતા બનાવીને તેમને રોવડાવ્યા, કષ્ટ આપ્યું અને તેમના માધ્યમથી જાણે કે ભિખારી વૃત્તિથી પર પદાર્થોનો દાસ બનતો રહ્યો, જન્મ-મરણ આદિ દુઃખોથી સંત્રસ્ત થતો રહ્યો. આ પ્રાપ્ત દુઃખ-પરંપરા મારા અજ્ઞાનનું જ ફળ છે. આ દુઃખની જવાબદારી બીજા કોઈની નથી. મારા અજ્ઞાનને મારે સ્વયં જ છોડવું પડશે, તે જ સુખી થવાનો તથા

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મહિતનો એકમાત્ર ઉપાય છે. અનંત સિદ્ધોએ પણ આ જ માર્ગનું અવલંબન લીધું હતું.

"કોઈપણ માતા-પિતા પોતાના પુત્રને તપોવનમાં હસતાં-હસતાં નથી મોકલતા, તેમ છતાં આ મારા માતા-પિતા આદર્શ છે, મારા વાસ્તવિક તથા શાશ્વત હિતના ઈચ્છુક છે. મારા તપોવનમાં જવાથી તેમને તાત્કાલિક દુઃખ તો થશે જ પરંતુ..... આ રીતે, વિચારપૂર્વક નિર્ણય કરીને અગિયારમા વર્ષમાં પદાર્પણ કરવાવાળા પદ્મપ્રભે મુનિપદમાં પદાર્પણ કરવાનો વિચાર માતા-પિતાની સામે દૃઢતાપૂર્વક રાખ્યો.

પુત્રના વિચારને સાંભળતાં માતા-પિતાના મનમાં ભયાનક ધક્કો લાગ્યો. આ બાળક આટલી નાની ઉંમરમાં જ આવો અતિ કઠોર નિર્ણય લેશે એમ તેઓએ સ્વપ્નમાં પણ વિચાર્યું ન હતું. બહુ લાંબા સમય બાદ પુત્રપ્રાપ્તિની અભિલાષા પૂર્ણ થઈ હતી, તેનો વિયોગ સહન કરવા માટે તેમનું મન તૈયાર ન થયું. માતા-શાંતલાએ અતિ કરુણ સ્વરમાં ભયભીત થતા કહ્યું કે—

"પ્રિય પુત્ર! આ બાલ્યાવસ્થામાં કોઈપણ તીર્થંકર મહાપુરુષે સંન્યાસ ધારણ નથી કર્યો."

"માતા! આપ કોનું આયુષ્ય ગણી રહ્યા છો? આયુષ્ય આત્માનું હોય છે કે મનુષ્યપર્યાયનું? મનુષ્ય અવસ્થાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો પણ આઠ વર્ષ પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનું સામર્થ્ય મનુષ્ય અવસ્થામાં છે એવું શાસ્ત્રનું વચન છે. આવી અવસ્થામાં હવે હું શું નાનો છું? આત્મસિદ્ધિ તથા કોઈપણ ધાર્મિક કાર્ય માટે જ તીર્થંકર આદિ મહાપુરુષોના આદર્શનું અવલોકન કરવામાં આવે છે, અન્ય વિષય-કષાય આદિના પોષણ માટે નહીં."

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



"આચાર્ય અનંતવીર્ય મહામુનિશ્વર દ્વારા કહેવામાં આવેલું ભવિષ્ય સાકાર થઈ રહ્યું છે, પુત્ર!"

"તેથી હે પિતા! હું કહું છું કે ભવિષ્યનો તિરસ્કાર કરવો—નકાર કરવો પુરુષાર્થ નથી."

"પુત્ર! તારા વિયોગના વિચારથી અસહ્ય દુઃખ થઈ રહ્યું છે, તો પછી પ્રત્યક્ષમાં વિયોગ થઈ જતાં......"

"માતા! આ દુઃખ શાશ્વત નથી. તમારા બંનેના ઉદાત્ત મનની સ્વાભાવિક ઉદારતાને હું જાણું છું. તમે મને હસતાં-હસતાં વિદાય આપો."

"વિરહની વેદના અસહ્ય છે, પુત્ર!"

"ક્ષમા કરો માતા! વિરક્તિના વિશાળ મેદાનમાં સ્થિત ભગવાન મને પોતાની સાથે રહેવા માટે બોલાવી રહ્યા છે. હું તેમની ઉપેક્ષા ન કરી શકું."

પદ્મપ્રભની આંતરિક ધ્વનિમાં દૃઢ નિશ્ચય હતો.

"પ્રિય પુત્ર! આ ઘર તારા જવાથી આજે કાંતિવિહિન થઈ જશે."

આ રીતે, ગદ્‌ગદ્ કંઠથી કહેતી માતા શાંતલાદેવી મોહવશ ખૂબ જ રોઈ પડી.

"બસ કરો માતા! હવે છોડી દ્યો. મોહથી મોહવશ બનીને પોતાની ઉદાતતા છોડવી સારી ન લાગે—શોભાદાયક ન લાગે. તમે બંનેએ જ તો મને વસ્તુસ્વરૂપનું અને શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન આપીને મહાન ઉપકાર કર્યો છે, તે હું જીવનપર્યંત નહીં ભૂલું."

"ઠીક છે પુત્ર! જાઓ, તમારું કલ્યાણ થાઓ!"

"પૂજ્ય માતાજી-પિતાજી! હું નમસ્કાર કરું છું, મને આશીર્વાદ આપો."

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



"શુદ્ધાત્મસ્વભાવના અનુભવ દ્વારા કર્મોને જીતીને ભવથી રહિત થઈ જજે. જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર રહેશે, ત્યાં સુધી સંસાર તારું સ્મરણ કરતું રહેશે." આ રીતે, બંનેના હૃદયના અંતઃસ્થળથી પોતાના હૃદયના ટુકડા પ્રિયપુત્ર પદ્મપ્રભને વિદાય આપતા સમયે અંતિમ હાર્દિક આશીર્વાદ આપ્યા.

તે વૈરાગ્ય સંપન્ન બાળકે દિગંબર દીક્ષા લેવા હેતુ ત્યાંથી પ્રસ્થાન કર્યું. શેઠ ગુણકીર્તિ અને માતા શાંતલાદેવી બંને ન જાણે કેટલા સમય સુધી ત્યાં જ અચળ-અબોલ ઊભા રહ્યા, પદ્મપ્રભની પીઠને આંસુભર્યા નેત્રો દ્વારા જોતાં રહ્યા.

સુકોમળ શરીરધારી વૈશ્ય પુત્રએ હજી અગિયાર વર્ષ પણ પૂરા કર્યા ન હતા, પરંતુ બાલ્યાવસ્થામાં જ આત્માની અંતરધ્વનિ સાંભળીને સંસારોત્પાદક ત્રણ શલ્યોથી રહિત થઈને અને માતા-પિતાના કરુણ રૂદનથી પણ વિચલિત ન થઈને ઘર છોડીને ચાલી નીકળ્યો. એ દીક્ષાર્થી અનેક ગામ, નગર, વન, ઉપવનને લાંઘીને ભ્રમણ કરતો દક્ષિણ દિશાના નીલગિરિ પર્વત ઉપર પહોંચી ગયો. ત્યાં બિરાજમાન મુનિરાજથી[૧] યથાજાતરૂપ દિગંબર જૈન સાધુની દીક્ષા ધારણ કરી. દીક્ષા બાદ ગુરુએ તેના ઘરના નામ પદ્મપ્રભને થોડું બદલીને 'પદ્મનંદી' નામ આપ્યું. તે દિવસથી જ પદ્મપ્રભ 'પદ્મનંદી' નામથી પ્રસિદ્ધ થયા.

મુનિ પદ્મનંદી દિગંબર જૈન સાધુએ અસંખ્યાત તીર્થંકર તથા અનંત મહામુનિશ્વરો દ્વારા પ્રતિપાદિત સનાતન, યથાર્થ ધર્મમાર્ગનો સ્વીકાર કર્યો. એક માત્ર સ્વાત્મકલ્યાણ જ જીવનનું સર્વસ્વ બનાવ્યું હતું. માત્ર આત્મહિત માટે જ સ્વીકૃત દીક્ષાને અંતર્બાહ્યદૃષ્ટિથી યથાસંભવ નિર્મળ, ઉદાત્ત, યથાર્થ અને સર્વોત્કૃષ્ટ બનાવવા માટે જ

૧. ઈ.સ. પૂર્વ ૯૭. દીક્ષાદાયક ગુરુનું કોઈ નિશ્ચિત નામ મળતું નથી.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેઓ ફક્ત મનન, ચિંતન જ નહીં, પરંતુ પ્રત્યક્ષ અપૂર્વ પુરુષાર્થ કરતાં હતા.

બાલ્યાવસ્થામાં યથાજાતરૂપ મુનિધર્મ ધારણ કરીને 'પદ્મનંદી' મુનિ મહારાજ પોતાના ગુરુના આદેશ અનુસાર કેટલાક મુનિજનોની સાથે સર્વત્ર વિહાર કરતાં હતા. અનેક રાજા, મહારાજા, રાજકુમાર, રાજશ્રેષ્ઠી, શ્રાવક, શ્રાવિકા અને વૃદ્ધ મુનિ મહારાજ સહૃદય તેનું સદાય સન્માન કરતાં હતા. પરંતુ પદ્મનંદી મુનિરાજને કોઈના ઉપર રાગ-દ્વેષ ન હતો. તેઓ તો સમદર્શી મહાશ્રમણ કે સંન્યાસી બની ચૂક્યા હતા.

સિદ્ધ પરમેષ્ઠી અનંત સુખાદિ સંપન્ન સર્વોત્કૃષ્ટ ભગવાન છે, તેઓ સંસારી જીવો માટે સાધ્યરૂપ આત્મા છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠી સર્વોત્તમ, પૂર્ણ સુખપદના સાધક છે. અરિહંત, સિદ્ધ અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ—આમાં અંતર માત્ર પૂર્ણતા અને અપૂર્ણતાની અપેક્ષાએ છે. અરિહંત, સિદ્ધ પરમેષ્ઠી સ્વ શુદ્ધાત્માનું અવલંબન પૂર્ણરૂપથી લે છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આંશિકરૂપથી લે છે, પરંતુ બધા જ માત્ર શુદ્ધાત્માનું જ અવલંબન લે છે. ધ્યાન માટે ધ્યેયરૂપથી બનેલો સ્વશુદ્ધાત્મા પ્રત્યેકનો ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ શુદ્ધાત્માના સ્વરૂપમાં કિંચિત્ માત્ર પણ અંતર નથી તથા પંચ પરમેષ્ઠીને પ્રાપ્ત થવાવાળો વીતરાગમય આનંદદાયક સ્વાદ પણ બધા જીવોને એક જ જાતિનો મળે છે, પછી ભલે ભૂમિકા અનુસાર સ્વાદની માત્રામાં અંતર હોય.

પંચ પરમેષ્ઠીઓમાં ત્રણ પરમેષ્ઠીરૂપ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) મુનિધર્મ શુદ્ધોપયોગમય છે. શુદ્ધોપયોગમાં સ્વશુદ્ધાત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. આ અનુભવ આનંદમય છે અને આ જ ધર્મ છે. શુદ્ધોપયોગ મુનિરાજે કરવો પડે છે એમ નથી. કારણ કે જેવી રીતે શ્વાસોચ્છ્વાસ મનુષ્યશરીરનું સ્વાભાવિક કાર્ય

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, તેવી જ રીતે મુનિ જીવનમાં શુદ્ધોપયોગ સ્વાભાવિકરૂપથી થાય છે. સંક્ષેપમાં કહીએ તો શુદ્ધોપયોગ, શુદ્ધ પરિણતિ, વીતરાગતા, સમતાભાવ, સંવર-નિર્જરારૂપ સુખમય પરિણામ, આંશિક મોક્ષનું નામ જ મુનિધર્મ છે.

મુનિધર્મમાં અમુક-અમુક ક્રિયાઓ અને વ્રતાદિ કરવા જોઈએ એવું કથન વ્યવહારનયથી શાસ્ત્રોમાં આવે છે તેમ છતાં કોઈપણ ધાર્મિક ક્રિયાઓ હઠપૂર્વક કરવી મુનિધર્મમાં સ્વીકૃત નથી. જેઓ આત્માની સતત સાધના, આરાધના અને આશ્રય કરે છે, તે જ સાધુ છે. એવો તે આત્મસાધક નિર્વિઘ્ન આત્મસાધના માટે વન-જંગલમાં જ વાસ કરે છે. એટલું જ નહીં, અહિંસા આદિ પાંચ મહાવ્રત, ઈર્યા આદિ પાંચ સમિતિ, પંચેન્દ્રિય નિગ્રહ, કેશલોંચ, ષટ્ આવશ્યક ક્રિયા, નગ્નતા, અસ્નાન, ભૂમિશયન, અદંતધોવન, ઊભા-ઊભા આહાર લેવો, દિવસમાં એકવાર ભોજન—આ અઠ્યાવીસ મૂળગુણોનું નિર્દોષ પાલન મુનિશ્વરોના જીવનમાં અનિવાર્યરૂપથી હોય જ છે.

આ ૨૮ મૂળગુણોથી અતિરિક્ત સાધુઓને ઉત્તરગુણોનું, અનશન આદિ બાહ્યાભ્યંતર તપોનું પણ પાલન દૃઢતાપૂર્વક કરવું જોઈએ. આ પ્રકારનો શ્રમણધર્મ જિનેન્દ્ર ભગવાને કહ્યો છે. આવો ઉપદેશ પદ્મનંદી મુનિ મહારાજ સાધુ અને શ્રાવકોને આપતા હતા.

મહા હિંસક પશુઓના નિવાસસ્થાન ગિરિપર્વત-ગુફાઓમાં, ભયાનક સ્મશાનભૂમિમાં ધ્યાન લગાવતા હતા અને શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા આદિ ૨૨ પરિષહો ઉપર વિજય પ્રાપ્ત કરતાં હતા. મુખ્યરૂપથી તો પોતાના ચિદાનંદઘન શુદ્ધાત્મસ્વરૂપમાં નિમગ્ન રહેતા થકા અનુપમ આનંદનો અનુભવ કરતાં હતા. સાધુની ષટ્ આવશ્યક ક્રિયાઓમાં સહજ પ્રવૃત્તિ રહેવા છતાં પણ આત્મસ્થિરતા દ્વારા વીતરાગતા વધે એ ભાવનાથી નિર્બાધ સ્થાનમાં—એકાંતમાં

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિશેષ આત્મસાધના કરીને અપૂર્વ સમતારસનું પાન કરતાં હતા અને તેમના અમૃતમય વચનોથી જિજ્ઞાસુ-ધર્મલોભી યાચકગણ પણ લાભાન્વિત થતો હતો.

સાધુ જ્યારે ગુપ્તિરૂપ વિશેષ ધર્મકાર્યમાં સંલગ્ન નથી થતા ત્યારે સાવધાનીપૂર્વક સમિતિમાં પ્રવૃત્તિ કરે છે. સમિતિમાં સાવધાન રહેતાં થકા પણ બાહ્યમાં કોઈ જીવનો ઘાત થઈ જાય તો પણ પ્રમાદના અભાવથી હિંસક માનવામાં આવતા નથી. માત્ર દ્રવ્યહિંસા તે હિંસા નથી, પરંતુ અસાવધાનીપૂર્વક પ્રવૃત્તિ અર્થાત્ જીવન પ્રમાદ સહિત બનવાથી રાગાદિ વિકારી પરિણામોના સદ્ભાવથી પ્રાણોનો ઘાત ન થવા છતાં પણ પ્રમાદી જીવ હિંસક—વિરાધક સિદ્ધ થાય છે. શુદ્ધાત્મસાધનામાં સાવધાન સાધક રાગાદિ વિકારોથી રંજિત નથી થતા. પાણીમાં ડૂબેલા કમળની જેમ સાધક કર્મબંધનોથી નિર્લિપ્ત રહે છે. શુદ્ધોપયોગ—શુદ્ધ પરિણતિરૂપ વીતરાગ પરિણામસ્વરૂપ અહિંસાથી સાધકનું જીવન અલૌકિક બને છે. આ રીતે, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજીને મુનિગણ અલૌકિક આનંદની સાથે જીવન વ્યતીત કરે છે.

ફક્ત કઠોર વ્રતાચરણ અને કાયક્લેશથી ધર્મ નથી થતો. ધાર્મિક મનુષ્યોના જીવનમાં કઠોર વ્રતાચરણ અને કાયક્લેશ જોવા મળે છે, તે વાત સત્ય છે, તે ધર્મના માત્ર બાહ્ય અંગ છે. અંતરંગમાં ત્રિકાળી શુદ્ધ સ્વભાવી જ્ઞાયક આત્માનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વાસ્તવિક ધર્મ થાય છે, અંતરંગ ધર્મની સાથે બાહ્ય વ્રતાદિરૂપ ધર્મ જ્ઞાનીનોને માન્ય રહે છે.

પરપદાર્થ વિષયક રાગ-દ્વેષના કારણે નિત્ય સુખસ્વભાવી આત્મા સતત દુઃખી થઈ રહ્યો છે. દુર્લભ માનવપર્યાય પ્રાપ્ત કરીને પણ પરમાત્મા બનવાના ઉપાયનું અવલંબન ન કરવાથી જીવન વ્યર્થ જઈ રહ્યું છે. અણમોલ જીવન કોડીની કિંમતનું બની રહ્યું છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે પરમાત્મસ્વરૂપી પોતાના આત્માની ઉપાસના-આરાધના કરે છે, તેનું જીવન સાર્થક છે, ધન્ય છે!

દીક્ષા ગ્રહણ પછી અખંડરૂપથી ૩૩ વર્ષ સુધી નિજ સ્વભાવની સાધનામાં નિરત મુનિરાજ પદ્મનંદીએ સ્વાનુભવ પ્રત્યક્ષથી ઉત્પન્ન સાચા સુખને ભોગવતા થકા દક્ષિણ અને ઉત્તર ભારતમાં મંગળ વિહાર કર્યો. વિહારમાં સંજ્વલન કષાયના તીવ્ર ઉદયથી સંઘસ્થ સાધુજનોને અને વનજંગલમાં દર્શનાર્થે આવેલા શ્રાવક-શ્રાવિકાને યથાર્થ તત્ત્વોપદેશ તથા ધર્મોપદેશ પણ આપતા હતા. તેમનો સુમધુર, પ્રભાવી, ભવતાપનાશક તથા યથાર્થ ઉપદેશ સાંભળીને અને નિર્મળ, નિરાબાધ, પરિશુદ્ધ આચરણ જોઈને સંપૂર્ણ ભારતદેશના શ્રમણ (સંન્યાસી) સમૂહ પણ તેમનાથી વિશેષ પ્રભાવિત થતાં હતા અને તેમની મનમાં ને મનમાં જ હાર્દિક પ્રશંસા કરતાં હતા.

ઊભા થાય તો આત્મા, બેસે તો આત્મા અને જેમના હૃદયનું પરિસ્પંદન પણ આત્મામય થઈ ગયું હતું, તે શ્રમણકૂળતિલક મુનિપુંગવને જોઈને વેશધારી સાધુઓના હૃદયમાં ભયથી કંપન થતું હતું અને પોતાના આ ભયને તેઓ સામાન્યજનોથી છુપાવી પણ શકતા ન હતા. આ રીતે, તે પદ્મનંદી મુનિરાજ પરમ વીતરાગ સત્યધર્મની સાકાર મૂર્તિ જ બની ગયા હતા. શ્રમણ પરંપરાના સર્વશ્રેષ્ઠ સાધક સમતા પરિણામના કારણે બધાના મનમાં સમાન રીતે પ્રશંસા યોગ્ય થઈ ગયા હતા. આવા મુનિપુંગવ પદ્મનંદીને મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા ચતુર્વિધ સંઘે ઈ.સ. પૂર્વે ૬૪મા આચાર્યપદ પર સ-ઉત્સાહ પ્રતિષ્ઠિત કર્યા[૧] અને પોતાના આ

---

૧. પ્રો. હાર્નલે દ્વારા સંપાદિત નંદીસંઘની પટ્ટાવલીને આધારે એમ જ્ઞાત થાય છે કે આચાર્ય કુંદકુંદદેવ વિ.સં. ૪૯, માગશર વદ-૮ના ગુરુવારના દિવસે આચાર્ય પદ પર પ્રતિષ્ઠિત થયા. ૪૪ વર્ષની અવસ્થામાં આચાર્યપદવી પ્રાપ્ત થઈ. આગળ પણ ૫૦ વર્ષ ૧૦ મહિના અને ૧૫ દિવસ સુધી

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કાર્યથી ચતુર્વિધ સંઘ પણ સ્વયં સન્માનિત થઈ ગયો. તે સમયે આચાર્ય પદ્મનંદી મહારાજનું આયુષ્ય ૪૪ વર્ષનું હતું.**

**આચાર્ય પદવી ઉપર આરૂઢ થયા બાદ તેમનું નામ ચારેય દિશાઓમાં ફેલાઈ ગયું. તે સમયે તેમનું નામ પદ્મનંદીના સ્થાને, જન્મસ્થાન કોંડકુંદપુરના અન્વર્થરૂપથી કોંડકુંદ અને ઉચ્ચારણ સુલભતાના કારણે કુંદકુંદ થયું. ષટ્પ્રાભૃતના સંસ્કૃત ટીકાકાર શ્રુતસાગરસૂરિએ તેમને પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, ઐલાચાર્ય અને ગૃદ્ધપિચ્છાચાર્ય—આ પ્રકારે પાંચ નામથી નિર્દેશિત કર્યા છે.**

**નંદીસંઘથી સંબંધિત વિજયનગરના પ્રાચીન શિલાલેખમાં (અનુમાનિત કાળ ઈ.સ. ૧૩૮૬) ઉપર્યુક્ત પાંચેય નામ કહેવામાં આવ્યા છે. નંદીસંઘની પટ્ટાવલીમાં આ ઉપર્યુક્ત પાંચેય નામ નિર્દિષ્ટ છે.**

**પંચાસ્તિકાયની ટીકામાં જયસેનાચાર્યએ પણ પદ્મનંદી આદિ પાંચેય નામોનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ અન્ય શિલાલેખોમાં પદ્મનંદી, કુંદકુંદ અથવા કોંડકુંદ આ પ્રકારે બે નામ જ મળે છે. ઈન્દ્રનંદિ આચાર્યએ પદ્મનંદીને કુંદકુંદનગરના નિવાસી કહ્યા છે. શ્રવણબેલગોલાના અનેક શિલાલેખોમાં તેમને કોંડકુંદ કહેવામાં આવ્યા છે.**

---

આચાર્યપદ પર પ્રતિષ્ઠિત રહ્યા હતા. તેમનું કુલ આયુષ્ય ૯૫ વર્ષ ૧૦ મહિના અને ૧૫ દિવસનું હતું.

પ્રો. એ. ચક્રવર્તીએ પણ પંચાસ્તિકાયની પ્રસ્તાવનામાં આ જ અભિપ્રાય વ્યક્ત કર્યો છે.

ડૉ. એ. એન. ઉપાધ્યાયે પણ કહ્યું છે, ''ઉપલબ્ધ સામગ્રીઓના વિસ્તૃત વિમર્શ બાદ કુંદકુંદ આચાર્યનો કાળ ઈ.સ.નો પ્રારંભિક કાળ હોવો જોઈએ એવું મારું માનવું છે.''—પ્રવચનની પ્રસ્તાવના, પૃષ્ઠ-૨૨

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંસારથી વિરક્ત વીતરાગી સાધુઓના માતા-પિતાના નામ શિલાલેખોમાં ક્યાંય મળતા નથી (શાસ્ત્રોમાં નામ મળે છે). કારણ કે એમના નામોને શિલાલેખોમાં સુરક્ષિત રાખવા અને લિપિબદ્ધ કરવાની પરંપરા પ્રાયઃ નથી. આ જ કારણથી બધા આચાર્યોના માતા-પિતાના સંબંધમાં ઐતિહાસિક આધાર મળતો નથી. ગુરુઓના નામ તો કોઈ ને કોઈ રૂપમાં ઉપલબ્ધ થાય છે, પરંતુ પરમ વીતરાગી જિનમુદ્રાધારી અને લૌકિક જીવનથી અત્યંત નિસ્પૃહ આચાર્ય કુંદકુંદદેવના ગુરુનું નિશ્ચિત નામ નથી મળતું.

આચાર્ય કુંદકુંદ દ્વારા લિખિત ''सीसेण भद्दबाहुस्स[1]'' (બોધપાહુડ, ગાથા-૬૧) આ ઉદ્ધરણથી તેમના ગુરુ ક્યા ભદ્રબાહુ હતા તે સ્પષ્ટ નથી થતું. આ મહામુનિરાજને તો પોતાના આત્મકલ્યાણથી અતિરિક્ત કોઈની પણ આવશ્યકતા ન હતી એવું જ પ્રતીત થાય છે.

મુનિશ્વર શુદ્ધોપયોગરૂપ પરમસુખદાયક અવસ્થાને છોડીને બહાર આવવા જ નથી ઈચ્છતા. કારણ કે મહાપુરુષ, પુણ્યમય શુભોપયોગમાં આવવું પણ મુનિધર્મનો અપવાદમાર્ગ માને છે. આવી સ્થિતિમાં આત્મિક જીવન વ્યતીત કરવાવાળા મહાપુરુષોને પોતાની જન્મભૂમિ, માતા-પિતા અને ગુરુ પરંપરા ઈત્યાદિનું સ્મરણ પણ કેવી રીતે હોઈ શકે? ફક્ત બાહ્ય ઘટનાઓને મહત્ત્વ આપવાવાળા સામાન્ય તુચ્છ લૌકિક પુરુષોને જ જન્મભૂમિ, માતા-પિતા આદિના નામ લખવાની આવશ્યકતા પ્રતીત થાય છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની અધિકતાથી પ્રધાનપદ પ્રાપ્ત કરીને તેઓ સંઘમાં નાયક થયા. તેઓ મુખ્યરૂપથી તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણમાં જ મગ્ન રહેતા હતા. ક્યારેક કોઈ ધર્મલોભી જીવની યાચના સાંભળીને રાગાંશના ઉદયથી કરૂણાબુદ્ધિ

૧. બોધપાહુડ ગાથા–૬૧

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થતાં ધર્મોપદેશ આપતા હતા. જેઓ સ્વયં દીક્ષાગ્રાહક બનીને આવતા હતા, તેમને દીક્ષા આપતા હતા, જેઓ પોતાના દોષ પ્રગટ કરતાં હતા, તેમને પ્રાયશ્ચિત્ત-વિધિથી શુદ્ધ કરતાં હતા. આ રીતે, સંઘનું સંચાલન કરતાં હતા.

વિભિન્ન પ્રાન્તોમાં વિહાર કરતા પાત્રજીવોને ઉપદેશ આપતા આચાર્ય કુન્દકુન્દદેવ પોન્નૂર ગામની પાસે પર્વત પર પહોંચ્યા. એજ પોન્નૂર પર્વતને તપોભૂમિના રૂપમાં પસંદ કરી મુનિસંઘને આસપાસ વિહાર કરવાનો આદેશ આપ્યો. સ્વયં એ જ પર્વતની એક અકૃત્રિમ ગુફામાં તપસ્યા કરવા બેસી ગયા. પક્ષોપવાસ, માસોપવાસ વિગેરે વ્રતાચરણ કરતા ઈન્દ્રિયો દ્વારા બાહ્ય વિષયોમાં પ્રવર્તમાન જ્ઞાનને અંતરમાં સમેટીને વિચાર કરતા હતા.

પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થવાવાળી આત્માની પર્યાયો, અવસ્થાઓ મારી નથી, એ વિભાવરૂપ નૈમિત્તિક ભાવ છે. તેનો હું કર્તા નથી. મોહ-રાગ-દ્વેષ આદિ સર્વ ભાવ વિભાવરૂપ છે. મારો સ્વભાવ માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે. પરદ્રવ્યમાં અહંકાર—મમકારભાવ દુઃખદાયક છે. ભ્રાન્તિ સ્વભાવરૂપ અને સુખદાયક કેમ થઈ શકે? હું તો સચ્ચિદાનંદસ્વરૂપી છું. હું સ્વયંના સુખદાયક, જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવના કર્તા-ભોક્તા બનીને સ્વરૂપમાં રમણ કરું.

આ રીતે, ભેદજ્ઞાનના બળથી યોગીવર્ય અપ્રમત્તદશામાં પહોંચતા હતા. ત્યાં શુદ્ધાત્માના રસનું આસ્વાદન કરીને આનંદિત થઈ જતા હતા. ફરી પ્રમત્તદશામાં આવતા હતા. ફરી-ફરી શુદ્ધાત્માના આશ્રયરૂપ તીવ્ર પુરુષાર્થ કરીને અપ્રમત્તદશામાં જતા હતા. આ રીતે, અંતરંગમાં તીવ્ર પુરુષાર્થની ધારા અખંડ ચાલતી હતી અને બાહ્યમાં જેવું પદ્માસન લગાવીને બેસતા હતા તેમાં કાંઈ ફેર પડતો ન હતો. તેઓ દર્શકોને પાષાણમૂર્તિ સમાન જ અચળ દેખાતા હતા.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાસ્તવિકરૂપથી જોવામાં આવે તો શરીરાદિ કોઈપણ પરદ્રવ્યની ક્રિયા આત્માએ આજ સુધી ક્યારે પણ કરી જ નથી, ભવિષ્યમાં પણ નહીં કરે અને વર્તમાનમાં પણ કરી રહ્યો નથી. તે કાર્ય આત્માની સીમાથી બહારનું છે. અજ્ઞાની પોતાની આ મર્યાદાનું ઉલ્લંઘન કરીને અન્યાયરૂપ વિચારથી જ દુઃખી થાય છે.

દિવસ-રાત, પક્ષ-માસ, એક પછી એક આવીને ભૂતકાળના ગર્ભમાં સમાઈ રહ્યા હતા, પરંતુ ભાવસમાધિમાં નિમગ્ન મુનિરાજ કુંદકુંદને સમાધિ ભંગ થઈ જતા ફરી ભાવસમાધિ માટે પુરુષાર્થ કરવાવાળા સમાધિસમ્રાટને આ બધાનું જ્ઞાન કેવી રીતે થાય? પોતાના દેહની જ જેમને ચિંતા ન હતી, તે મહાન પુરુષને આ લૌકિક પ્રપંચનું જ્ઞાન કેવી રીતે થાય? જ્યારે તીવ્ર પુરુષાર્થ મંદ પડતા તેઓ શુદ્ધોપયોગમાંથી શુભોપયોગમાં આવતા હતા ત્યારે વિચારતા હતા કે—

"અહો! આશ્ચર્ય આ જડ શરીરનો સંયોગ હજી પણ છે?"

કુંદકુંદ આચાર્ય ધ્યાનાવસ્થા—આત્મગુફામાંથી બહાર આવીને અને પત્થરની ગુફાથી પણ બહાર આવીને જ્યારે પર્વત તથા સુદૂર પ્રદેશ પર સહજ નિર્વિકાર દૃષ્ટિપાત કરતાં હતા ત્યારે સ્મૃતિપટલ પર મુનિસંઘનું ચિત્ર અંકિત પ્રતિભાસિત થતું હતું, તે સમયે શરીર માટે આવશ્યક અને ધ્યાનમાં નિમિત્તભૂત આહાર માટે નીકળવાનો વિકલ્પ ઊઠતો હતો. તત્ક્ષણ પર્વતથી નીચે ઊતરીને ચર્યા માટે પૌન્નુર ગામમાં ગમન કરતાં હતા. આહાર કરતાં જ ધોમ તડકામાં જ ફરી પર્વત ઉપર પહોંચી જતાં હતા.

આહાર માટે કાલે ફરી નીચે ઉતરવું જ પડશે, તેથી પર્વત પર ન જઈને વચમાં જ ક્યાંક ધ્યાન માટે બેસુ એવો વિચાર મનમાં ક્યારેય પણ આવતો ન હતો. આજે આહાર લીધો છે, હવે પછી આહાર લીધા વિના જ નિરાહારી કેવળી બનવું છે—એવા ઉગ્ર

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પુરુષાર્થી ચિંતનની કાંતિ તેમના મુખ મંડળ ઉપર ઝલકતી હતી. ધન્ય! ધન્ય! મુનિજીવન!

એક દિવસ સહજ જ પશ્ચિમદિશામાં સ્થિત ગુફા તરફ ગમન કર્યું કે જેનો પ્રવેશદ્વાર નાનો છે અને જેની અંદર એક જ વ્યક્તિ પદ્માસન લગાવીને બેસી શકે છે, તેવી ગુફામાં જઈને ધ્યાનમાં બેસી ગયા. તીવ્ર પુરુષાર્થ કરીને ધ્યાન દ્વારા લૌકિક વિશ્વથી દૂરાતીદૂર અલૌકિક વિશ્વમાં પહોંચી ગયા, આત્માનંદ સાગરમાં ઊંડા ઊતરી ગયા. સિદ્ધ સમાન સ્વશુદ્ધાત્માના સહજ અતીન્દ્રિય આનંદનો સ્વાદ પ્રાપ્ત કર્યો. સાધ્યસાધકભાવનો અભાવ હોવાથી ભેદનો અભાવ કરીને અભેદ બની ગયા, તેમાં જ મગ્ન થઈ ગયા. એવા કાળમાં પૂર્વબદ્ધ પાપકર્મોનો સ્વયમેવ નાશ થઈ રહ્યો હતો, અનીચ્છાપૂર્વક જ સ્વયમેવ પુણ્યનો સંચય થઈ રહ્યો હતો. ધર્મ અર્થાત્ વીતરાગતા તો વધી જ રહી હતી, જ્ઞાનજ્યોતિનો પ્રકાશ પણ ફેલાતો ગયો. આ રીતે, સમ્યક્ તપાનુષ્ઠાનના સામર્થ્યથી યોગીશ્વર કુંદકુંદાચાર્યને અનેકાનેક ઋદ્ધિઓની પ્રાપ્તિ થઈ ગઈ. પરંતુ તેમને સહજ પ્રાપ્ત ઋદ્ધિઓનો મોહ ન હતો. વીતરાગી દિગંબર મુનિ મહારાજનું સ્વરૂપ આવું જ હોય છે.

ચાતુર્માસ સમાપ્ત થયા બાદ મુનિસંઘ સહજ જ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા. ગુરુદર્શનના સમયે સંઘસ્થ મુનિરાજોના જ્ઞાનમાં આવી ગયું કે આપણા ગુરુને અનેક ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. સંઘસ્થ મુનિરાજોમાં ગુરુ પ્રત્યે પહેલાંથી પણ વધારે ભક્તિભાવ વધવો સ્વાભાવિક જ હતો. તેઓ વિચારવા લાગ્યા, ‘‘આ આચાર્ય નથી, જાણે કે ભગવાન બની ગયા છે. નહીં... નહીં... પ્રત્યક્ષ ભગવાન જ છે. તેમની યોગશક્તિ, પ્રતિભા અને પવિત્રતાની સામે કોણ નતમસ્તક ન થાય? મલય દેશના રાજા શિવમૃગેશે આ મહાપુરુષના એક જ વાર દર્શન કરીને પોતાના

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરંપરાગત કુળધર્મનો ત્યાગ કરી જૈનધર્મનો સ્વીકાર કર્યો જ છે. તે રાજાના નિમિત્તે આચાર્ય મહારાજે 'તિરુક્કુરલ'[1] ગ્રંથની રચના કરી છે. ગ્રંથના પ્રારંભિક પદ્યથી જ શિવમૃગેશ રાજા મંત્રમુગ્ધ થઈ ગયો હતો. જેવી રીતે—

अगरमुदलवेलुत्तेला मादि।
भगवन् मुदरे युलगु॥

અર્થ :— જેવી રીતે અક્ષરોમાં અકાર પ્રથમ છે, તેવી જ રીતે લોકમાં (આદિનાથ)ૠષભદેવ ભગવાન પ્રથમ છે.

वेण्डुदल वेण्डमैयिलानडि शेरन्दार।
क्रियाण्डु मिड्डुमेयिल॥

અર્થ :— ભગવાનને કોઈ ઈષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી. તેમની ભક્તિ કરવાવાળા તેમના સમાન રાગ-દ્વેષ રહિત બની જાય છે અને તેઓ સદાય માટે દુઃખરહિત થઈ જાય છે.

मनत्तुक्कण भाशिलनादलनैतरन्।
आगुलनीर पिर॥

અર્થ :— મનમાં દોષ હોય તો કાય અને વચન પણ દોષયુક્ત થઈ જાય છે. બાહ્યમાં ધર્મકાર્ય કરવા છતાં પણ મનના દોષથી તે કાર્ય અધર્મરૂપથી પરિણમિત થઈ જાય છે. નિર્દોષ મનથી યુક્ત કાર્ય ધર્મ કહેવાય છે.

આ રીતે, મુનિસંઘ તિરુક્કુરલનું મહત્વ પોતાના મનમાં જ વિચારી રહ્યા હતા, એટલામાં જ ''રાજાધિરાજ, મલયદેશવલ્લભ, પલ્લવકુળ ગગનચંદ્ર, કુંદકુંદપાદપદ્મોપજીવી, સત્યપ્રિય શ્રી

૧. તિરુક્કુરસ જૈનાચાર્યની કૃતિ હોવા છતાં પણ કોઈ વિદ્વાન તેને કુંદકુંદની રચનાધર્મિતા સાથે સંબંધ જોડે છે. પરંતુ તેમાં એકમત નથી.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શિવસ્કંધવર્મા[1] મહારાજ પરાકુ–જય પરાકુ.''

એવો અવાજ નીલગિરિ પર્વતના ઘનઘોર વનમાં ગુંજી ઉઠ્યો અને પોન્નુર શિખરથી ભટકાઈને પ્રતિધ્વનિત થયો. આ અવાજ શિવસ્કંધવર્મા રાજાના આગમનની સૂચના આપી રહ્યો હતો.

પ્રાતઃકાળમાં આચાર્યદેવના સાનિધ્યમાં રહેવાવાળા મહા મુનિરાજ દશભક્તિનો પાઠ કરી રહ્યા હતા—

वीसं तु जिणवरिंदा, अमरासुरवंदिदा धुदकिलेसा।
सम्मेदे गिरिसिहरे, णिव्वाणगया णमो तेसिं॥

આ ગાથાનું ચોથું ચરણ ''णिव्वाणगया णमो तेसिं''. ઉચ્ચારણ કરતાં-કરતાં મુનિસંઘના મનઃચક્ષુની સામે સમ્મેદશિખરથી નિર્વાણપ્રાપ્ત વીસ તીર્થંકરોનું દિવ્ય ભવ્ય ચરિત્ર સાકાર થઈ જતું હતું અને તત્કાળ જ સર્વ મુનિરાજ નત-મસ્તક થઈ જતા હતા. સિદ્ધક્ષેત્રનો તે વિશિષ્ટ શાંત, પવિત્રપ્રદેશ તેમના મનમાં રેખાંકિત થઈ જતો હતો.

તે જ સમયે હેમગ્રામથી આવેલા શિવસ્કંધવર્મા અપરનામ શિવકુમાર રાજાએ પોતાના પરિવારની સાથે આવીને આચાર્યના ચરણકમળની વંદના કરી. આચાર્યશ્રીના સાન્નિધ્યમાં તે મહારાજ પૂર્વાંચલથી ઉદિત બાળ-ભાસ્કર સમાન મનોહર હોવા છતાં પણ નાના લાગતા હતા. આચાર્યશ્રીએ પહેલાં પોતાના મુનિસંઘ ઉપર અને પછી રાજા ઉપર પોતાની કૃપાદૃષ્ટિ ફેરવી, જાણે તે બધાને મૌન આશીર્વાદ જ આપ્યા હોય ! ત્યારબાદ, સામે દૂર સુધી શૂન્યદૃષ્ટિથી જોતા રહ્યા. આચાર્ય મહારાજના મુક સંકેત અનુસાર એક મુનિરાજે રાજાને પૂછ્યું—

૧. પ્રો. એ. ચક્રવર્તી પલ્લવવંશના શિવસ્કંધવર્મા રાજાને ટીકામાં નિર્દિષ્ટ શિવકુમાર માનીને તેમનો સમય ઈ.સ. પૂર્વ અડધી શતાબ્દી માને છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



"રાજન્! તમે પોન્નુર ગામથી જ આવ્યા છો ને?"

"હા ગુરુદેવ! કાલે રાત્રે હેમગામમાં જ મુકામ હતો, રોકાવું પડ્યું. હેગડેજીનો આગ્રહ હતો. નહીં, નહીં, મારા પાપનો ઉદય! એવી જ હોનહાર હતી. કાલે જ પર્વત ચડીને આપના દર્શન કરવાના ભાવ હતા, પરંતુ સૂર્યાસ્ત થઈ જવાથી...." આ રીતે, પોતાને અપરાધી માનતા રાજાએ સખેદ કહ્યું.

"આજે આચાર્યનો વિહાર થશે તે વાત આપ જાણતા જ હશો."

આ વાક્ય સાંભળતા જ શિવકુમારના હૃદયમાં ઝટકો લાગ્યો. કાંઈ બોલ્યા જ નહીં, તે રાજા પાસે બોલવાલાયક હતું પણ શું? કારણ કે તે જાણતા જ હતા કે ચાતુર્માસ સમાપ્ત થતાં સંઘનો વિહાર ક્રમ પ્રાપ્ત જ હતો, તેમ છતાં રાગવશ રાજા વિચારવા લાગ્યા—આ મલયદેશથી ધર્મ જ નીકળી જતાં અહીં શું શેષ રહેશે? આચાર્યનો સસંઘ વિહાર થવો અર્થાત્ ધર્મનું નિર્ગમન જ તો છે. ધર્માત્માના જવાથી અહીં શું શેષ રહેશે? ધન, વૈભવ, રાજ્ય, ઐશ્વર્ય બધું ધર્મના અભાવમાં નિરર્થક છે, વ્યર્થ છે. સાધુ અર્થાત્ સાક્ષાત્ ધર્મમૂર્તિથી જ ધરા સુશોભિત થાય છે.

અશ્રુપૂરિત નયનોથી રાજાએ આચાર્યશ્રી તરફ જોયું. આચાર્યશ્રીએ પણ ધર્મવાત્સલ્ય મુદ્રાથી રાજાને જોયો. તે જ સમયે મોહ પરિણામોને દૂર કરવામાં સમર્થ એવા ભાવગર્ભિત વચન આચાર્યના મુખમાંથી નીકળ્યા.

एगो मे सस्सदो अप्पा, णाणदंसण लक्खणो।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा॥

રાજા શિવસ્કંધવર્મા વર્ષાયોગમાં અનેકવાર વનમાં આચાર્યદેવના સાન્નિધ્યમાં આવ્યા હતા, તેમનાથી ધર્મલાભ પ્રાપ્ત કર્યો હતો. તેમના પ્રત્યક્ષ જીવન, ઉપદેશિત વીતરાગ ધર્મ,

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુતત્ત્વપરક કથન આદિથી તેઓ પ્રભાવિત હતા. ઘરમાં સ્વયં સાધર્મીઓની સાથે સ્વાન્તઃસુખાય પ્રવચનસાર અને પંચાસ્તિકાયનો સ્વાધ્યાય મનોયોગપૂર્વક કર્યો હતો. કઠિન વિષયોનું સમાધાન આચાર્યથી પ્રાપ્ત કરીને નિઃશંક થયા હતા. ભાવપાહુડ ગ્રંથનો પરિપૂર્ણભાવ સમજવાની તીવ્ર અભિલાષા હતી. તેથી ભાવપાહુડ ગ્રંથનો સ્વાધ્યાય શરૂ કર્યો હતો.

રાજાના માનસપટલ ઉપર ઉપર્યુક્ત ગાથાનો અમીટ પ્રભાવ હતો, તેથી ણમોકાર મહામંત્ર સમાન આ ગાથાના ભાવ પર અધિકતર ચિંતન-મનન કર્યા કરતાં હતા.

“જ્ઞાન-દર્શન-લક્ષણસ્વરૂપ શાશ્વત એક આત્મા જ હું છું, મારો છે અને શેષ બધા જ ભાવ બાહ્ય છે, સંયોગસ્વરૂપ પર છે.”

“અહો! સુખદ આશ્ચર્ય! મારા મનમાં ઉત્પન્ન થવાવાળા આ પુણ્યમય શુભભાવ પણ પર જ છે, ત્યારે પરદ્રવ્યો અને તેની અવસ્થાઓનો તો મારી સાથે સંબંધ કેવો? અને મારા હિત માટે તેનું મૂલ્ય પણ શું?”

આજે આચાર્યશ્રીની સામે પણ આ ગાથાનો ભાવ મનમાં પ્રગટ થઈ રહ્યો હતો. આ ગાથા તેમના હૃદયમાં પ્રવેશ કરીને સતત અપૂર્વ—અદ્‌ભુત પ્રેરણા આપી રહી હતી. અંતરંગના ઊંડાણથી કાંઈક નવું પરિવર્તન પણ બહાર આવવા માંગતું હતું. તેના પ્રગટ થતાં જ રાજાના બાહ્યાંગોમાં પણ સહજરૂપથી હલન-ચલન શરૂ થઈ ગયું. ગાથાના એક-એક પદના ઉચ્ચારણની સાથે શરીર પરથી એક-એક વસ્ત્રાભૂષણ નીકળવાના શરૂ થઈ ગયા.

સૂર્ય સમાન ચમકવાવાળા મસ્તકનું મનોહર રાજમુકુટ મસ્તકથી ઉતરી ગયું. સર્વાંગને આવૃત્ત કરવાવાળા જરતારી શોભાદાયક સફેદ વસ્ત્ર દૂર થઈ ગયું. ગળાની શોભા વધારવાવાળા

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નવરત્ન હારે પણ પોતાનું સ્થાન ત્યાગી દીધું. ધારણ કરેલી વજ્રની અંગૂઠી અને ભૂજકીર્તિ(બાજુબંધ) ઢીલા થઈને પડી ગયા.

આજે રાજાને ન જાણે ક્યા શુભ મુહૂર્તમાં પર્વતારોહણ કર્યું હતું! જાણે કે પર્વત ઉપર ચરણ રાખતા જ મોક્ષમાર્ગ આરોહણ પણ પ્રારંભ થઈ ગયો. ઉપસ્થિત નરનારી રાજાના આ ત્યાગમય જીવનનું વૈરાગ્યમય દશ્ય આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા હતા.

રાજા શિવસ્કંધવર્માની દીક્ષાગ્રહણ અને મુનિસંઘનો તામિલનાડુથી વિહાર કરવાના સમાચાર વિજળીવેગથી આસપાસના ગામોમાં ફેલાઈ ગયા. રાજા શિવસ્કંધવર્માના પ્રેમાગ્રહથી હજી થોડા દિવસ તામિલનાડુમાં રહી શકે છે, એવું સમજવાવાળા લોકોને રાજાની દીક્ષા ગ્રહણ કરવી નિરાશાનું કારણ બની ગયું. મુનિસંઘને રોકવા માટે આગ્રહ કરવાવાળા રાજા જ પરમ દિગંબર મુનિ બની તેમની પાછળ પડછાયા સમાન ચાલી નીકળ્યા તો હવે સંઘને કોણ રોકી શકતું હતું. આ કારણે રાજકુમાર, શ્રેષ્ઠીવર્ગ અને અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવોએ મુનિસંઘને રોકવાની પ્રાર્થના કરવા હેતુ પહાડ ઉપર ચડવાનું શરૂ કર્યું. સંઘસ્થ મુનિશ્વરોની સહજ દષ્ટિ પહાડ ચડવાવાળા જનસમૂહ તરફ ગઈ અને તેમના મનમાં વિચાર આવ્યો— જેવી રીતે રાજા શિવસ્કંધવર્માએ અકસ્માત્ દીક્ષા લઈને બધાને સુખદ આશ્ચર્યમાં નાખી દીધા, તેવી જ રીતે આશ્ચર્યકારક નવું શું થવાવાળું છે?

થોડા જ સમયમાં તે જન સમુદાય મુનિસંઘની નજીક આવી ગયો. આચાર્યવર ક્યારેક વિશ્વસ્વરૂપ પર ચિંતન કરી રહ્યા હતા. ક્યારેક ભાવનાલોકમાં વિચરણ કરી રહ્યા હતા. તો ક્યારેક શૂન્ય અને અનિમેષ દષ્ટિથી દૂર સુધી જોતા રહેતાં હતા. તેમનું મન સુપરિચિત ક્ષેત્રથી અત્યંત દૂર સાક્ષાત્ કેવળીદર્શન માટે ઉત્કંઠિત થતું રહેતું હતું.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



“પરંતુ છઠ્ઠાગુણસ્થાનવર્તી પ્રમત્તસંયત સાધુ ઔદારિક શરીરની સાથે પંચમકાળમાં વિદેહક્ષેત્રમાં કેવી રીતે જઈ શકે?” આમ વિચારીને તરત જ બીજો વિચાર એ પણ આવતો હતો કે કાળદ્રવ્ય તો પરમાણુમાત્ર છે, જડ છે. અજ્ઞાની અને પુરુષાર્થહીન લોકો જ કાળ આદિ પરદ્રવ્ય ઉપર પોતાની પુરુષાર્થહીનતાનો આરોપ લગાવે છે. આવો વિચાર યોગ્ય નથી. અસંયમના પરિહારપૂર્વક ચારણઋદ્ધિના માધ્યમથી ત્યાં જવું સંભવ છે.

આ દરમિયાન જનસમુદાયે આવીને મુનિસંઘની ભક્તિભાવથી વંદના કરીને પ્રાર્થનાની મુદ્રામાં આશાભરી દૃષ્ટિથી આચાર્યદેવના મુખકમળને નિહાળ્યું. ત્યારે વિશિષ્ટ ચિંતનમાં નિમગ્ન આચાર્ય મહારાજે ધ્યાન તૂટતાં પ્રશ્નભરી દૃષ્ટિથી શ્રાવક સમૂહ અને મુનિસંઘ તરફ દૃષ્ટિ કરી. આચાર્યશ્રીના ભાવને સમજીને ચિંતામગ્ન રાજકુમારે પોતાના સ્થાન ઉપર ઊભા રહીને નમ્રતાથી કરબદ્ધ થઈને નિવેદન કર્યું—

ભગવાન! દિગંબર મહાસંતોને થોડા દિવસ અહીં જ રહેવા માટે, રોકવા માટે અયોગ્ય આ શ્રાવકસમૂહ આપના પ્રત્યે ભક્તિ તથા શ્રદ્ધાના કારણે યોગ્યાયોગ્યનો વિચાર ન કરીને વીતરાગતાને રાગથી પ્રાપ્ત કરવાનો અજ્ઞાન કરી રહ્યો છે. આપના તથા ધર્મની ઉપર અમારી વાસ્તવિક શ્રદ્ધા છે. અમારા માટે પણ એ જ શ્રેયસ્કર છે કે અમે પિતાશ્રી રાજા શિવસ્કંધવર્માના માર્ગનું અનુસરણ કરીએ. સાધુ–(આચાર્ય કુંદકુંદ) ઉપર સમર્પિત તેમનું મન સાધુત્વ ઉપર પણ સમર્પિત થયું તેથી તેઓ સ્વયં સાધુ બની ગયા; પરંતુ તેમના જેવો તીવ્ર પુરુષાર્થ કરવાનું સામર્થ્ય અમે અમારામાં નથી જોઈ રહ્યા. તેથી આપના ચરણકમળની ધૂળથી આ પર્વત પ્રદેશ હજી થોડા કાળ સુધી પવિત્ર થતું રહે અને અમારી પાત્રતાને પ્રેરિત કરતાં રહે એવું નમ્ર નિવેદન છે. આપની કૃપા થશે એવી આશા છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રમણસંઘ અને શ્રાવકસમૂહ આ નમ્ર નિવેદનને સાંભળી રહ્યા હતા, પરંતુ આચાર્યશ્રીની દૃષ્ટિ પૂર્વ દિશા તરફ કેન્દ્રિત હતી. રાજકુમારનું નિવેદન સમાપ્ત થતાં જ બધાની દૃષ્ટિ આચાર્યશ્રી તરફ આકર્ષિત થઈ. બીજી જ ક્ષણે આચાર્ય જે સ્થાને દૃષ્ટિ લગાવીને બેઠા હતા, બધા જ લોકોએ એ તરફ જોયું તો આકાશમાં થોડે દૂર પ્રકાશ જેવું દેખાયું. જિજ્ઞાસાથી તે તરફ જ અપલકદૃષ્ટિથી દેખતાં રહેતા તેજોમય મેઘ સમાન કોઈ અદ્ભૂત દૃશ્ય દેખાયું. શું આ સૂર્ય છે?—નહીં, નહીં. સૂર્ય તો અસ્તાચળ તરફ ઢળી રહ્યો છે. તો શું આ નક્ષત્રમંડળ છે?—નહીં. અહો આશ્ચર્ય! એકથી બે થઈ ગયા. એવું લાગી રહ્યું છે કે બે પ્રકાશના પુંજ આ તરફ જ આવી રહ્યા છે, જમીન ઉપર ઉતરી રહ્યા છે. નહીં, જમીનથી સ્પર્શ ન કરીને અદ્ધર જ છે. અહો! માનવ આકૃતિઓ! નહી, નહીં. મહામુનિ! નહીં, આ તો ચારણઋદ્ધિધારી મુનિયુગલ છે. ધન્ય....ધન્ય! તે મુનિ આચાર્યશ્રીની ગુફા તરફ જઈ રહ્યા છે. શ્રમણકુળતિલક આચાર્ય કુંદકુંદના દર્શનાર્થે આવ્યા હશે.

અહો! ચારણઋદ્ધિધારી મુનિરાજ પણ આ માનવ-મહર્ષિની વંદના કરી રહ્યા છે. અહો! તેમના તપની મહિમા કેટલી અપાર છે.

"ભગવાન! વિશ્વવંદ્ય! વન્દે વન્દે વન્દે!"

થોડો સમય મૌન ધારણ કરી આચાર્ય કુંદકુંદદેવે નિજમતિને અંતર્લીન કરી. "વિશ્વવંદ્ય, ભગવન્ આદિ મારા માટે પ્રયુક્ત વિશેષણ ઉપાધિઓ મારે યોગ્ય નથી. આ ઉપાધિઓ સંબોધનકર્તાની મહાનતાને દર્શાવે છે." આ રીતે, વિચાર કરીને આચાર્ય કુંદકુંદદેવે ચારણ મુનિઓની પ્રતિવંદના કરી. ચારણ મુનિઓએ તત્કાલ તેમને રોકીને કહ્યું—

"ભગવન્! આ શું?"

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



"કાંઈ નહીં, આ જ યોગ્ય છે."

"તેની આવશ્યકતા નથી, કારણ કે વિદેહક્ષેત્રસ્થ શ્રી સીમંધર તીર્થંકરદેવના સમવસરણમાં ગણધરદેવની ઉપસ્થિતિમાં આપના અભીક્ષ્ણ જ્ઞાનોપયોગની વિશિષ્ટ ચર્ચા સાંભળીને જ અમે આપના દર્શનાર્થે આવ્યા છીએ."

"પૂજ્યપાદ ગણધરદેવની શું આજ્ઞા છે?"

"પરમ સ્વતંત્ર વીતરાગ જૈનધર્મમાં દીક્ષિત વીતરાગી, દિગંબર મહામુનિશ્વરોની વચ્ચે બોધ્યબોધકભાવને છોડીને અન્ય કોઈ સંબંધને અવકાશ જ ક્યાં છે! આપ જેવાઓ માટે તેમની આજ્ઞાની શું આવશ્યકતા છે?"

ચારણમુનિદ્વય થોડા સમય સુધી મૌન રહ્યા, પછી નયન નિમિલિત કરીને થોડા સમય સુધી વિચાર કર્યો, પછી મુનિપુંગવની ભાવનાને જાણીને ગંભીરતાપૂર્વક નિર્ણયાત્મક રીતિથી કર્ણમધુર વાણીમાં બોલ્યા—

"શું આપને વિહરમાન તીર્થંકર સર્વજ્ઞ ભગવનના સાક્ષાત્ દર્શન કરવાની અભિલાષા છે?"

"મહાવિદેહક્ષેત્રમાં જવાની અભિલાષા તો તીવ્ર છે જ, પરંતુ...."

"પરંતુ શું? આપને ચારણઋદ્ધિ પ્રાપ્ત થઈ છે. ઋદ્ધિના અભાવમાં પણ આપ જેવા ભગવત્સ્વરૂપ માટે કયુ કાર્ય અસંભવ છે?"

આચાર્ય કુંદકુંદદેવને પ્રાપ્ત ચારણઋદ્ધિના સંતોષકારક સમાચાર આનાથી પહેલાં કોઈને પણ ખબર ન હતા. ચારણ મુનિઓના મુખકમળથી નીકળેલા આ વિષયને સાંભળીને શ્રાવક સમૂહ અને શ્રમણસંઘને અતિ આનંદ થયો. બધા વિચારવા લાગ્યા—

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



"આ ચાતુર્માસમાં આત્માની ઉગ્ર સાધનાના ફળસ્વરૂપ આ ઋદ્ધિ પ્રાપ્ત થઈ હશે. અસાધારણ આત્મ-આરાધનાનું ફળ આવું જ અદ્‌ભૂત હોય છે. તેમાં અજ્ઞાનીઓને જ આશ્ચર્ય થાય છે, જ્ઞાનીઓને નહીં. પરમોપકારી આચાર્ય પરમેષ્ઠીએ પોતાના તપના પ્રભાવથી પંચમકાળને ચોથાકાળ સમાન બનાવી દીધો છે. આ પ્રકારના સાધુસંતોથી સહિત ભારતભૂમિ પરમ પવિત્ર છે, ધન્ય છે."

જોતજોતામાં જ રત્નની પ્રભા સમાન એ ત્રણેય મહામુનિશ્વરોના શરીરની ચારે તરફ પ્રભાવલય ફેલાઈ ગયું, જાણે કે ઉષાકાલીન બાળભાસ્કરના સુખદ-સુંદર અને સ્વર્ણ-અરૂણ કિરણોથી પર્વત કંચનમય બની ગયો. આવી આશ્ચર્યકારી ઘટનાથી આ પર્વતને પોન્નૂરમલૈ—પોન્નૂરબેટ્ટ નામ મળ્યું હશે.[૧]

તે આભામંડળ તે જ રૂપમાં આકાશ તરફ વધ્યું અને વધતાં-વધતાં આગળ આગળ જ ચાલતું રહ્યું. તે પ્રભામંડળ ઘણે દૂર સુધી ગયું. પહેલાં તો તે ત્રણેય ઋષિશ્વર ત્રણ કાંતિમય રેખા સમાન પ્રતીત થઈ રહ્યા હતા, પછી બે અને પછી એક જ પ્રકાશપૂંજરૂપ દૃષ્ટિગોચર થઈ રહ્યા હતા. હવે તો તે પ્રકાશ માત્ર નક્ષત્રાકાર જ લાગવા લાગ્યો.

અંતમાં ચક્ષુરિન્દ્રિયના સામર્થ્યના અભાવથી અનંત આકાશમાં આકારરહિત નિરાકાર બનીને અદૃશ્ય થઈ ગયો. આ રીતે, ભૂમિગોચરી માનવીને મહાપુણ્યોદયથી એક અંતર્મુહૂર્ત સુધી સ્વર્ગીય સૌંદર્યના અવલોકનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આ આશ્ચર્યકારી, અદ્‌ભુત અને અપૂર્વ દૃશ્યને મૂક વિસ્મયથી જોવાવાળા શ્રાવકસમૂહ તથા સાધુસંઘને સ્વયમેવ સઉત્સાહ આચાર્ય કુંદકુંદના નામનો ત્રણ વાર ઉચ્ચ સ્વરમાં જયજયકાર કર્યો. આ

૧. 'પોન્ન' શબ્દનો અર્થ સોનું (કન્નડ અને તમિલ ભાષામાં), મલૈ=પર્વત (તમિલ ભાષામાં), બેટ્ટ=પર્વત (કન્નડ ભાષામાં).

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જયઘોષની ધ્વનિ ગિરિગુફાઓમાં ન સમાતી અનંત આકાશમાં ગુંજાયમાન થઈ ઊઠી.

જયઘોષ ધ્વનિની પ્રતિધ્વનિની સાથે જ અત્યંત કર્ણપ્રિય, લલિત, ગંભીર અને સ્પષ્ટ ધ્વનિતરંગ સાંજની શીતળ હવામાં ફેલાઈ ગઈ. આ ધ્વનિ પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ દશે દિશામાં સમાન રીતેથી ફેલાઈ ગઈ. દક્ષિણોત્તર ધ્રુવ પ્રદેશ પણ આ ધ્વનિથી અપરિચિત ન રહ્યા. આ મંદ, મધુર તથા સ્પષ્ટ ધ્વનિપ્રવાહને સાંભળવાવાળાના હૃદય કપાટ સહજ જ ખુલી ગયા. અપરિચિત સુંદર મનમોહક ધ્વનિ સાંભળીને બધા સ્વયમેવ મંત્રમુગ્ધ થઈ ગયા. આ પ્રતિધ્વનિએ સહજ જ નિમ્નાંકિત શ્લોકરૂપમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી.

मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो, जैनधर्मोऽस्तु मंगलम्॥ [१]

આ પ્રકારે આ જ્ઞાનગર્ભિત ભક્તિપરક શ્લોક ક્ષિતિજમાં ફેલાઈ ગયો. પોન્નુર પર્વત ઉપર બિરાજમાન મુનિસંઘના મુખકમળથી પણ આ જ શ્લોક ફરી ફરી મુખરિત થવા લાગ્યો કે જે આજે પણ ભવ્યોનો કંઠહાર બનેલો છે અને ભવિષ્યમાં પણ બનેલો રહેશે.

શ્લોકકર્તાના સંબંધમાં ન તો કોઈને જ્ઞાન હતું, ન તો જાણવાની ઉત્કંઠા હતી અને ન તો કર્તાને જાણવાનો લોભ હતો. હોય પણ શું કામ! સંઘમાં બધા જ દિગંબર મહા મુનિશ્વર આત્મરસના રસિક હોય છે. તેમને આ પ્રકારની અપ્રયોજનભૂત જિજ્ઞાસા હોતી નથી.

---

૧. मंगलं भगवदो वीरो, मंगलं गौतमो गणी।
मंगलं कोण्डकुंदाई, जेण्हधम्मोत्थु मंगलं।।

આ મૂળ પ્રાકૃત પદ ઉપર્યુક્ત રીતિથી સંસ્કૃત શ્લોકરૂપમાં પરિવર્તિત થયો છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આચાર્ય કુંદકુંદદેવે પંચમકાળમાં તીર્થંકર ભગવાનના સાક્ષાત્ દર્શન કર્યા. પૂર્વજ્ઞાત યથાર્થ આગમ જ્ઞાન, દિવ્યધ્વનિ સાંભળીને સ્પષ્ટ તથા વિશદ્તાને પ્રાપ્ત થયું અને આત્માનુભૂતિ પ્રગાઢતાને પ્રાપ્ત થઈ તથા જીવઉદ્ધારક અનાદિનિધન પરમ સત્ય તત્ત્વ લોકોને સમજાવ્યું અને લિપિબદ્ધ પણ કર્યું. આ શાસ્ત્રલેખનનું કાર્ય, વસ્તુતત્ત્વનો નિર્ણય કરીને આત્મહિતના માર્ગમાં સંલગ્ન થવામાં અભિલાષી ભવ્ય જીવો માટે એક માત્ર મહાન ઉપકારી ઉપાય છે. તેથી ભગવાન મહાવીર અને ગૌતમ ગણધર પછી આચાર્ય કુંદકુંદદેવને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે, તે ઉચિત જ છે.

આ આચાર્યને 'કળિકાળસર્વજ્ઞ' જેવા મહાન આદરસૂચક શબ્દોથી શાસ્ત્રોમાં સ્મરણ કરવામાં આવ્યા છે. આ તથ્ય આ વિશ્વાસને વધારે દૃઢતા પ્રદાન કરે છે કે ભરતક્ષેત્રમાં આચાર્યના વિચરણનો જે કાળ વિક્રમની પહેલી શતાબ્દી નિર્ધારિત કરવામાં આવ્યો છે, તેનાથી પણ તેમનો કાળ પ્રાચીન હોવો જોઈએ. સ્વયં આચાર્યએ પોતાના બોધપાહુડ ગ્રંથમાં પોતાને 'सीसेण या भद्दबाहुस्स'(ભદ્રબાહુના શિષ્ય) સંબોધિત કર્યા છે. તેથી આચાર્યનો અસ્તિત્વકાળ ઈ.સ. પૂર્વે હોવો જોઈએ એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે.[1]

બોધપાહુડ ગ્રંથની ૬૨મી ગાથામાં 'બાર અંગના જ્ઞાતા અને ચૌદ પૂર્વનો વિસ્તારથી પ્રવચન કરવાવાળા શ્રુતકેવળી ભગવાન

૧. મને લાગે છે કે આચાર્ય કુંદકુંદનો કાળ વિક્રમની પ્રથમ શતાબ્દીથી ઘણો જ પૂર્વનો હતો કારણ કે આચાર્ય દ્વારા રચિત કોઈપણ ગ્રંથમાં તેમણે પોતાનો પરિચય આપ્યો નથી, પરંતુ બોધપાહુડની ૬૧-૬૨મી ગાથાઓને વાંચ્યા પછી બોધપાહુડ શ્રુતકેવળી ભદ્રબાહુના શિષ્યની કૃતિ છે એમ જ્ઞાત થાય છે અને બોધપાહુડ આ ગ્રંથ આચાર્ય કુંદકુંદદેવની કૃતિ છે તે વિષય નિર્વિવાદ છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ શ્રુતકેવળી ભદ્રબાહુના શિષ્ય હતા. આ સ્થિતિમાં આચાર્ય કુંદકુંદનો સમય વિક્રમ શતાબ્દીથી ઘણા જ પહેલાંનો છે.

—શ્રી રામપ્રસાદ જૈન (અષ્ટપાહુડ ભૂમિકા, પૃ. ૭૮)

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભદ્રબાહુ (મારા) ગમકગુરુ જયવંત રહે!' આ રીતે આચાર્ય કુંદકુંદદેવે ઘોષણા કરી છે.[૧]

અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીને છોડીને જો બીજા જ મુનિ, આચાર્ય કુંદકુંદદેવના ગુરુ હોત તો તેઓ પોતાના ગુરુના રૂપમાં તેમનો નામોલ્લેખ અવશ્ય કરત. કારણ કે પોતાના વાસ્તવિક ગુરુને છોડીને શ્રુતકેવળી ભદ્રબાહુને પોતાના ગુરુના રૂપમાં ઘોષિત કરવા અને સ્વયં તેમના શિષ્ય ન હોવા છતાં પણ પોતાને શિષ્યનારૂપમાં ઘોષિત કરવા, પંચ મહાવ્રતનું પાલન કરવાવાળા આચાર્ય દ્વારા કેવી રીતે સંભવ બને? શું કામ કરે?

આચાર્યએ સ્વયં સમયસાર ગ્રંથના મંગલાચરણમાં કહ્યું છે કે 'वोच्छामि समयपाहुड़मिणमो सुदकेवली भणिदं' અર્થાત્ હું (કુંદકુંદ) શ્રુતકેવળી (ભદ્રબાહુ) દ્વારા કહેલું સમયપાહુડ કહું છું. આચાર્યદેવે સૂત્રપાહુડ ગ્રંથની ગાથા-૨૩માં કહ્યું છે, 'વસ્ત્ર ધારણ કરવાવાળા મુનિ ભલે પછી તે તીર્થંકર જ કેમ ન હોય તો પણ તેઓ મોક્ષ પ્રાપ્ત નહીં કરી શકે, કારણ કે નગ્ન દિગંબર વેશ જ મોક્ષમાર્ગ છે.'[૨]

તેવી જ રીતે આ જ સૂત્રપાહુડ ગ્રંથની ગાથા ૧૮માં કહ્યું છે, 'નગ્ન દિગંબર અવસ્થા અર્થાત્ યથાજાતરૂપ અવસ્થા ધારણ કરવાવાળા મુનિ જો તિલતુષમાત્ર પણ પરિગ્રહ ગ્રહણ કરશે તો તેઓ નિગોદમાં જશે.'[૩]

આ પ્રકારની ગાથાઓની રચનાનું કારણ ધાર્મિકક્ષેત્રમાં

---

૧. बारस अंगवियाणं चउदस पुव्वंग विउलवित्थरणं।
सुयणाणि भद्दबाहु गमयगुरु भयवओ जयउ॥

૨. णवि सिज्झइ वत्थधरो जिणसासणे जइ वि होइ तित्थयरो।
णग्गो वि मोक्खमग्गो सेसा उम्मग्गया सव्वे॥

૩. जहजायरूवसरिसो तिलत्तुसमित्तं ण गिहदि हत्थेसु।
जइ लेइ अप्पबहुयं तत्तो पुण जाइ णिग्गोदम्॥

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પન્ન મતભેદ અને સાધુ સમાજમાં વધતો શિથિલાચાર જ હોવો જોઈએ એમ લાગે છે.

ઈતિહાસ આ વાતની સાક્ષી છે કે અંતિમ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીએ 'ઉત્તર ભારતમાં બાર વર્ષનો અકાળ રહેશે' એવું પોતાના નિમિત્તજ્ઞાનથી જાણ્યું હતું. અનાદિકાળથી અખંડ ચાલી આવતી પવિત્ર દિગંબર સાધુ પરંપરાના સંરક્ષણ માટે સનાતન સત્ય વીતરાગ જૈનધર્મની સુરક્ષા માટે પોતાના સંઘના દિગંબર સાધુ શિષ્યોની સાથે તેમણે દક્ષિણ ભારતમાં પદાર્પણ કર્યું, પરંતુ કેટલાક દિગંબર મુનિ ભદ્રબાહુ આચાર્યની સાથે દક્ષિણમાં ન ગયા, ઉત્તર ભારતમાં જ રહ્યા. ઉત્તર ભારતમાં ભયાનક દુષ્કાળના કારણે દિગંબર સાધુ અવસ્થાનો નિર્વાહ થવો મુશ્કેલ થઈ ગયો. તેથી સાધુ અચેલ અવસ્થાનો ત્યાગ કરી સચેલક બની ગયા અને શ્વેત વસ્ત્રોનો અંગીકાર કરવા લાગ્યા. દુષ્કાળ સમાપ્ત થયા બાદ સ્વીકૃત વસ્ત્ર અને અન્ય શિથિલાચારનો ત્યાગ ન કર્યો અને ઉપરથી શિથિલાચારને જ ધર્મસ્વરૂપ પ્રાપ્ત થાય એવો પ્રચાર શરૂ કર્યો. આ માટે પ્રાચીન દ્વાદશાંગના નામે કલ્પિત શાસ્ત્રોની રચના કરવામાં આવી. મોક્ષપ્રાપ્તિનો શિથિલાચાર સહિતનો સુલભ માર્ગ સામાન્ય-જનોને સારો લાગવા લાગ્યો, તે કોઈ આશ્ચર્યની વાત પણ નથી.

સત્ય સનાતન વીતરાગ જૈન ધર્મ અને પરમ પવિત્ર તથા નિર્દોષ સાધુના આચાર ઉપર પ્રબળ આઘાત થઈ રહ્યો હતો, તે આચાર્ય કુંદકુંદને કેવી રીતે સ્વીકૃત થઈ શકે? આ વિકૃતિ દૂર થાય એવી ધર્મભાવના રોજબરોજ આચાર્યશ્રીના મનમાં બળવાન થતી જઈ રહી હતી. આવા સમયમાં ગુરુ શ્રુતકેવળી ભદ્રબાહુનો સ્વર્ગવાસ થઈ ગયો. તેથી આચાર્ય કુંદકુંદનું ઉત્તરદાયિત્વ વધી ગયું. ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત મૂળ સત્ય વસ્તુસ્વરૂપ લોકોના ગળે ઉતારવું અને તેને લિપિબદ્ધ કરવું તથા નિર્ગ્રંથ સાધુ પરંપરાને

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



યથાવસ્થિત સુરક્ષિત રાખવી અને ભવિષ્ય માટે વધારતા રહેવી..... આ વાતની અનિવાર્ય આવશ્યકતા આચાર્યને તીવ્રતાથી અનુભૂત થઈ. તેથી જનજાગૃતિ અને ધર્મપ્રચાર માટે પૂર્ણ ભારતમાં વિહાર કર્યો.

મૂળ અચેલ—નિર્ગ્રંથ પરંપરાને જનમાનસમાં સર્વોપરિ સ્થાન રહે એ ભાવનાથી સત્શાસ્ત્રોની રચના પણ કરી. સચેલ—શ્વેતામ્બર પરંપરાનો ખુલ્લેઆમ સ્પષ્ટ વિરોધ કર્યો. સમસ્ત અષ્ટપાહુડ ગ્રંથ એક દૃષ્ટિથી આચારસંહિતા જ છે. આ ગ્રંથનો વિષય જ મુનિરાજના આચાર-વિચાર, વિહાર, ચિંતન અને સ્વરૂપ જ છે. આ કારણે જ તે સમયે અષ્ટપાહુડ ગ્રંથ સચેલ પરંપરા માટે સમસ્યા બની ગયો હતો.

આચાર્ય કુંદકુંદદેવની મહિમા પ્રાચીનતા અને અર્વાચીનતા ઉપર સિદ્ધ થવાલાયક કૃત્રિમ-બનાવટી અને પરોપજીવી નથી. તેમની મહિમા તેમના પ્રતિપાદિત પરમ સત્ય અને સર્વથા નિરાબાધ વસ્તુસ્વરૂપ તથા સાક્ષાત્ આનંદદાયક પરમ અધ્યાત્મ ઉપર અધિષ્ઠિત છે. આચાર્ય દ્વારા પ્રરૂપિત અને તેમનાથી સ્વયં અનુભૂત માર્ગનો જીવનમાં જે કોઈ ઉપયોગ કરશે તે તો સ્વયં સુખી થશે જ અને અન્યજનોના સુખ સાધન માટે નિમિત્ત પણ બનશે, આ વસ્તુસ્થિતિ છે. તેનો અનુભવ પ્રત્યેક વ્યક્તિએ પોતાના જીવનમાં કરવો આવશ્યક છે. અહીં ઉધાર અને અંધશ્રદ્ધાનું કાંઈ કામ નથી.

આચાર્યદેવનો ચારણ મુનિયુગલની સાથે વિદેહક્ષેત્ર તરફ ગમન થઈ ગયા બાદ ભક્ત સમુદાય તેમના પ્રત્યાગમનની નિરંતર પ્રતિક્ષા કરી રહ્યા હતા. આચાર્યદેવનું શુભાગમન ક્યારે થશે એવી ઉત્કંઠા બધાના મનોમંદિરમાં અખંડરૂપથી ઊછળી રહી હતી અને રોજબરોજ વધતી જઈ રહી હતી. જિજ્ઞાસા દિવસે બેગણી અને રાત્રે ચારગણી થતી જઈ રહી હતી, તેમ છતાં ગુરુદેવના આગમન

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિષયક કાંઈપણ સંકેત પ્રાપ્ત થઈ રહ્યો ન હતો. આચાર્યશ્રીના વિરહનો એક-એક સમય એક-એક યુગ સમાન શ્રાવક-સમુહને ખટકતો હતો. મુનિસંઘને ગુરુદર્શનની અભિલાષા હતી. આવી મનસ્થિતિમાં એક-એક કરીને સાત દિવસ વીતી ગયા.

આઠમા દિવસે બધાએ સવારથી સાંજ સુધી આકાશ તરફથી પોતાની દષ્ટિ હટાવી જ નહીં. 'અમે ભોજન બનાવવા અથવા ભોજન કરવા બેસસું અને જો એટલામાં ગુરુદેવનું આગમન થઈ ગયું તો અમે તેમના દર્શનથી વંચિત રહી જશું.' આ વિચારોથી શ્રાવક-શ્રાવિકાઓએ તો ભોજનનો ત્યાગ જ કરી દીધો. સંઘસ્થ મુનિરાજોને તો આહાર માટે ગામ તરફ જવાનો વિકલ્પ જ ન ઊઠ્યો. આઠમા દિવસનો પણ સૂર્યાસ્ત થઈ ગયો. માત્ર નિરાશા જ હાથ લાગી. નિરાશાના સામ્રાજ્યમાં આશાના કિરણની સહારે રાતભર જાગ્રત રહીને રાત્રિ વ્યતીત કરી.

એક સપ્તાહની પ્રતિક્ષા બાદ, આજે આચાર્યદેવ પધારશે જ એવી આશાથી હજારો શ્રાવકગણ આજુબાજુના ગામોથી એકત્રિત થઈ ગયા અને તે પર્વત ઉપર જ રોકાઈ રહ્યા, ઘરે પાછા ન ફર્યા.

આકાશમાં ક્યારેક ઉલ્કાપાત થયો અથવા જુગનુ ચમકતા તો બધા જ એકદમ તેની તરફ જોવા લાગતા હતા. તીવ્ર ઉત્કંઠાની સાથે પ્રતિક્ષા કરવા છતાં પણ આચાર્યશ્રીનું શુભાગમન થયું જ નહીં, રાત વ્યતીત થઈ જ રહી હતી, પ્રભાતકાલીન પ્રકાશ મંદ-મંદ ગતિથી આવવા ઈચ્છતો હતો, સ્વર્ણકીરીટ ધારણ કરેલા ઉષાકાળનું આગમન થયું, પક્ષી સમૂહે સુપ્રભાતનું ગાન કર્યું, તરુલતાઓમાં નવીન ચૈતન્યનો સંચાર થયો. સૂર્યના શુભાગમનનો સમય નજદીક હતો, તે સમયે આકાશમાં દૂર સમુદ્ભૂત કોઈ આનંદકારી, મંદ, મધુર ધ્વનિતરંગને અધિરતાથી સાંભળી અને તત્કાલ ધ્વનિતંરગની દિશામાં પોતાની દષ્ટિ લગાવી.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યોતિર્લોકથી જાણે કે નક્ષત્રમંડળ જ ઉતરીને આવી રહ્યું હોય એવો પ્રકાશપુંજ ધરતી ઉપર ઉતરી આવ્યો. બધાની આંખો આશ્ચર્યકારક દૃષ્ટિથી તે જ્યોતિર્પુંજને જ જોઈ રહી હતી. નજદીક આવતાં-આવતાં તે જયોતિર્પુંજ મનુષ્યાકાર દેખાવા લાગ્યું. તે જોઈને હર્ષોલ્લાસપૂર્વક જનસમૂહે 'આચાર્ય ભગવાનની જય! કુંદકુંદ ભગવાનની જય!' એવો ઉદ્‌ઘોષ કર્યો. લોકો વારંવાર જયઘોષ કરવામાં અત્યંત આનંદનો અનુભવ કરી રહ્યા હતા. બધા જ આનંદવિભોર થઈ ગયા હતા. આ ઉદ્‌ઘોષધ્વનિ પશ્ચિમ પર્વતશ્રેણી ઉપર ભટકાઈને પ્રતિધ્વનિરૂપથી પાછો આવતા પહેલાં જ આચાર્યદેવ આકાશથી ઉતરીને પોન્નુર પર્વત ઉપર આવી ગયા. તે જ સમયે ઉદયાચલ ઉપર બાળભાસ્કર ઉદિત થયો. આ જ્ઞાનભાસ્કરના ધવલ કિરણોનો પ્રતિસ્પર્ધી બનીને તને આ રક્ત કિરણો કાઢવા શોભા નથી દેતા એમ જાણીને તે નિર્મળ નીલગનનમાં છુપાયેલા કાળા મેઘખંડે તત્કાલ બાળભાસ્કરને આવૃત્ત કરી દીધો.

આચાર્ય ભગવાન એ જ દિવસે વિદેહક્ષેત્રથી ભરતક્ષેત્ર પાછા ફર્યા હતા. આ મધુર સ્મૃતિને માટે તે દિવસે બધાએ સર્વત્ર મહોત્સવ મનાવ્યો. હુંડા અવસર્પિણીના નિકૃષ્ટ આ પંચમકાળમાં જન્મ લઈને પણ તીર્થંકર ભગવાનનું સાક્ષાત્‌ સાનિધ્ય પ્રાપ્ત કરી, દર્શન કરી દિવ્યધ્વનિનો લાભ લીધો. આ કારણે ચતુર્વિધ સંઘે આચાર્યદેવને 'કળિકાળસર્વજ્ઞ' ઉપાધિથી વિભૂષિત કરીને પોતાને ગૌરવશાળી માન્યા.

આચાર્યદેવ જે પર્વતથી વિદેહક્ષેત્ર ગયા હતા અને ત્યાંથી પાછા ફરીને જે પર્વત ઉપર આવ્યા હતા, તપસ્યા કરી હતી, શાસ્ત્ર રચના કરી હતી, તે પોન્નુર પર્વત વર્તમાન સમયમાં તામિલનાડ પ્રાંતમાં છે. આ પર્વત ચેન્નાઈથી ૧૩૦ કિ.મી. દૂર અને વંદેવાસ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગામથી ફક્ત આઠ કિ.મી.ના અંતર પર છે. પર્વતની પાસે જ પોન્નુર પર્વતની સીડીઓ શરૂ થાય છે. બસ સ્ટોપથી પચાસ ફૂટના અંતર પર જ પોન્નુર પર્વતની સીડીઓ શરૂ થાય છે. નીચે જમીનથી પર્વત ઉપર પહોંચવા માટે કુલ ૩૨૫ સીડીઓ છે.

પર્વત શિખર ઉપર બે હજાર વર્ષથી પણ જુનું ચંપક નામનું વૃક્ષ છે. આ વૃક્ષની બાજુમાં જ આચાર્ય શ્રી કુંદકુંદદેવની અત્યંત પ્રાચીન, અતિદીર્ઘ, પવિત્ર ચરણપાદુકા છે. આ પરમ પવિત્ર ચરણચિહ્ન ઉપર ઈ.સ. ૧૯૭૦માં મંડપની રચના થઈ છે. આ ચરણ પાદુકાની દક્ષિણ દિશામાં લગભગ સો-સો ફૂટના અંતરે બે પ્રાકૃતિક ગુફાઓ છે કે જેમાં ચોરસ મોટી શિલાઓ છે.

ગુફાનો અંતર્ભાગ જોતાં જ 'આ શિલાખંડ ઉપર બેસીને આચાર્ય પુંગવે તપસ્યા કરી હતી' એ વિષય સ્પષ્ટ સમજમાં આવે છે. આ ગુફામાં એક સાથે એક જ મનુષ્ય પ્રવેશ કરી શકે છે અને તે પણ નમીને. ગુફાના અંદર પણ એક જ વ્યક્તિ ધ્યાન માટે બેસી શકે છે. ગુફાના પ્રવેશદ્વારની બાજુમાં એક મોટી શિલા હોવાથી ગુફાની પાસે જવા છતાં પણ 'અહીં ગુફા છે' એવું જ્ઞાન થઈ શકતું નથી. આજુબાજુના પરિસર, ગુફાનો અંદરનો ભાગ જોઈને 'આ ધ્યાન માટે સર્વોત્તમ જગ્યા છે' એવો મનોમન હાર્દિક વિચાર આવ્યા વિના રહેતો નથી.

પર્વતની પશ્ચિમ દિશામાં પોન્નુર ગામ છે. આ ગામ પહાડથી પાંચ કિ.મી. દૂર છે. પર્વતની પૂર્વદિશાથી જ પર્વત ઉપર ચડવું-ઉતરવું સંભવ છે. પશ્ચિમ દિશાથી પહાડ ઉપરથી ઉતરીને પોન્નુર પહોંચવું શક્ય નથી, કારણ કે રસ્તો જ નથી. પૌન્નુર ગામમાં શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે. મંદિરમાં બારમી શતાબ્દીના એક શિલાલેખ છે. આ શિલાલેખમાં 'શ્રી પાર્શ્વનાથ જિનબિંબનો, પોન્નુર પર્વત ઉપર લઈ જઈને અભિષેક-પૂજા કરી છે' એવો ઉલ્લેખ મળે

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. બીજા સત્તરમી શતાબ્દીના શિલાલેખમાં 'आदिनाथ कनकमलै आलवा' એ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે એવું ઉત્કીર્ણ કરવામાં આવ્યું છે. ૫૦૦ વર્ષ પૂર્વે પર્વત ઉપર મહાઅભિષેક થયો હતો એવો ભાવ એક અન્ય શિલાલેખમાં સ્પષ્ટ મળે છે.

હવે વર્તમાનકાળમાં પણ આ પર્વત ઉપર 'મંદરપુષ્પ' નામનો ઉત્સવ સામાન્ય રીતે જાન્યુઆરી મહિનામાં મનાવવામાં આવે છે. જેવી રીતે ઉત્તર ભારતમાં ચૈત્ર મહિનામાં વર્ષની શરૂઆત માને છે, તેવી જ રીતે તામિલવાસી 'તયી' મહિનાને વર્ષની શરૂઆત માને છે. આ ઉત્સવમાં હજારો લોકો ભેગા થાય છે અને આચાર્યશ્રીના ચરણ પાદુકા પર પુષ્પાંજલિ અર્પિત કરીને પોતાની શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરે છે.

આ પર્વતની પૂર્વદિશાથી તામિલનાડ પ્રદેશની મોટરગાડી પોન્નુર રોડથી આવજા કરે છે, તે જ રસ્તા ઉપર એક વિદ્યાર્થી-નિલય છે. આમાં વિદ્યાર્થી ધાર્મિક અને લૌકિક અધ્યયન કરે છે. અહીં એક વિશાળ જૈન મંદિર છે, તેમાં તીર્થંકર આદિનાથ, સીમંધર, શાંતિનાથ, પાર્શ્વનાથ અને બાહુબલી ભગવાનની મૂર્તિઓ છે. મંદિરની વ્યવસ્થા ઉત્તમ છે.

આ વિદ્યાર્થીનિલયના ગ્રંથભંડારમાં લગભગ પાંચસો તાડપત્રિય ગ્રંથ છે. આ બધા ગ્રંથ પ્રાકૃત, સંસ્કૃત ભાષામાં અને ગ્રંથિલિપિમાં લખાયેલા છે. પ્રાભૃતત્રયની મૂળ ભાષા પ્રાકૃત, લિપિગ્રંથિ અને તેના ઉપર ટીકા તામિલ ભાષામાં લખાયેલી છે. અહીં ગ્રંથ તો સંગ્રહ કરીને રાખવામાં આવ્યા છે. પરંતુ શોધકાર્ય ચાલી રહ્યું નથી. અહીંના કાર્યકર્તાનું કહેવું છે કે ગ્રંથીલિપિના જાણકાર વિદ્વાન કોઈક જ વિરલ છે.

તામિલ તથા કન્નડ પ્રાંતિય સંસ્થાઓએ આચાર્ય કુંદકુંદવિષયક શોધખોળકાર્ય વિશેષરીતિથી કરવું આવશ્યક છે

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેનાથી ભૂગર્ભથી પ્રાપ્ત અવશેષો તથા તાડપત્રિય ગ્રંથોથી પ્રાપ્ત જાણકારીના આધારે કેટલાક નવા પ્રમેય હાથ લાગી શકે છે. હિન્દી પ્રાંતિય સંસ્થાઓએ તામિલ તથા કન્નડભાષા ભાષીઓને આ કાર્યની પ્રેરણા આપવી આવશ્યક છે.

આચાર્ય કુંદકુંદદેવના વિદેહગમન વિષયક અનેક ઐતિહાસિક પ્રમાણ પૃથ્વીના ગર્ભમાં લુપ્તપ્રાયઃ થઈ ગયા છે. જે કાંઈ પ્રમાણ આગમ અને શિલાલેખમાં અત્યારે મોજુદ છે તેનો ઉલ્લેખ અહીં કરવામાં આવી રહ્યો છે.

વિ. સં. દસમી શતાબ્દીના દેવસેન આચાર્યના દર્શનસાર ગ્રંથમાં લખ્યું છે—

जई पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।
ण विवोहई समणा कहं सुमग्गं पयाणंति॥

અર્થ :— જો સીમંધરસ્વામી (મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન તીર્થંકરદેવ)થી પ્રાપ્ત થયેલા દિવ્યજ્ઞાન દ્વારા શ્રી પદ્મનંદીનાથે બોધ આપ્યો ન હોત તો મુનિજન સાચા માર્ગને કેવી રીતે પ્રાપ્ત કરત?

બારમી શતાબ્દીના જયસેન આચાર્ય પંચાસ્તિકાયની ટીકાના પ્રારંભમાં લખે છે —

“अथ श्रीकुमारनंदिसिद्धान्तदेवशिष्यैः प्रसिद्धकथान्यायेन पूर्वविदेहं गत्वा वीतरागसर्वज्ञश्रीसीमंधरस्वामितीर्थंकरपरमदेवं-दृष्ट्वातन्मुखकमलविनिर्गत दिव्यवाणी श्रवणावधारितपदार्थात् शुद्धात्मतत्त्वादिसार्थ गृहीत्वा पुनरप्यागतैः श्रीमत्कुन्दकुन्दाचार्यदेवैः पद्मनन्द्याद्यपराभि धेयैरन्तस्तत्तत्त्वबहिर्तत्वगौणमुख्यप्रतिपत्यर्थमथवा शिवकुमारमहाराजा दिसंक्षेपरुचिशिष्यप्रतिबोधनार्थं विरच्यते पंचास्तिकाय प्राभृतशास्त्रे यथाक्रमेणाधिकारशुद्धिपूर्वकं तात्पर्यव्याख्यानं कथ्यते।

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ :— શ્રી કુમારનંદીસિદ્ધાંતદેવના શિષ્ય પ્રસિદ્ધ-કથાન્યાયથી પૂર્વ વિદેહક્ષેત્ર જઈને વીતરાગ સર્વજ્ઞ શ્રી સીમંધરસ્વામી તીર્થંકર પરમદેવના દર્શન કરી તેમના મુખકમળથી નિશ્રુત દિવ્યધ્વનિના શ્રવણથી શુદ્ધાત્માદિ તત્ત્વોની સાથે પદાર્થોને અવધારણ કરી સમાગત શ્રી પદ્મનંદી આદિ છે અપરનામ જેમના તે શ્રી કુંદકુંદ આચાર્યદેવ દ્વારા અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વને મુખ્ય અને ગૌણ પ્રતિપત્તિ માટે અથવા શિવકુમાર મહારાજ આદિ સંક્ષેપ રુચિવાળા શિષ્યોને સમજાવવા માટે રચિત પંચાસ્તિકાય પ્રાભૃત શાસ્ત્રમાં અધિકાર અનુસાર યથાક્રમથી તાત્પયાર્થનું વ્યાખ્યાન કરવામાં આવે છે.

ષટ્પ્રાભૃતના સંસ્કૃત ટીકાકાર શ્રી શ્રુતસાગરસૂરિ પોતાની ટીકાના અંતમાં લખે છે —

''श्रीपद्मनन्दिकुन्दकुन्दाचार्यवक्रग्रीवाचार्यैलाचार्यगृद्धपिच्छाचार्य नाम पंचक विरा जितेन चतुरंगुलाकाशगमनर्द्धिना पूर्वविदेह-पुण्डरीकिणीनगरवन्दितसीमन्धरा परनामस्वयंप्रभजिनेनतच्छुतज्ञान संबोधितभरतवर्षभव्यजीवेन श्रीजिनचन्द्रसूरिभट्टारकपट्टाभरणभूतेन कलिकालसर्वज्ञेन विरचिते षटप्राभृत ग्रन्थे.......''

અર્થ :— શ્રી પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય અને ગૃદ્ધપિચ્છાચાર્ય પાંચ નામધારી જમીનથી ચાર અંગુલ ઉપર આકાશમાં ચાલવાની ઋદ્ધિધારી, પૂર્વવિદેહની પુંડરીકિણી નગરીમાં બિરાજમાન સીમંધર અપરનામ સ્વયંપ્રભ તીર્થંકરથી પ્રાપ્ત જ્ઞાનથી ભરતક્ષેત્રના ભવ્ય જીવોને સંબોધિત કરવાવાળા શ્રી જિનચંદ્રસૂરિ ભટ્ટારકના પટ્ટના આભરણ કળિકાળસર્વજ્ઞ (શ્રી કુંદકુંદાચાર્યદેવ) રચિત ષટ્પ્રાભૃત ગ્રંથમાં —

સોમસેન પુરાણમાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે —

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



कुन्दकुन्दमुनिं वन्दे चतुरंगुलचारिणम्।
कलिकाले कृतं येन वात्सल्यं सर्वजन्तुषु॥

અર્થ :— કળિકાળ (પંચમકાળમાં) જેમણે સર્વ પ્રાણીઓ ઉપર વાત્સલ્ય કર્યું અને જેઓ જમીનથી ચાર અંગુલ ઉપર ગમન કરતાં હતા એવા કુંદકુંદમુનિની હું વંદના કરું છું.

વીસમી શતાબ્દીના આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામી, આચાર્ય કુંદકુંદના સાહિત્યના ગહન અધ્યયન પછી પોતાના પ્રવચનો (પ્રવચન રત્નાકર ભાગ-૧, પૃષ્ઠ-૮૧) તથા ચર્ચામાં ફરી-ફરી કહેતાં હતા —

“ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે ભરતક્ષેત્રમાં થયા હતા. તેઓ સદેહ મહાવિદેહક્ષેત્રમાં ભગવાન સીમંધરસ્વામીના સમવસરણમાં ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ભગવાન સીમંધરસ્વામી અત્યારે પણ અરિહંતપદમાં બિરાજમાન છે. તેમની પાંચસો ધનુષની કાયા અને એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. તે સીમંધર પરમાત્માની સદૈવ દિવ્યધ્વનિ ખરે છે. ત્યાં સંવત્ ૪૯માં કુંદકુંદ આચાર્ય ગયા હતા. તેઓ ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાં ભગવાનની વાણી સાંભળીને ભરતક્ષેત્રમાં આવ્યા. અહીં આવીને શાસ્ત્ર બનાવ્યા. આ કપોળકલ્પના નથી, વસ્તુસ્થિતિ છે. પ્રત્યક્ષ સત્ય છે.”

वन्द्यो विभुर्भुवि न कैरिह कोण्डकुन्दः
कुन्दप्रभाप्रणयकीर्ति विभूषिताशः।
यश्चारुचारणकराम्बुज चंचरीक
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम्॥

— ચંદ્રગિરી શિલાલેખ ૫૪/૬૭

અર્થ : — કુંદપુષ્પની પ્રભા ધારણ કરવાવાળી જેમની કીર્તિ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્વારા દિશાઓ વિભૂષિત થઈ છે, જે ચારણોના ચારણઋદ્ધિધારી મહામુનિઓના સુંદર કરકમળના ભ્રમર હતા અને જે પવિત્ર આત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી ઉપર કોના દ્વારા વંદનીય નથી?

...............कोण्डकुन्दो यतीन्द्रः।
रजोभिरस्पृष्टतमत्वमन्तर्बाह्योऽपि संव्यजयितुं यतीशः।
रजःपदं भूमितलं विहाय चचार मन्ये चतुरंगलं सः॥

— શ્રવણબેલગોલ શિલાલેખ ૧૦૫

અર્થ :— યતિશ્વર (આચાર્ય કુંદકુંદદેવ) રજઃસ્થાન — પૃથ્વીતળને છોડીને ચાર અંગુલ ઉપર ગમન કરતાં હતા, જેથી હું એમ સમજું છું કે તેઓ અંતર અને બાહ્યધૂળથી અત્યંત અસ્પૃષ્ટતા વ્યક્ત કરતાં હતા અર્થાત્ તેઓ અંતરંગમાં રાગાદિમળથી તથા બાહ્યમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા.

तस्यान्वये भूविदत्ते बभूव यः पद्‌मनंदि प्रथमाभिधानः।
श्री कोण्डकुन्दादि मुनीश्वराख्यस्तत्सयंमादुद्गततारणर्द्धि॥

— શ્રવણબેલગોલ શિલાલેખ ૪૦/૬૦

અર્થ :— જેમનું નામ પ્રારંભથી પદ્મનંદિ હતું, પછી જેમને 'કોંડકુંદ મુનિશ્રેષ્ઠ' આ નામાભિધાન પ્રાપ્ત થયું. મુનિ અવસ્થાના સંયમથી જેમને ચારણઋદ્ધિ પ્રાપ્ત થઈ હતી એવા ભૂલોકમાં પ્રસિદ્ધ......

श्रीपद्‌मनंदीत्यनवद्यनामाचार्यशब्दोत्तर कोण्डकुन्दः।
द्वितीयमासीदभिधानमुद्यच्चरित्रसंजातसुचारणार्द्धिह्न॥

— શ્રવણબેલગોલ શિલાલેખ ૪૨/૪૩/૪૭/૫૦

અર્થ :— નિર્દોષ અને ઉત્સ્ફૂર્ત ચારિત્રથી જેમને ઉત્તમ ચારણઋદ્ધિની પ્રાપ્તિ થઈ હતી અને જેમને પદ્મનંદિ એવું નિર્દોષ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નામાભિધાન હતું, તેમનું જ બીજું નામ આચાર્ય કોંડકુંદ હતું.

આચાર્ય કુંદકુંદદેવ પોતાના સમ્યક્ તપાનુષ્ઠાનના સામર્થ્યથી અનુપમ-અલૌકિક વિદેહક્ષેત્રમાં ગયા. ત્યાં તીર્થંકર સીમંધર ભગવાનના સમવસરણમાં આઠ દિવસ રહ્યા. ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરી મન તો સંતુષ્ટ થયું હતું અને આત્મા પણ આનંદિત થઈ ઊઠ્યો. આચાર્યદેવ સદાય જ્ઞાન, ધ્યાન અને તપોનુષ્ઠાનમાં તો નિરત રહેતા જ હતા, ભગવાનના સાક્ષાત્ સાનિધ્યથી તેમની આત્માનુભૂતિ પણ પ્રગાઢતાને પ્રાપ્ત થઈ. 'સોનામાં સુગંધ ભળે' આ લોકોક્તિ ચરિતાર્થ થઈ ગઈ.

અધ્યાત્મવિદ્યા એક અનુપમ આનંદદાયક રસાયણ છે. અધ્યાત્મ, આત્મસુધારસ નામક અલૌકિક અમૃત છે. તેના અવલંબનથી જ જીવ સ્વાત્માનુભવરૂપ આનંદરસનું પાન કરે છે. આ આનંદ નિર્વિકલ્પ, શબ્દાતીત અને સ્વાનુભવગમ્ય છે. ચિરકાળથી સુખ માટે ઉત્કંઠિત ભવ્ય આત્મા અધ્યાત્મથી જ સુખી થાય છે, આ અભિપ્રાય અનેક જ્ઞાનીઓ મહામનિષીઓનો સ્વાનુભૂત વિષય છે. જિજ્ઞાસુ પાત્ર જીવોને જીવનમાં આ વિદ્યાનો સાક્ષાત્ અનુભવ કરીને નિર્ણય કરવો જોઈએ. અહીં અંધાનુકરણ અને આજ્ઞાને સ્થાન નથી, પરીક્ષા અને પ્રત્યક્ષ અનુભવની પ્રધાનતા છે. અધ્યાત્મમાં પરાવલંબનને કોઈ સ્થાન નથી.

સામાન્યતઃ આત્માની ત્રણ અવસ્થાઓ થાય છે — બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

બહિરાત્મ અવસ્થામાં જીવ પોતાના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને અર્થાત્ જ્ઞાનનિધિ ભગવાન આત્માને ભૂલીને અચેતન શરીર આદિ પરપદાર્થોમાં આત્મબુદ્ધિ કરે છે. આ કારણે ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં થકા અત્યંત અસહ્ય અને ભયંકર દુઃખનો અનુભવ કરે છે. દુઃખ સહી તો નથી શકતો પરવશતાથી ભોગવે છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરે પણ શું? પોતાના અજ્ઞાનથી દુઃખ ભોગવવું પડે છે. અજ્ઞાન છોડ્યા વિના દુઃખથી છુટકારો પણ કેવી રીતે અને શું કામ મળે?

ક્યારેક કહે છે કે રોગી શરીરથી દુઃખ છે, ક્યારેક કહે છે કે પ્રતિકૂળ વાતાવરણ અને પદાર્થોથી દુઃખ થાય છે, ક્યારેક શાસ્ત્ર વાંચીને પણ માનતો રહે છે કે મને કર્મ હેરાન કરી રહ્યા છે. દુઃખના વાસ્તવિક કારણનું યથાર્થ જ્ઞાન ન હોવાથી વ્યર્થ પ્રલાપ કરતો રહે છે. સુખના સાચા ઉપાયને સમજતો નથી. આ બહિરાત્મ અવસ્થા દુઃખનું મૂળ કારણ છે.

આ અજ્ઞાનથી મુક્ત થઈને જ્યારે જીવ નિજ શુદ્ધાત્મસ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન કરે છે, ત્યારે અંતરાત્મા બને છે. શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ કરે છે. શુદ્ધાત્મરસિક હોવાથી મોક્ષમાર્ગી થાય છે. શરીર, ધન, વૈભવ આદિ અચેતન વસ્તુ અથવા પુત્ર, મિત્રાદિ ચેતન પદાર્થોને સુખ-દુઃખનું કારણ ન માનતો થકો સર્વ પદાર્થોના સ્વતંત્ર પરિણમનરૂપ યથાર્થ વસ્તુસ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન જ સુખનું કારણ છે એમ નિર્ણયપૂર્વક માને છે અર્થાત્ ધાર્મિક થાય છે. આ બીજી અવસ્થા અંતરાત્મારૂપ છે.

અંતરાત્મા આત્મલીનતા વડે પોતાનો પુરુષાર્થ વધારતો રહે છે. જીવન શુદ્ધાત્મધ્યાનમય બનાવતો જાય છે. પહેલેથી જ પરદ્રવ્યથી શ્રદ્ધા અપેક્ષાએ તો પરાવૃત્ત હતો જ, હવે ચારિત્રની અપેક્ષાએ પણ પરદ્રવ્યોથી સર્વથા પરાવૃત્ત થતો થકો આત્મરમણતારૂપ ધ્યાનાગ્નિથી કર્મકલંકને બાળીને અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મનિધિ પ્રાપ્ત કરીને પરમાત્મા થઈ જાય છે.

આચાર્યદેવ મુખ્યતઃ શુદ્ધાત્માનુભવરૂપ નિર્મળ જળપ્રવાહમાં નિમગ્ન રહેતા હતા. તેમ છતાં જ્યારે આત્મધ્યાનથી બહાર આવતા હતા ત્યારે સંસારી અજ્ઞાની જીવોની આત્મરસશૂન્ય મહા પાપસ્વરૂપ મિથ્યાત્વ પરિણતિને જાણતા હતા. મિથ્યાત્વ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણતિરૂપ દુઃખ દાવાનળમાં બળેલા દુઃખી જીવોને જોઈને તેમનું ચિત્ત ક્ષણવાર માટે કરુણામય થઈ જતું હતું. તેમને, દુઃખી જીવોને સુખનો સાચો ઉપાય કહેવો જ જોઈએ, એવી તીવ્ર દયાર્દ્ર ભાવના ઉત્પન્ન થતી હતી. તેથી સ્વપરભેદવિજ્ઞાનજન્ય આત્માનુભવના સામર્થ્યથી આત્મતત્ત્વનું રહસ્ય ધર્મલોભી યાચક જીવોને ઉપદેશના સમયે પોતાના અમૃતમયી વચનોથી સમજાવતાં હતા, તેમ છતાં આચાર્યદેવની કરુણા વિશેષ હોવાથી ફક્ત શાબ્દિક ઉપદેશ કરવાથી તેમને સંતોષ ન હતો.

શુદ્ધાત્મસ્વરૂપનો યથાર્થ બોધ દેવામાં સમર્થ મહાન શાસ્ત્રની રચના કરવાની તીવ્ર, હાર્દિક અને કરુણામય અભિલાષા મનમાં ફરી-ફરી ઉત્પન્ન થતી હતી. તેથી શુદ્ધોપયોગથી જ્યારે શુભોપયોગમાં આવતા હતા, ત્યારે થોડો વિચાર ગાથાબદ્ધ કરવાનો ભાવ સહજ જ આવી જતો હતો. આ ભાવનું સાકારરૂપ જ ગ્રંથોની રચનાના રૂપમાં ભવ્ય જીવોને ઉપલબ્ધ છે. આ લોકોદ્ધારક કાર્યના કારણે જ નીલ પર્વત ઉપર તેમના નિવાસની કાળમર્યાદા સ્વયમેવ વધવા લાગી અને ત્યાં આસપાસ રહેવાવાળા તે ધર્મપિપાસુ ભવ્યજીવોને તે હૃદયથી અપેક્ષિત પણ હતું.

આ પ્રકારે પૂર્વઘાટીની પર્વતશ્રેણીઓમાંથી એક પોન્નુર પર્વત ઉપર જ અનેક દિવસ જ નહીં, અનેક મહિના વ્યતીત થયા. આ દીર્ઘ કાળાવધિમાં અનેક પાહુડ ગ્રંથોની રચના થઈ. અનેક મુનિસંઘ અને શ્રાવક-શ્રાવિકા સમૂહ આચાર્યોના પરમપાવન સાનિધ્યમાં આવીને તેમની દર્શનવિશુદ્ધિ (નિર્મળ શ્રદ્ધા), સમ્યગ્જ્ઞાનની પ્રખરતા અને ચારિત્રની શુદ્ધિ જાણીને પ્રભાવિત થતા હતા. તેમનો ઉપદેશ સાંભળીને મંત્રમુગ્ધ થઈ જતા હતા અને પોતાનું જીવન પૂર્ણતઃ બદલાઈ ગયું હોય એવો અનુભવ કરતાં હતા.

જેવી રીતે પારસમણિના સ્પર્શથી લોખંડ પણ સોનું થઈ જાય

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે તેવી જ રીતે કેટલાક પાત્ર જીવ આચાર્યદેવના પાવન સાનિધ્યથી સંસારથી વિરક્ત થઈને વીતરાગી સંત થઈ જાય છે.

આ રીતે, વિશાળ નીલગિરિ પર્વતના ભિન્ન-ભિન્ન શ્રેણી પર્વતો ઉપર અનેક ચાતુર્માસો પૂર્ણ થયા, અનેક રાજાઓએ જૈનધર્મ ધારણ કર્યો, સેંકડો જૈનમંદિર બની ગયા, જૈનધર્મની અભૂતપૂર્વ પ્રભાવના થઈ. સર્વ સમાજ આચાર્યદેવને સર્વજ્ઞ સમાન સમજતા હતા. આચાર્યવિષયક બધાના મનમાં અત્યંત આદર, પ્રીતિ અને ભક્તિ હતી. જેવી રીતે, તલમાં સર્વત્ર તેલ જ વ્યાપ્ત રહે છે, તેવી જ રીતે બધાના મનમંદિરમાં આચાર્યશ્રી જ સમાઈ ગયા હતા. બધાના હૃદય સિંહાસન ઉપર એક માત્ર આચાર્યદેવ જ બિરાજમાન થઈ ગયા હતા. હવે શ્રમણ શિરોમણિનો આ પ્રાંતથી વિહાર થશે એવું અનુમાન લગાવીને આસપાસનો સમાજ અલ્પકાળમાં જ આચાર્યશ્રીના ચરણોના સાનિધ્યમાં ઉપસ્થિત થયો.

તે દિવસે આકાશના મધ્યભાગમાં સ્થિર થયેલો સૂર્ય ભ્રમણ કરતો-કરતો જાણે કે થાકી જવાના કારણે અથવા પોતાના કર્તવ્યનું પરિજ્ઞાન થવાના કારણે અતિ મંદગતિથી પશ્ચિમ તરફ આગળ વધવા લાગ્યો. આચાર્યની બાજુમાં ઊભા રહીને શ્રમણસંઘ તેમનું ધ્યાન તૂટવાના સમયની પ્રતિક્ષા કરી રહ્યા હતા. શ્રમણસંઘની પાછળ શ્રાવક-શ્રાવિકાનો સમૂહ પણ દર્શન માટે અતિ ઉત્કંઠિત થઈને ઊભો હતો. અપાર જનસમૂહ હતો, પરંતુ ગંભીર શાંતિ પણ હતી. કોઈ કોઈની સાથે ન તો વાત કરતાં હતા અને ન તો એકબીજાની સામે જોતા હતા. બધા ભક્તોની આંખોમાં એક આચાર્યદેવ જ સમાયેલા હતા, જાણે કે આંખોને બીજા કોઈને જોવું અભિષ્ટ ન હતું, રુચિ જ ન હતી, ઈચ્છા પણ ન હતી, આવશ્યકતા પણ ન હતી. અલ્પાવધિમાં અનપેક્ષિત અપાર જનસમૂહને ભેગા થયેલા જોઈને બધાને આશ્ચર્ય થયું.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આચાર્યદેવના વિહારનું અનુમાન લગાવીને બધાના મુખ ઉપર ઉદ્વેગ અને નિરાશાની છાયા ફેલાઈ ગઈ. કોઈને કોઈનાથી કાંઈ કહેવાનું ધૈર્ય જ ન હતું. બોલવાની ભાવના ક્યાં લુપ્ત થઈ ગઈ હતી તેની કાંઈ ખબર જ પડતી ન હતી. સ્વેચ્છાવિહારી, સ્વતંત્ર વૃત્તિવાળા દિગંબર સાધુને કોઈ શું કહી શકે છે? કદાચિત્ કોઈ ધૈર્યથી સાધુને કાંઈ કહે તો તેમના મનમાં કોઈની વાત સાંભળવા યોગ્ય રાગ જ ન હોવાથી તેઓ સાંભળે જ કેવી રીતે?

ધન્ય! ધન્ય! મુનિદશા! જે થતું હતું તે થઈ રહ્યું છે તેને મૌન રહીને જાણી લેવાનું જ ગૃહસ્થોનું કર્તવ્ય હતું. આચાર્યશ્રી બહારથી તો જનસમૂહની વચમાં હતા, તો પણ તેઓ અંતર્મુહૂર્તમાં અલૌકિક આત્માનંદ માટે અંતઃતળમાં જતા હતા, પછી બહાર આવવાનું થતું હતું. સાધુ મહાપુરુષોનું જીવન સ્વભાવથી જ આવું જ હોય છે. સૂર્ય પોતાના પ્રખર કિરણોને સૌમ્ય કરતો થકો પશ્ચિમ દિશા તરફ તીવ્ર ગતિથી ગમન કરી રહ્યો હતો. તે સમયે આત્મસમાધિથી બહાર આવીને આચાર્ય મહારાજે ભેગા થયેલા જનસમૂહને જોઈને તેઓ ઊભા થઈ ગયા. તરત જ જનસમૂહે આચાર્યશ્રીનો જયજયકાર કર્યો. વાતાવરણ જયધ્વનિથી મુખરિત થયું. આચાર્યશ્રીના ચરણ પણ સૂર્યનું અનુસરણ કરતાં થકા પશ્ચિમ દિશા તરફ આગળ વધ્યા.

વિહાર પ્રારંભ થયો. આચાર્યશ્રીનું અનુસરણ કરતાં દ્રમિલ સંઘ પણ પૂર્વઘાટીથી પશ્ચિમ ઘાટી તરફ આગળ-આગળ વધ્યો. દિગંબર દીક્ષા ધારણ કરેલા શિવસ્કંધવર્મા આદિ મુનિ પણ છાયાની જેમ આચાર્યશ્રીનું અનુસરણ કરી રહ્યા હતા. શ્રમણ મહાસંઘ તામિલનાડથી તુલુનાડ તરફ વિહાર કરી રહ્યો હતો.

'અરે! અમારા મલય દેશથી ધર્મ જ નીકળીને જઈ રહ્યો છે. ભાગ્ય પણ અમને છોડીને ભાગી રહ્યું છે. જો અમારા દેશમાં—

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવનમાં ધર્મ જ નહીં રહે તો અન્ય વસ્તુઓને લઈને અમારે શું કરવું છે? આટલા કાળ સુધી આચાર્યદેવના પવિત્ર સંપર્કમાં રહીને અમે શું સાધ્ય કર્યું? શું સમજ્યા? કાંઈપણ નહીં? આ પ્રકારની આત્મવંચનાથી હાની કોની થશે? આનાથી દુઃખ ભોગવવાનો કઠિન પ્રસંગ કોના ઉપર ગુજરશે?'' આ રીતે, અનેક પ્રજ્ઞાચક્ષુ લોકો ગંભીરતાથી વિચારતા હતા.

સંસારની અસારતાને જાણીને કેટલાક આસન્નભવ્ય જીવ છાયાની જેમ આચાર્યના અનુગામી થઈ રહ્યા હતા—પોતાનું માનવજીવન સાર્થક બનાવી રહ્યા હતા. કેટલાક લોકો પાછા ઘરે આવ્યા. કેટલાક લોકો નિર્ણય કરવામાં અસમર્થ હોવાના કારણે માર્ગની મધ્યમાં સ્થિત થઈને વિચાર કરી રહ્યા હતા. આગળ જવાવાળાનું જીવન ઉજ્જ્વળ બની ગયું, તેઓ આત્મોન્નતિના પદ પર આગળ વધી ગયા. પાછા આવવાવાળા ઘરે પહોંચી ગયા, પરંતુ હજી પણ વિચાર કરવાવાળા કેટલાક લોકો મધ્યમાં જ ઊભા હતા.

આચાર્યદેવનો સંઘ ગામ, નગર, મડંબ, પત્તન, દ્રોણામુખ ઈત્યાદિ સ્થાનોમાં ભવ્ય જીવોને સંબોધિત કરતો થકો પર્વત પ્રદેશોમાં તથા વનજંગલમાં રોકાતો થકો પૂર્વથી પશ્ચિમ તરફ જઈ રહ્યો હતો. જ્યાં પણ સંઘ જતો હતો ત્યાં અપાર જનસમૂહ એકત્રિત થઈ જતું હતું. સાધુ-સંતોના દુર્લભ દર્શનનો સંતોષ તેમના મનમાં સમાઈ શકતો જ ન હતો તેથી તેઓ ભક્તિ અને શ્રાવકાચારના રૂપમાં સમાજમાં ફેલાતો હતો. દર્શનાર્થી સાધુસમાગમથી આપણું જીવન ધન્ય થયું એવો અનુભવ કરતાં હતા.

આચાર્યદેવનો કોઈ-કોઈ જગ્યાએ મહાન ઉપકારી સારગર્ભિત માર્મિક ઉપદેશ પણ થતો હતો. અનેક આસન્નભવ્યજીવ વાસ્તવિક વસ્તુસ્વરૂપને જાણીને વૈરાગ્ય પરિણામ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દૃઢ થવાથી સંઘમાં સમાવિષ્ટ થતાં હતા. જેટલી માત્રામાં શ્રાવકસમૂહ શિસ્ત સંસ્કારિત થતો જઈ રહ્યો હતો, તેટલી જ માત્રામાં મુનિસંઘ વિશાળ થતો જઈ રહ્યો હતો. આ રીતે, સંઘ સ્વયમેવ વધી રહ્યો હતો. સંઘ મોટો કરવાનો વિકલ્પ કોઈને હતો જ નહીં, માત્ર પોતાની વીતરાગતા વધારવાનો પ્રયાસ અહોરાત્રિ ચાલતો હતો. 'પિડથ' દેશથી વિહાર કરતાં-કરતાં તે જ દેશમાં એક ચાતુર્માસ પણ કર્યું. આ રીતે, અનેક જગ્યાએ વન-જંગલોમાં અનેક ચાતુર્માસ કરતાં-કરતાં અર્થાત્ સતત ધર્મામૃતની વર્ષા કરતાં-કરતાં સાત્ત્વિક—અલૌકિક આનંદ સમાજને આપતા સંઘનો કલ્યાણકારક વિહાર થઈ રહ્યો હતો.

સાધુ સંઘે પશ્ચિમી ઘાટના હિંસક પશુઓના નિવાસસ્થાનભૂત અનેક વનપ્રદેશોમાં નિર્ભયતાથી નિવાસ કરતાં થકા 'આગુમ્બે' ઘાટના માર્ગથી અતિ ઉન્નત પર્વત ઉપર આરોહણ કર્યું. ત્યાં એક દિવસ સંઘે વિશ્રામ કર્યો. ત્યાંથી ઘાટ ઉતરીને 'તીર્થહલ્લી' નામક ગામમાં આહાર માટે સંઘ આવ્યો. આહાર કર્યા બાદ તરત જ મુનિસંઘ વનજંગલ તરફ ચાલ્યો ગયો.

બીજા દિવસે 'ગુડ્ડેકેરી' ની પાસેના રસ્તાથી સંઘ આગળ જવા માટે વિચારી જ રહ્યો હતો કે એટલામાં જ આચાર્યદેવ પર્વતશ્રેણીના કોઈ આંતરિક આકર્ષણથી પ્રભાવિત થઈને અનેક નાના-મોટા પત્થર અને કાંકરાઓ સહિત તથા કાંટાઓથી વ્યાપ્ત માર્ગે ચાલવા લાગ્યા. પર્વત સમાન ચટ્ટાન અને ઊંડા-ભયાનક ગર્તની ચિંતા ન કરતાં આગળ વધી રહ્યા હતા. આ ઘનઘોર ભીષણ વનમાં પગનો રસ્તો પણ ક્યાંથી હોય? ત્યાંથી કોણ નીકળતું હશે કે જેના ચાલવાથી ત્યાં પગનો રસ્તો બને?

ત્યાં પગનો રસ્તો નિર્માણ કરવાની લોક કલ્યાણકારી ભાવના પણ ન હતી. લૌકિકરૂપથી સુખદાયક કોઈ કાર્ય કરવાની ભાવના —

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અભિલાષા અલૌકિક મહા પુરુષોને હોતી જ નથી. વાસ્તવિક તથા શાશ્વત સુખના અવિનાશી ઉપાયનું જનસામાન્યને જ્ઞાન કરાવવાનો અંતરંગ અભિપ્રાય તેમના વિશાળ કરુણામય મનોમંદિરમાં હંમેશા બની રહે છે. અવિનાશી આત્મકલ્યાણ સામે આ અલૌકિક કરુણામય વિચાર ગૌણ થઈ જાય છે. તેથી પાછળ ફર્યા વિના અને તે કુંદાદ્રિની ઉંચાઈની ગણતરી કર્યા વિના પર્વત ઉપર ગયા.

અહો! આશ્ચર્યકારક દૃશ્ય! તે પર્વત આ મહામુનિશ્વરોના પાદસ્પર્શથી જાણે કે 'કુંદન' પર્વત થઈ ગયો. પર્વત ઉપર સુવર્ણ વેષ્ઠિત માણેકરત્નની જેમ જિનાલયમાં શોભાયમાન ભગવાન પાર્શ્વનાથની વીતરાગી મનોહર મૂર્તિને જોઈ. આચાર્યશ્રીએ ભક્તિભાવથી ભગવાનના ચરણોની વંદના કરી. ત્યાં તપસ્યા માટે ઊભા રહી ગયા અને સાધના-સિદ્ધિમાં મગ્ન થઈ ગયા.

આચાર્યદેવની પાછળ-પાછળ જ સાધુ સમૂહ અને અપાર શ્રાવક સમુદાય પર્વત ઉપર ચડીને તે દિવ્ય મનોહર દૃશ્યને જોઈને આશ્ચર્યચકિત થયા. તે પર્વત શિખર ઉપર સદાય જળપૂરતિ ધર્મતીર્થસદૃશ ધવલવર્ણથી શોભાયમાન વિશાળ સરોવરને જોયું. તે સરોવર આજે 'પાપવિચ્છેદક સરોવર'ના નામથી પ્રસિદ્ધ છે. આ ગિરિશિખર ઉપરથી સૂર્યોદય અને સૂર્યાસ્તને અને સંહય્ પર્વતની અસંખ્ય સમુદ્રની વિશાળ સુંદરતાને આપણા જીવનમાં એકવાર અવશ્ય જ જોવી જોઈએ એવું આ મનોહારી દૃશ્ય છે.

તેવી જ રીતે શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિરની મનોજ્ઞતા, શ્રેષ્ઠ વાસ્તુકળાથી અલંકૃત માનસ્તંભ અને માનવલોકને ભૂલાવીને આત્મસ્વરૂપની નિરાકારતાને જણાવવાવાળું આકાશ પણ ખૂબ જ મનોહર છે. આ રીતે, પ્રાકૃતિક સૌંદર્યના ખોળામાં નૈસર્ગિક, નિર્મળ, નિજ આત્માનો બોધ કરવો સુલભ છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિશ્વના બધા જ મત પ્રવર્તક સત્યની શોધ માટે પ્રાકૃતિક ઉપર અવલંબિત છે—પ્રકૃતિના શરણમાં જ ગયા છે. નૈસર્ગિક—પ્રાકૃતિક—અકૃત્રિમ સ્થાનને જ આત્મસિદ્ધિ માટે ઉત્તમ માનવામાં આવ્યું છે. કૃત્રિમ નાગરીકતામાં રહીને આજ સુધી કોઈએ પણ સર્વોત્તમ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી નથી, આજે પણ પ્રાપ્ત કરતું કોઈ જોવા મળતું નથી. નગરોમાં નાટકીય નાગરીકતા રહે છે, જ્યારે કે વનમાં સત્ય-સ્વાભાવિકતા! તેથી આત્મહિતૈષી મહાપુરુષ નગર છોડીને વનનો આશ્રય લે છે.

જૈનધર્મ તો વસ્તુધર્મ છે. વસ્તુધર્મ તો પરમ સ્વતંત્ર, સુખદાયક અને સ્વાભાવિક હોય છે, તેથી જૈનધર્માવલંબી બધા જ સાધુ-સંત કૃત્રિમ નાગરીકતાનું સ્વરૂપ જાણીને તેનો ત્યાગ કરે છે. વનવાસી, સ્વાભાવિક, સ્વેચ્છાવિહારી હાથીની જેમ વન જંગલમાં વિહાર કરે છે—નિવાસ કરે છે. આત્મકલ્યાણની સર્વોત્કૃષ્ટ સાધનાનો આ જ એકમાત્ર ઉપાય પણ છે અને સાધનામાં પૂર્ણ સફળતા પ્રાપ્ત કરવા માટે આવશ્યક પણ છે.

આચાર્ય કુંદકુંદદેવ પણ કોઈ નગરની સમીપ નિવાસ કરતાં ન હતા. કોઈ દુર્ગમ, નિર્જન અને નગરથી બહુ દૂર સ્થાનમાં નિવાસ કરતાં હતા. બે હજાર વર્ષ પછી આજે પણ જ્યાં જવું મુશ્કેલ છે, એવા સ્થાનોમાં રહેતા હતા. આચાર્યદેવ હવે ૮૦ વર્ષના થઈ ગયા હતા. જેમ-જેમ વર્ષ વ્યતીત થઈ રહ્યા હતા તેમ-તેમ તપાનુષ્ઠાનના ફળ સ્વરૂપમાં સ્થિરતા અને પ્રજ્ઞામાં પ્રખરતા વધતી જઈ રહી હતી. હવે સાધનાની સિદ્ધિ અંતિમ અવસ્થા ઉપર પહોંચી ગઈ હતી. તે સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિના રહસ્યને પોતાના અનુભવ પ્રત્યક્ષથી સાક્ષાત્ કરતાં થકા આનંદમય જીવન સાથે કાળ વ્યતીત કરતાં હતા.

સ્વાત્માનુભવના રસાસ્વાદના અલૌકિક આનંદ તેની

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અદ્‌ભુત મહિમા શિષ્ય સમુદાયને પ્રેરણા માટે કહેતા હતા. આવા અપૂર્વ વિષયને સાંભળીને મુનિગણ ગુરુવરથી આવા અપ્રાપ્ત વિષયને ગાથાનિબદ્ધ કરવાનો અનુરોધ કરતાં હતા. લોકોધ્ધારનો કરુણાભાવ બળવાન થતાં આચાર્ય ગાથા પણ લખી નાખતા હતા. આ રીતે, સ્વાભાવિક રીતિથી એક ઐતિહાસિક મહત્વપૂર્ણ અને આધ્યાત્મિક ગ્રંથરચનાનું કાર્ય ચાલી રહ્યું હતું. ક્યારેક-ક્યારેક દર્શનાર્થે આવવાવાળો શ્રાવકસમૂહ તેમને લેખનસામગ્રી આપ્યા કરતાં હતા. આસપાસ વિહાર કરવાવાળો મુનિસંઘ પણ એક અથવા બે મહિનામાં એકવાર આચાર્ય મહારાજના દર્શનનો લાભ પ્રાપ્ત કરીને પાછા ફરતા હતા.

કાળચક્ર દિવસોથી મહિના, મહિનાઓથી વર્ષનું નિર્માણ કરતું થકું પોતાના કર્તવ્યનું નિર્વાહ અખંડરૂપથી કરી રહ્યું હતું. આ જ કાળાવધિમાં આચાર્યદેવ નિર્મિત ૨૭૫ ગાથાઓનો એક ગ્રંથ પૂર્ણ થયો કે જેનું નામ ‘પ્રવચનસાર’ ગ્રંથાધિરાજ છે. આ ગ્રંથમાં સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિનો સાર ભર્યો છે. (પ્રવચન=દિવ્યધ્વનિ, સાર અર્થાત્ સંક્ષેપ=દિવ્યધ્વનિનો સંક્ષેપ અર્થાત્ પ્રવચનસાર) જે દિવસે આ મહાન શાસ્ત્રની રચના પૂર્ણ થઈ તે જ દિવસથી મુનિસંઘમાં પ્રવચનસાર ગ્રંથનો સ્વાધ્યાય શરૂ થયો.

જેમજેમ દિવસો વ્યતીત થઈ રહ્યા હતા તેમતેમ આચાર્યપુંગવ ગંભીર, ગંભીરતર અને ગંભીરતમ થતા જઈ રહ્યા હતા. જનસંપર્કથી અતિ અલિપ્ત થઈને અંતરંગના ઊંડાણમાં પ્રવેશ કરી રહ્યા હતા. જ્યારે તેઓ અતિન્દ્રિય આનંદ સરોવરમાં ડૂબી જતાં હતા, ત્યારે શિષ્યવર લેખન સામગ્રી અને તાડપત્ર પ્રતિદિન રાખી જતા હતા. એક-બે પ્રહર પછી આવીને જોતાં આચાર્યદેવ આત્મધ્યાનમાં લીન દેખાતા હતા ત્યારે તે લિખિત તાડપત્રોને ત્યાંથી ઉઠાવીને નવા તાડપત્ર ત્યાં રાખી જતા હતા. સાંજના આવીને જોતાં

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આચાર્યદેવ ત્યાં મળતાં, માત્ર તાડપત્ર જેમ રાખ્યા હતા તે જ રૂપમાં કોરાને કોરા જ મળતાં હતા.

બીજા દિવસે શિષ્યોએ આચાર્યશ્રીને શોધતા-શોધતા જઈને જોયું તો આચાર્યશ્રી એક ઝરણાની પાસે વૃક્ષની નીચે બેસીને ગ્રંથ રચના કરી રહ્યા હતા. તેમની સામે શિષ્યોએ ફરી લેખન સામગ્રી અને તાડપત્રોનો સમૂહ રાખી દીધો. જ્યારે આચાર્ય શુભોપયોગમાં આવતા ત્યારે નૈસર્ગિક સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન આત્માના અતિન્દ્રિય આનંદામૃતને પોતાના અનુભવ પ્રત્યક્ષથી અક્ષરમાળામાં ગાથાઓના રૂપમાં ગૂંથતા હતા. ભાવસમાધિથી ક્ષણ-ક્ષણમાં ઉત્પન્ન આત્માનંદરૂપી તરંગો ઉપર જાણે કે તરતી આવતી ગાથાઓને લખવા માટે શારીરિક શક્તિ અસમર્થ હોવાથી તાડપત્ર ઉપર લખવા માટેની કલમ ધ્રુજતી હતી, તેમ છતાં અંતરંગમાંથી ઉઠતી ગાથાઓ વ્યર્થ ન જાય તેથી હાથની કલમ અધિકવેગથી કામ કરવામાં લાગી જતી હતી. તે સમયે અંતરંગની આત્માનુભૂતિથી આચાર્યની મુખમુદ્રા ચમકતી હતી અને કલમ પર હાથનો ભાર ફરી ફરી નાખતા હાથ થાકી જતો હતો, તેમ છતાં પણ લેખન ચાલુ રહેતું હતું.

લખેલા તાડપત્રોને રાખીને બીજા તાડપત્રોને લેવા માટે હાથ લંબાવ્યો તો ત્યાં તાડપત્ર હતા જ ક્યાં? બધા તાડપત્ર સમાપ્ત થઈ ગયા હતા. સમાધિ ભંગ થવાથી આચાર્યએ પશ્ચિમ તરફ દૃષ્ટિપાત કર્યો તો સૂર્ય વિશ્રાંતિ માટે પશ્ચિમ દિશા તરફ જવાની તૈયારીમાં હતો. તેથી આચાર્ય ઉઠીને પોતાની ગુફા તરફ ચાલ્યા ગયા.

આચાર્યદેવ ક્યારેક પૂર્વરચિત ગાથાઓના ભાવનું ચિંતવન કરતાં હતા તો ક્યારેક લખવાની ગાથાઓનું ચિંતવન કરતાં હતા. સંપૂર્ણ ગ્રંથની પૂરી રૂપરેખા તેમની સામે લખેલા સમાન હતી. ગ્રંથ પૂર્ણ કર્યા વિના અંતરંગમાં તૃપ્તિ થઈ રહી ન હતી. વિચિત્ર સૃષ્ટિ! વિચિત્ર ઋષિદૃષ્ટિ!

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ, પરિણામોની વિચિત્રતા! કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુના સંબંધમાં આસક્ત ન થવાવાળા અર્થાત્ બધાથી સર્વથા વિમુખ રહેવાવાળા આચાર્યશ્રીની મનઃપ્રવૃત્તિમાં આટલો અને આવો અપૂર્વ પરિવર્તન કેવી રીતે થયો? ધ્યાન અને વિચારોના તરંગ ઉપર જાણે કે તરતાં-તરતાં જ રાત્રિ સમાપ્ત થઈ ગઈ. સૂર્યોદય થતાં જ ફરી તેમણે ગાથા લિપિબદ્ધ કરવાનું કાર્ય શરૂ કર્યું. શિષ્યોને પરમ આશ્ચર્ય થયું. સદાય સર્વત્ર સહજ નિર્લિપ્ત રહેવાવાળા ગુરુદેવને ગ્રંથ રચનામાં સદૈવ આસક્ત જોઈને આશ્ચર્ય ન થાય તો બીજું શું થાય?

આ અપૂર્વ અને અલૌકિક ગ્રંથની રચના પૂર્ણ થવાથી હવે આચાર્યશ્રીનું જીવન પૂર્વવત્ સામાન્ય બની ગયું. આ ગ્રંથની સમાપ્તિ પહેલાં તેઓ શું કરતાં હતા? ક્યાં રહેતા હતા? — આ બધી વાતોની તેમને પરવાહ ન હતી. આત્મલીનતાથી બહાર આવતા ફક્ત ગ્રંથરચનાના કાર્યમાં સતત સંલગ્ન રહેતા હતા.

ગ્રંથ રચનાનો નિર્ણય કર્યો હતો તેથી આ કાર્ય થયું એમ નથી. આચાર્યદેવના આત્માની અદ્‌ભુત, અપાર અચિંત્ય શક્તિથી અર્થાત્ તેમના પુણ્ય અને વીતરાગમય પવિત્રતાથી આ કાર્ય થયું છે, અન્યથા તે અસંભવ હતું. આ ગ્રંથ રચવાનું કાર્ય થવાવાળું હતું, તેથી બધા સંયોગ—નિમિત્ત મળી ગયા. વાસ્તવિકતા જોવામાં આવે તો પ્રત્યેક કાર્ય અને બાહ્ય સંયોગનો એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહે છે. અન્યથા આ ભાવલિંગી મુનિરાજ ગ્રંથ રચનામાં આટલા વ્યસ્ત કેવી રીતે રહે?

આ ગ્રંથ કૃતિ અર્થાત્ વિશ્વનું એકમેવ અદ્વિતીય ચક્ષુ, સંસારી જીવોને સિદ્ધ બનાવવાવાળું ભરતક્ષેત્રનું શબ્દબ્રહ્મ, સર્વજન કલ્યાણકારક 'સમયસાર' છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવમાત્રના વાસ્તવિક હિતકારક અને ભવતારક આ કૃતિરત્નની રચના ફક્ત બે અઠવાડિયામાં અર્થાત્ ચૈત્ર સુદી-૧ થી શરૂ થઈને ચૈત્ર સુદ-૧૫ સુધીની કાળાવધિમાં પૂર્ણ થઈ. પોતાની દીર્ઘાયુમાં આવા અનુપમ ગ્રંથરત્ન વિશ્વને ભેટસ્વરૂપ દેવાના કારણે આચાર્ય કુંદકુંદદેવ જગત-જીવોના મનોમંદિરમાં 'यावत् चंद्र दिवाकरौ' સસન્માન બિરાજમાન રહેશે.

ગ્રંથના અંતમાં સાક્ષાત્ અનુભવ દ્વારા સ્વયં ગાથામાં લખ્યું છે, 'જે આત્મા (ભવ્ય જીવ) આ સમયપ્રાભૃતને ભણીને, અર્થ અને તત્ત્વથી જાણીને, તેના અર્થમાં સ્થિત થશે, તે ઉત્તમ સુખ સ્વરૂપ થશે.[૧]

સમયસાર સમાન લોકોત્તર મહિમાયુક્ત, મહાન, શ્રેષ્ઠ અર્થાત્ લોકોત્તમ કૃતિ નિર્માણ કરવા છતાં પણ આચાર્યનો હાથ શ્રાંત ન થયો. તરત જ નિશ્ચય ચારિત્રની પ્રધાનતાથી મોક્ષમાર્ગના સ્પષ્ટ અને સત્યાર્થ નિરૂપક નિયમસારની રચનામાં લાગી ગયા.

પ્રમત્ત અને અપ્રમત્ત અવસ્થા સ્વરૂપ પારણામાં નિરંતર ઝૂલવાવાળા આચાર્યદેવે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યથી પર્યાયની એકતાની સાધના કરતાં પરમપારિણામિક ભાવના યથાર્થ આશ્રયથી સમુત્પન્ન સ્વસંવેદન સુખને સંક્ષેપમાં આ ગ્રંથમાં લિપિબદ્ધ કર્યું છે. કારણશુદ્ધપર્યાય, કારણ સમયસાર, કાર્ય સમયસાર, સહજદર્શન, સહજજ્ઞાન આદિ સૂક્ષ્મ અને અનુભવગમ્ય વિષયોનો ખુલાસો કર્યો છે.

પોતાની આત્મસન્મુખ વૃત્તિને પણ અત્યંત માર્મિક શબ્દોમાં સ્પષ્ટ કરતાં થકા અંતિમ મંગળ કર્યું છે —

---

૧. जो समयपाहुडमिणं पढ़िदूण अत्थदच्चदो णादु।
अत्थे ठाही चेदा, सो होही उत्तमं सोक्खं।।४१५।।

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પૂર્વાપરદોષ રહિત જિનોપદેશને જાણીને મેં નિજભાવના નિમિત્તે નિયમસાર નામનું શાસ્ત્ર રચ્યું છે.[૧]

આ રીતે, આત્મકલ્યાણની સાથે સાથે પરકલ્યાણની સ્વાભાવિક ભાવનાથી આચાર્ય પરમેષ્ઠીએ બધા તીર્થંકર પરમદેવોની દિવ્યધ્વનિના સારને અને સ્વાનુભૂત સત્યને લોકમંગળ કરી ગ્રંથરત્નોમાં ગુંથીને જગતના ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો. આ મહામાનવે ૯૫ વર્ષ, ૧૦ મહિના અને ૧૫ દિવસ પર્યંત દીર્ઘ મનુષ્યજીવન સફળ રીતિથી વ્યતીત કરી ઈ.સ. પૂર્વ ૧૨મા સમાધિમરણપૂર્વક સ્વર્ગારોહણ કર્યું.[૨]

કળિકાળ સર્વજ્ઞ આચાર્યદેવે આ સંધ્યાચળની પર્વત શ્રૃંખલાઓના ઉત્તુંગ શિખર ઉપર આવીને લાંબા સમય સુધી તપસ્યા કરી હતી તેથી તેમની મહિમાથી જ અર્થાત્ આચાર્યદેવના નામને કારણે જ આ શિખરને 'કુંદાદ્રિ' નામથી લોકો ભક્તિ અને આનંદપૂર્વક ઓળખવા લાગ્યા. આ સ્થાન આચાર્યની તપોભૂમિ બની જવાથી લોકો આ સ્થાનને પવિત્ર માનવા લાગ્યા. સ્વાભાવિક જ આ પર્વત તીર્થક્ષેત્ર થઈ ગયું.

આ પર્વત ઉપર બારમી શતાબ્દીમાં તૈલપ રાજાએ પાર્શ્વ જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. રાજવૈભવની સાથે જિનબિંબની ભક્તિ અને ઉત્સાહથી પંચકલ્યાણક પ્રતિષ્ઠા પણ કરાવી હતી. આ મહોત્સવને કારણે જ તૈલપ રાજા કર્ણાટકના ચક્રવર્તી તૈલપ રાજા નામથી પ્રસિદ્ધ થયા.

આ દુર્ગમ (વિકટ) પર્વત ઉપર દર્શન માટે સુલભતાથી જવું

---

૧. णियभावणानिमित्तं मए कदं नियमसारणाम सुदं।
णच्चा जिणोवददेसं, पुव्वावरदोसणिम्मुक्कं।।१८७।।

૧. ડૉ. રાજમલ્લજી પાંડે લિખિત 'વિક્રમાદિત્ય', પાના નં. ૧૬૧

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સંભવ થાય એ પુણ્યમય હેતુથી ગુડ્ડેકેરી નામક ગામના નિવાસી શ્રીમતી કાડમ્મા અને શ્રી નાગપ્પા હેગડેએ સુગમ રસ્તો બનાવી દીધો જેથી અન્ય ભક્તો માટે પણ ભક્તિના માધ્યમનો સુઅવસર પ્રાપ્ત થઈ ગયો. બધા લોકો આ કુંદાદ્રિની પવિત્ર ભૂમિના દર્શનથી તે શ્રમણ શિરોમણિના દિવ્ય જીવનની સ્મૃતિથી પવિત્ર થઈને પોતાના જન્મને સાર્થક કરે એ જ શ્રેયસ્કર છે.

આચાર્ય કુંદકુંદ અત્યંત પ્રસિદ્ધ અને સર્વમાન્ય આચાર્ય હતા. આ સંબંધમાં અનેક ઉલ્લેખ શિલાલેખોમાં તથા ઉત્તરકાળવર્તી ગ્રંથોમાં જોવા મળે છે. તેમાંથી કેટલાક ઉદાહરણ અહીં આપવામાં આવે છે —

श्रीमतो वर्धमानस्य वर्धमानस्य शासने।
श्री कोण्डकुन्दनामामून्मूलसंघाग्रणीर्गणी॥

— શ્રવણબેલગોલ શિલાલેખ ૫૫/૬૯/૪૯૨

तदीयवंशाकरतः प्रसिद्धादभूददोषा यतिरत्नमाला।
बर्मौ यदन्तर्माणिवन्मुनीन्द्रस्य कुण्डकुन्दोदितचण्डदण्ड॥

— શ્રવણબેલગોલ શિલાલેખ - ૧૦૮

कवित्वनलिनीग्रामनिबोधन सुधाधृणिम्।
वन्द्यैर्वन्द्यमहं वन्दे कुन्दकुन्दाभिदं मुनिम्॥

— વિદ્યાનન્દકૃત સુદર્શન ચરિત્ર

असाध्यद्युसदां सहायमसमं गत्वा विदेहं जवा।
दद्राक्षीत् किल केवलेक्षणमिनं द्योतक्षमध्यक्षतः।
स्वामी साम्यपराधिरूढ़ धिषणःश्रीनंदिसंघाश्रियो।
मान्यः सोऽस्तु शिवाय शान्तमनसा श्रीकुन्दकुन्दाभिघः॥

— અમરકીર્તિ સહસ્રનામ ટીકા

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



श्रीमूलसंघेऽजनि नन्दिसंघास्तस्मिन् बलात्कारगणेऽतिरम्ये।
तत्राभवत्पूर्वपदांशवेदी श्री माघनन्दी नरदेववन्द्यः॥
पट्टे तदीय मुनिमान्यवृतो जिनादिचन्द्र सममूद्रतन्द्रः।
ततो भवत् पंच सुनाम धामा श्रीपद्मनन्दी मुनी चक्रवर्ती॥

— નન્દિસંઘ પટ્ટાવલી

આચાર્ય શ્રી કુંદકુંદદેવને મૂળસંઘના આદિ પ્રવર્તક માનવામાં આવે છે. કોંડકુંદપુરથી ઉત્પન્ન મુનિ પરંપરાને 'કુંદકુંદાન્વય' કહેવામાં આવે છે. આ કુંદકુંદાન્વયનો ઉલ્લેખ શક સંવત ૩૮૮નાં મર્કરાના તામ્રપત્ર શિલાલેખ નં. ૯૪ ની સાથે પ્રતીત થાય છે. ૯૪માં શિલાલેખમાં કોંગણિવર્મએ મૂળસંઘના પ્રમુખ આચાર્ય ચંદ્રનંદિને ભૂદાન આપ્યું હતું — એવો ઉલ્લેખ મળે છે અને આ ઉલ્લેખ મર્કરાના દાનપત્રમાં પણ મળે છે. વિશેષ વાત એ છે કે આમાં ચંદ્રનંદિની ગુરુ પરંપરા પણ આપવામાં આવી છે અને તેમને દેશીગણના કુંદકુંદાન્વયના કહેવામાં આવ્યા છે.

૯૪માં શિલાલેખનો સમય લગભગ પાંચમી શતાબ્દીનું પ્રથમ ચરણ છે અને મર્કરાના તામ્રપત્રમાં સંકલિત સમય અનુસાર તે સમય ઈ.સ. ૪૬૬ થાય છે. કોંગણિવર્મના પુત્ર દુર્વિનીતનો સમય ઈ.સ. ૪૮૦ થી ૫૨૦ની મધ્ય છે. તેથી તામ્રપત્રમાં ઉલ્લેખિત સમયમાં કોંગણિવર્મ જીવિત હતા કે જેણે ચંદ્રનંદિને દાન આપ્યું હતું.

ચંદ્રનંદિની ગુરુ પરંપરામાં ગુણચંદ્ર, અભયનંદિ, શિલભદ્ર, જયનંદિ, ગુણનંદિ, ચંદ્રનંદિ આદિ મહામુનિઓના નામોનો ઉલ્લેખ છે. આથી મૂળસંઘની પરંપરાની ખૂબ જ પ્રાચીનતા સિદ્ધ થાય છે અને આચાર્ય કુંદકુંદદેવ ઈ.સ. પૂર્વે જ થયા હતા તેની પુષ્ટી થાય છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેવી જ રીતે અભિધાન રાજેન્દ્ર કોષમાં આચાર્ય કુંદકુંદનો પરિચય આપતા લખ્યું છે કે.....

कुन्दकुन्द पु. स्वनामख्यातो दिगम्बराचार्य भद्रबाहुर्गुप्तिगुप्तो माघनन्दिर्जिनचन्द्रः कुन्दुकन्दाचार्य इति तत्पट्टावल्यां शिष्यपरम्परा अयमाचार्यो-विक्रम सं. ४९ वर्षे वर्तमान आसीत्। अस्यैव वक्रग्रीवः एलाचार्यः गृद्धपिच्छः मदननन्दि दिव्यपराणि नामानि ॥ — અભિધાન રાજેન્દ્રકોષ ૩-૫૫૭

વિ.સં. ૪૯માં આચાર્ય કુંદકુંદની વિદ્યમાનતાને સ્વીકાર્યું છે અને તેમના પાંચેય નામોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. માત્ર પદ્મનંદીના સ્થાન ઉપર 'મદનનંદી' કહેવામાં આવ્યું છે. તેથી નિર્વિવાદરૂપથી જ્ઞાત થાય છે કે આચાર્ય કુંદકુંદ ઈ.સ. પૂર્વે જ થયા હતા.

વિકાર વિજયી યુગપુરુષ આચાર્ય કુંદકુંદ કેવળી સદશ કર્તવ્ય નિભાવીને પ્રસિદ્ધ મંગલાચરણ શ્લોકમાં ત્રીજા સ્થાન ઉપર બિરાજમાન થઈ ગયા. ૮૫ વર્ષ તેમના સુદીર્ઘ સાધુજીવનના આચાર્ય પરંપરામાં એક જ અદ્વિતીય અને અત્યંત ગૌરવાસ્પદ સ્થાન છે. આ કાળાવધિમાં આચાર્યશ્રીએ દક્ષિણ અને ઉત્તર ભારતમાં અનેકવાર વિહાર કરીને જન જાગૃતિ અને ધર્મ-જાગૃતિને સર્વોચ્ચ કોટિ ઉપર પહોંચાડીને સત્ય સનાતન દિગંબર જૈન પરંપરા માટે એક દૃઢ અને ભદ્ર પાયો નાખ્યો.

આચાર્યદેવે વસ્તુતત્ત્વનું યથાર્થ નિરૂપણ તો કર્યું જ છે, પરંતુ એટલા માત્રથી કામ સમાપ્ત નથી થયું — તેમને સંતોષ પણ નથી થયો. શુદ્ધાત્મતત્ત્વ, પરદ્રવ્ય, પરગુણ અને પરપર્યાયથી ભિન્ન અને સ્વગુણોથી અભિન્ન તથા પોતાની શુદ્ધાશુદ્ધ પર્યાયોથી પણ ભિન્ન છે આ વિષય પણ અત્યંત સુલભતાથી તેમણે સ્પષ્ટ રીતે સમજાવ્યો. આ જિનાગમનો વિષય સમયસારાદિ અધ્યાત્મગ્રંથો સિવાય અન્યત્ર

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુર્લભ છે. સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે નિજ શુદ્ધાત્મતત્ત્વ જ્ઞાયકભાવના જ્ઞાન-શ્રદ્ધાનની સર્વપ્રથમ આવશ્યકતા છે. સાથે-સાથે જીવનમાં વીતરાગ ચારિત્ર પણ વિકસીત થાય એવો પ્રયાસ કરવો જોઈએ. તેમના ગ્રંથોમાં પ્રદિપાદિત પરમ પવિત્ર અધ્યાત્મ ગંગામાં અવગાહન કરવાવાળા ભવ્ય જીવ નિયમપૂર્વક ભવભ્રમણથી મુક્ત થઈને શાશ્વત સુખને સદાય માટે પ્રાપ્ત થાય છે, તેમાં સંદેહ નથી. કારણ કે આ ગ્રંથોમાં ભવ અને ભવના ભાવના અભાવસ્વરૂપી સ્વભાવનું વિવેચન કરવામાં આવ્યું છે.

આચાર્યદેવે પોતાના જીવનકાળમાં ૮૪ પાહુડ ગ્રંથોની રચના કરી હતી એવું જણાય છે, પરંતુ હવે ફક્ત બાર પાહુડ ગ્રંથ ઉપલબ્ધ છે, બાકીના પાહુડ ગ્રંથ પૃથ્વીની કઠોર ગર્ભમાં લુપ્ત થઈ ગયા છે અથવા કોઈ ગ્રંથ ભંડારમાં તાડપત્ર ઉપર લખેલા પ્રકાશન હેતુ ભવિતવ્યની રાહ જોતાં હશે. બારસ અણુવેક્ખા, ભક્તિસંગ્રહ પણ આચાર્યકૃત જ રચનાઓ છે, જેનું રસાસ્વાદન રસિક સમાજ કરી રહ્યો છે.

આચાર્યદેવના પ્રાયઃ બધા જ ગ્રંથ ''પાહુડ'' નામાંત છે. જેવી રીતે સમયપાહુડ, સૂત્રપાહુડ, મોક્ષપાહુડ, ભાવપાહુડ આદિ. પાહુડનું સંસ્કૃત રૂપ 'પ્રાભૃત' થાય છે. પ્રાભૃતનો અર્થ છે ભેટ. આ જ અર્થને લક્ષમાં રાખીને આચાર્ય જયસેને સમયસારની પોતાની ટીકામાં સમયપ્રાભૃતનો અર્થ અંગ્રાકિત પ્રકાર કર્યો છે.

यथा कोऽपि देवदत्तः राजदर्शनार्थ किंचित् सारभूतं वस्तु राज्ञे ददाति तत् प्राभृतं भण्यते। तथा परमात्माराधक पुरुषस्य निर्दोषपरमात्म-राजदर्शनार्थमिदमपि शास्त्रं प्राभृतम्।

અર્થાત્ જેવી રીતે દેવદત્ત નામક કોઈ વ્યક્તિ રાજાના દર્શન કરવા માટે — રાજાને મળવા માટે સારભૂત વસ્તુ રાજાને ભેટ આપે છે, તેને પ્રાભૃત-ભેટ કહે છે; તેવી જ રીતે પરમાત્માના

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આરાધક પુરુષ માટે નિર્દોષ પરમાત્મારૂપી રાજાના દર્શન કરવા માટે આ શાસ્ત્ર પણ પ્રાભૃત છે. ''જાણે કે આ ગ્રંથાધિરાજ ભવ્ય જીવો માટે આચાર્ય કુંદકુંદની ભેટ છે.''

પ્રાભૃતનો આગમિક અર્થ યતિવૃષભે પોતાના ચૂર્ણિસૂત્રોમાં આ પ્રકારે કર્યો છે —

जह्मा पदेहिं पुदं (फुडं) तह्मा पाहुडं[1]

જે પદોથી સ્ફૂટ અર્થાત્ વ્યક્ત છે, તેથી તે પાહુડ કહેવાય છે.

'જયધવલા' નામક પોતાની ટીકામાં આચાર્ય વીરસેને પ્રાભૃતનું સ્પષ્ટીકરણ આ પ્રકારે કર્યું છે —

प्रकृष्टेन तीर्थंकरेन आभृतं प्रस्थापितं इति प्राभृतं। प्रकृष्टैराचार्यैं विद्यावित्तवदिभराभृतं धारितं व्याख्यातमानीतमिति वा प्राभृतम्। [2]

અર્થાત્ પ્ર + આભૃત = જે પ્રકૃષ્ટરૂપથી તીર્થંકર દ્વારા પ્રસ્થાપિત કરાયું છે તે પ્રાભૃત છે અથવા વિદ્યા જ જેનું ધન છે એવા પ્રધાન આચાર્યો દ્વારા જે ધારણ કરાયું છે અથવા વ્યાખ્યાન કરાયું છે અથવા પરંપરારૂપથી લાવવામાં આવ્યું છે, તે પ્રાભૃત છે.

તેથી, પ્રાભૃત શબ્દ આ વાતનો સૂચક છે કે જે ગ્રંથની સાથે આ પ્રાભૃત શબ્દ સંયુક્ત છે, તે ગ્રંથ દ્વાદશાંગવાણીથી સંબદ્ધ છે. કારણ કે ગણધર દ્વારા રચિત અંગ અને પૂર્વોમાંથી ૧૪ પૂર્વોમાં પ્રાભૃત નામક અવાંતર અધિકાર છે. કષાયપાહુડ અને ષટ્ખંડાગમ બંને ક્રમથી પાંચમા અને બીજા પૂર્વથી સંબંધિત છે. પહેલો ભાગ યુક્તિ અને આગમ કુશળતાની છાપથી અંકિત છે અને બીજો ભાગ પ્રતિપાદન શૈલીથી, પરંતુ સમયસારમાં તો બંનેની વિશેષતા પદ-

૧. કષાયપાહુડ ભાગ-૧, પૃષ્ઠ ૩૨૬

૨. કષાયપાહુડ ભાગ-૨, પૃષ્ઠ ૩૨૫

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પદમાં જોવા મળે છે. આચાર્ય કુંદકુંદના બંને ગુણોનો નિખાર સમયપ્રાભૃતમાં પોતાની ચરમસીમા ઉપર પહોંચી ગયો છે. નિશ્ચય-વ્યવહારનો સામંજસ્ય તેમની યુક્તિ અને આગમની કુશળતાનું અપૂર્વ ઉદાહરણ છે તથા તેના દ્વારા કરવામાં આવેલી પરમાર્થની સિદ્ધિ તેમના પ્રતિપાદનનો ચમત્કાર છે.

આ રીતે, વાસ્તવિકરૂપથી જોવામાં આવે તો તીર્થંકર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ દ્વારા ઉદ્‌ઘોષિત અને પરમ પૂજ્ય ગૌતમાદિ ગણધરોથી રચિત વાણી જેટલી મહાન અને સર્વથા વિશ્વસનીય છે તેટલા જ મહાન અને સર્વથા વિશ્વસનીય આચાર્ય કુંદકુંદદેવના ગ્રંથ છે.

વાસ્તવમાં જોવામાં આવે તો આચાર્યદેવ દ્વારા રચિત બધા જ શાસ્ત્રો પરમોપકારી છે. તેમના ૮૪ પાહુડ ગ્રંથ ૮૪ લાખ યોનીથી મુક્ત થઈને શાશ્વત અને સુખમય સિદ્ધાલયમાં અનંતકાળ સુધી બિરાજમાન થવા માટે પ્રત્યેક જીવને ભેટ સ્વરૂપ છે. એવો અભિપ્રાય કોઈને પણ અતિશયોક્તિ કે અસત્ય ન લાગવું જોઈએ. આ રીતે નિર્ણય કરીને સાચા સુખની ઈચ્છા રાખવાવાળાને આચાર્યરચિત વર્તમાનમાં ઉપલબ્ધ ૧૨ પાહુડ આદિ ગ્રંથોનું આત્મસન્મુખ થઈને અધ્યયન કરવું પરમ આવશ્યક છે, માનવ જીવનનું (પહેલું) આદ્ય અને અનિવાર્ય કર્તવ્ય પણ આ જ છે.

**પંચાસ્તિકાય :**

આ ગ્રંથનું મૂળ પ્રાકૃત નામ 'પંચત્થિકાય સમય પાહુડ' છે. પાહુડ અર્થાત્ પ્રાભૃત શબ્દને ગૌણ કરતાં પંચાસ્તિકાય નામ જ વિશેષ પ્રસિદ્ધ છે. આ શાસ્ત્રમાં મુખ્ય રીતે જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ—આ પાંચ અસ્તિકાય દ્રવ્યોનું વર્ણન છે. કારણ કે તે દ્રવ્ય બહુપ્રદેશી છે. આ બધા દ્રવ્ય લોકાકાશમાં સ્થિત છે, છતાં પણ

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતપોતાના સ્વભાવને છોડતા નથી. આવા સત્તાસ્વરૂપને સમજાવીને જે વિભિન્ન પર્યાયોને પ્રાપ્ત થાય છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. પાંચ દ્રવ્યોનું અને દ્રવ્ય તથા ગુણોના આપસના પરસ્પર સંબંધનું વર્ણન કરતાં સપ્તભંગોનું નિરૂપણ પણ કર્યું છે.

અસત્‌નો ઉત્પાદ નથી થતો અને ન તો સત્‌નો વિનાશ! આ સનાતન સિદ્ધાંતનો સ્વીકાર કરાવતા સત્‌સ્વરૂપ પદાર્થનો વિનાશ નથી થતો અને અસત્ વસ્તુનો ઉત્પાદ પણ નથી થતો એમ કહ્યું છે. પર્યાય ઉત્પન્ન-ધ્વંસી છે. પદાર્થ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય છે અને તે જ પદાર્થ પર્યાયદૃષ્ટિથી અનિત્ય છે. આ રીતે, જીવાદિ છએ દ્રવ્યોના સામાન્ય સ્વરૂપનું વિશદ્ સુન્દર નિરૂપણ કરવામાં આવ્યું છે. જે જીવ આ પંચાસ્તિકાય સંગ્રહને સમજીને રાગ-દ્વેષને છોડી દે છે તે દુ:ખથી મુક્ત થઈ જાય છે. આ નિરૂપણપૂર્વક પ્રથમ સ્કંધ(અધ્યાય)ને પૂર્ણ કર્યો છે.

બીજા સ્કંધમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રનું સ્પષ્ટ સ્વરૂપ દર્શાવ્યું છે. આગળ જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ — આ નવ તત્ત્વોનું વર્ણન કરીને નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગનું વિવરણ કરતાં થકા બંનેમાં સામંજસ્ય સ્થાપિત કર્યું છે. અરિહંત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન અને જ્ઞાન પ્રત્યે ભક્તિ સંપન્ન પુરુષ અત્યધિક પુણ્ય બાંધે છે, પરંતુ કર્મક્ષય નથી કરતો, આ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. કર્મક્ષય માટે પ્રશસ્ત અને અપ્રશસ્ત રાગ આદિ બધા ભાવોના અભાવને આવશ્યક કહ્યું છે.

**પ્રવચનસાર :**

આ ગ્રંથનું મૂળ નામ (પ્રાકૃતભાષાની અપેક્ષાએ) ‘પવયણસાર’ છે. આચાર્યદેવની આ અત્યંત મહત્વપૂર્ણ કૃતિ છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ ગ્રંથના અધ્યયનથી આચાર્યદેવની વિદ્વત્તા, તાર્કિકતા અને આચારનિષ્ઠા આદિ અનેક અનુપમ ગુણોનો યથાર્થ બોધ થાય છે. પ્રવચનસારમાં વસ્તુના યથાર્થ સ્વરૂપનું અતિ સ્પષ્ટ રીતે વિવેચન કર્યું છે. ગ્રંથારંભમાં જ આચાર્યશ્રીએ પૂર્ણ વીતરાગ ચારિત્ર પ્રત્યે પોતાની તીવ્ર આકાંક્ષા વ્યક્ત કરી છે. તેઓ અખંડરીતિથી આત્મસ્વરૂપમાં જ લીન થવા ઈચ્છે છે, પરંતુ જે સમયે પ્રમત્ત અવસ્થા આવતી હતી, તે સમયે આ પ્રવચનસાર નામક વચનમૌક્તિક માળાની રચના કરી છે. આમાં સર્વત્ર મુખ્યતાથી શુદ્ધોપયોગરૂપ વીતરાગ ચારિત્રની મહિમા ગુંજાયમાન છે.

આ પરમ પવિત્ર શાસ્ત્રમાં ત્રણ અધિકાર છે. પ્રથમ અધિકારમાં ૯૨ ગાથાઓ દ્વારા જ્ઞાનતત્ત્વની ચર્ચા, બીજા અધિકારમાં ૧૦૮ ગાથાઓ દ્વારા જ્ઞેયતત્ત્વ અધિકારની ચર્ચા અને ત્રીજા અધિકારમાં ચારિત્રનું કથન ૭૫ ગાથાઓ દ્વારા કરવામાં આવ્યું છે.

**(૧) જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર :—** ઈન્દ્રિયજન્ય જ્ઞાન અને સુખ હેય છે. અતીન્દ્રિયજ્ઞાન અને સુખ ઉપાદેય છે. અનાદિકાળથી પરોન્મુખ વૃત્તિવાળા જીવોને 'હું જ્ઞાનસ્વરૂપ જ છું અને મારું સુખ મારામાં જ છે' આવું શ્રદ્ધાન ઉદિત થતું નથી તેથી તેમની પરોન્મુખ વૃત્તિ ચાલી રહી છે, એવું કહ્યું છે. આ અધિકારમાં જ્ઞાનાનંદ સ્વભાવનું વિસ્તારથી વર્ણન કરીને કેવળ અર્થાત્ અનંત જ્ઞાન અને અનંત સુખને પ્રાપ્ત કરવાની ભાવના જગાડી છે. ક્ષાયિકજ્ઞાન જ ઉપાદેય છે. ક્ષાયોપશમિકજ્ઞાનવાળા (અલ્પજ્ઞ તથા આપણા જેવા) કર્મભારનું વહન કરે છે. પ્રત્યક્ષજ્ઞાન (કેવળજ્ઞાન-પૂર્ણજ્ઞાન) જ એકાંતિક સુખસ્વરૂપ છે. પરોક્ષજ્ઞાન અત્યંત આકુળતામય છે. કેવળી ભગવાનનું અતિન્દ્રિય સુખ વાસ્તવિક સુખ છે, ઈન્દ્રિયજનિત સુખ તો દુઃખરૂપ જ છે. ઘાતિકર્મોથી રહિત

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળી ભગવાનના સુખનું વર્ણન સાંભળીને પણ જે જીવ તે સુખનું શ્રદ્ધાન નથી કરતો, તેને અભવ્ય કહે છે. અંતમાં રાગ-દ્વેષ નિર્મૂળ કરવાના યથાર્થ ઉપાયને સંક્ષેપમાં દર્શાવ્યો છે.

**(૨) જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર :—** અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરવાવાળા જીવોએ બધું જ કર્યું, પરંતુ સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ ન કર્યું હોવાથી દુઃખી છે. બંધમાર્ગ અને મોક્ષમાર્ગમાં જીવ સ્વયં જ કર્તા, કર્મ, કરણ છે અને તે જ કર્મફળને ભોગવે છે. આ જીવને પર સાથે કોઈ સંબંધ નથી. આવું યથાર્થ શ્રદ્ધાન આ જીવને ક્યારેય ઉત્પન્ન થયું ન હોવાથી અનેક મિથ્યા ઉપાયો કરવા છતાં પણ આ જીવ દુઃખથી મુક્ત નથી થયો.

જગતના પ્રત્યેક સત્ અર્થાત્ દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે, ગુણપર્યાય સહિત છે. આ સિવાય તે દ્રવ્યનું અસ્તિત્વ જ નથી. સત્ કહો, દ્રવ્ય કહો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહો કે ગુણ-પર્યાયનો પિંડ કહો બધાનો અર્થ એક જ છે. ત્રિકાળજ્ઞ જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રત્યક્ષ જાણેલા—દેખેલા વસ્તુસ્વરૂપનો આ મૂળ સિદ્ધાંત છે. વીતરાગ વિજ્ઞાનના આ મૂળભૂત સિદ્ધાંતને અત્યંત સુંદર રીતે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજાવવામાં આવ્યું છે. દ્રવ્યનું સામાન્ય અને દ્રવ્યનું વિશેષ સ્વરૂપ પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ આદિ દસ પ્રાણોથી જીવની ભિન્નતા, નિશ્ચય-બંધસ્વરૂપ, શુદ્ધાત્મોપલબ્ધિનું ફળ આદિ વિષયોનું વિષદ્ વિવેચન કર્યું છે. જિનશાસનના મૌલિક સિદ્ધાંતને અબાધિત સિદ્ધ કર્યા છે.

આ અધિકાર જિનશાસનનો કીર્તિસ્તંભ છે. આ અધિકારની રચના કરીને આચાર્યદેવે કેવળી ભગવાનના વિરહને ભૂલાવી દીધો છે. વસ્તુસ્વરૂપનું કથન અદ્ભુત શૈલીથી કર્યું છે. તેથી પ્રત્યેક વ્યક્તિએ આ પ્રકરણનું સૂક્ષ્મ અધ્યયન કરવું જોઈએ. આ શ્રુતરત્નાકર અનુપમ છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ચરણાનુયોગસૂચક ચૂલિકા** :—આ અધિકારમાં એ સ્પષ્ટરૂપથી કહેવામાં આવ્યું છે કે મોહાદિજન્ય વિકારોથી રહિત આત્મા આત્માની વીતરાગ પરિણતિ જ સાચું ચારિત્ર છે. (આ સાચા ચારિત્રનો જ ધર્મરૂપથી સ્વીકાર કરવામાં આવ્યો છે.) ચારિત્ર પરિણત આત્મા શુદ્ધોપયોગથી યુક્ત થતા નિર્વાણ સુખને પ્રાપ્ત થાય છે. નિર્વાણ સુખ અતીન્દ્રિય છે અને તે કર્મક્ષયથી પ્રાપ્ત થાય છે. મુનિરાજને અંતરંગ શુદ્ધતા-વીતરાગતાને અનુરૂપ શુભોપયોગ હોય છે અને તે અનુસાર બાહ્યક્રિયાનું પાલન સહજ જ થાય છે. જિનોક્ત દીક્ષાવિધિ, ૨૮ મૂળગુણ, અંતરંગ-બહિરંગછેદ, યુક્તાહારવિહાર, મુનિઓનો પરસ્પર વ્યવહાર આદિ વિષયોને સમજાવ્યા છે. આત્મદ્રવ્યને મુખ્ય રાખીને આ પ્રકારના ચરણાનુયોગનું પ્રતિપાદન અન્ય કોઈ શાસ્ત્રમાં જોવા નથી મળતું. આ પ્રકારે આ શાસ્ત્રમાં જિનશાસનના મૂળ સિદ્ધાંતોના બીજ વિદ્યમાન છે. આમાં પ્રત્યેક દ્રવ્ય, ગુણ અને પર્યાયની સ્વતંત્રતાની ઘોષણા અત્યંત જોરદાર અને સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી છે, દિવ્યધ્વનિથી નીકળેલા અનેક પ્રયોજનભૂત સિદ્ધાંતોનું સર્વોત્તમ વર્ણન કર્યું છે.

**સમયસાર :—**

આ ગ્રંથને 'સમયપાહુડ' અથવા 'સમયપ્રાભૃત' પણ કહે છે. આમાં કુલ ૪૧૫ ગાથાઓ છે. પૂર્વરંગથી પ્રારંભ થઈને જીવ-અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ અને સર્વવિશુદ્ધજ્ઞાન નામના નવ અધિકાર છે.

**પૂર્વરંગ** :— જે જીવાદિ જ્ઞેયરૂપ પદાર્થોને જાણે છે અને પરિણમે છે તેને સમય કહે છે. સમયના સ્વસમય અને પરસમય એવા બે ભેદ કર્યા છે. જે જીવ પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવમાં સ્થિત છે, તે સ્વસમય છે અને જે જીવ કર્મજન્ય પોતાની

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવસ્થાઓને અથવા દ્રવ્યની અવસ્થાઓને પોતાની માને છે, તે પરસમય છે. આ જગતને અનાદિથી કામ, ભોગ, બંધની કથા શ્રુત, જ્ઞાત, પરિચિત અને અનુભૂત છે, પરંતુ એકત્વ-વિભક્ત જ્ઞાયક આત્માની કથા આ જગતે ન તો ક્યારે સાંભળી છે, ન તો જાણી છે અને ન તો અનુભવ પણ કર્યો છે. તેથી હું આ જ્ઞાયક આત્માની કથાને નિજવૈભવથી કહીશ એવી પ્રતિજ્ઞા આચાર્યદેવે કરી છે. આત્મા અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. આ બંને અવસ્થાઓ પરદ્રવ્યના નિમિત્તે થાય છે. આત્મા સ્વભાવથી જ્ઞાયક અર્થાત્ જ્ઞાતામાત્ર છે. જ્ઞાયકમાં જ્ઞેયકૃત અશુદ્ધતા પણ નથી.

**જીવાજીવાધિકાર :—** આત્મસ્વભાવમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ નથી. આત્મા કેવળ ચૈતન્યસ્વભાવી છે. કોઈ અજ્ઞાની રાગ-દ્વેષાદિ પરિણામોને, કોઈ કર્મફળને, કોઈ શરીરને આત્મા માને છે, પરંતુ આમાંથી કોઈપણ જીવ નથી. આ બધી પુદ્‌ગલ દ્રવ્યની અવસ્થાઓ છે. જીવસ્થાન અને ગુણસ્થાન આદિને વ્યવહારથી જીવ કહેવામાં આવ્યા છે. કારણ કે વ્યવહાર વિના નિશ્ચયનું કથન શક્ય નથી. આ બધા આગંતુક (આવવાવાળા) ભાવોનો પરિત્યાગ કરીને ‘હું કેવળ ઉપયોગમાત્ર જ્ઞાન-દર્શન સ્વરૂપ આત્મા છું’ એવો નિર્ણય કરવો જોઈએ.

**કર્તાકર્મ અધિકાર :—** આમાં કહ્યું છે કે જીવ અને અજીવ બંને સ્વતંત્ર છે, તેમ છતાં જીવ-પરિણામોનું નિમિત્ત પામીને પુદ્‌ગલમય કાર્માણવર્ગણાઓ સ્વયમેવ કર્મરૂપ પરિણમિત થાય છે અને પુદ્‌ગલકર્મોદયનું નિમિત્ત પામીને જીવ ક્રોધાદિ વિકારરૂપ પરિણમિત થાય છે. આમ હોવા છતાં પણ જીવ અને અજીવ બંને પૂર્ણ સ્વતંત્ર છે. જીવ કર્મના કોઈપણ ગુણનો ઉત્પાદ નથી કરી શકતો અને કર્મ પણ જીવના કોઈપણ ગુણનો ઉત્પાદ નથી કરી શકતો. જીવ અને કર્મમાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અવશ્ય

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. તેથી જીવ પોતાના ભાવોનો કર્તા છે, નહીં કે કર્મોનો. માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધના કારણે જીવને કર્મોનો અને કર્મને જીવના ભાવોનો કર્તા વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી જીવ પુદ્ગલકર્મોનો કર્તા અને ભોક્તા ક્યારેય છે જ નહીં.

ગ્રંથાધિરાજ સમયસારને છોડીને અન્ય જૈન-જૈનેત્તર કોઈપણ ધર્મશાસ્ત્રમાં કર્તા-કર્મ અધિકાર સમાન અલૌકિક વિષય નથી. તેથી આ વિષયનો મર્મ સમજવો આપણું કર્તવ્ય છે.

**પુણ્ય-પાપ અધિકાર :—** જેવી રીતે લોખંડની બેડી પુરુષને બાંધે છે તેવી રીતે સોનાની પણ. આ રીતે, પુણ્ય-પાપ બંને બંધના જ કારણ છે, તેથી પાપ સમાન પુણ્ય પણ હેય જ છે. આ બંને બંધક, આકુળતાના ઉત્પાદક અને સંસારના કારણ હોવાથી બંનેનો ત્યાગ કરવો શ્રેયસ્કર છે.

**આસ્રવ અધિકાર :—** જીવના મોહ, રાગદ્વેષરૂપ ભાવ જ વાસ્તવમાં આસ્રવ છે. આ ભાવોનું નિમિત્ત પામીને કાર્માણ વર્ગણાઓનો જીવની સાથે એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ થાય છે, જેને દ્રવ્યાસ્રવ કહે છે. અજ્ઞાનીના અજ્ઞાનમય પરિણામ થાય છે અને જ્ઞાનીના જ્ઞાનમય. જ્ઞાનમય પરિણામોથી અજ્ઞાનમય પરિણામ અવિરુદ્ધ થાય છે તેથી જ્ઞાની જીવોને કર્મોનો આસ્રવ નથી થતો.

**સંવર અધિકાર :—** આમાં સંવર તત્ત્વનું પ્રતિપાદન છે. રાગાદિ ભાવોનો નિરોધ જ સંવર છે. આત્મામાં આંશિક શુદ્ધિ પ્રગટ થવી જ સંવર છે. સંવરનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. આત્મા ઉપયોગ અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવ જડસ્વરૂપ છે. તેથી ઉપયોગ અર્થાત્ આત્મામાં ક્રોધાદિ ભાવ નથી. ક્રોધાદિ ભાવોમાં તથા કર્મ અને નોકર્મમાં ઉપયોગ નથી, આ ભેદને જાણવો તે જ ભેદવિજ્ઞાન છે. ભેદવિજ્ઞાનથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ અને

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધાત્માની ઉપલબ્ધિથી મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે. અધ્યવસાનોના નિરોધથી આસ્રવનો નિરોધ થાય છે. આસ્રવના નિરોધથી કર્મોનો નિરોધ અને કર્મોના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.

**નિર્જરા અધિકાર** :— સમ્યગ્દષ્ટિ જીવ ઈન્દ્રિયોના માધ્યમથી ચેતન-અચેતન દ્રવ્યોનો જે ઉપભોગ કરે છે, તે ઉપભોગ નિર્જરાનું જ કારણ છે, બંધનું નહીં. કારણ કે સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્યની અદ્‌ભૂત અને અપૂર્વ શક્તિ પ્રાપ્ત થઈ છે. જ્ઞાની કર્મોદયજન્ય ભોગ ભોગવે છે, પરંતુ કર્મોથી બંધાતો નથી. અનુભવમાં આવવાવાળા જે આ રાગાદિ પરિણામ છે, તે તો કર્મોદયનું ફળ છે, તે મારો નિજભાવ નથી, હું તો શુદ્ધ જ્ઞાયક છું — આમ જાણવાવાળો જ્ઞાની કર્મોદયજન્ય પરિણામોનો ત્યાગ કરે છે.

**બંધ અધિકાર** :— આત્મા અને પૌદ્‌ગલિક કર્મ બંને સ્વતંત્ર છે. એક ચેતન અને બીજો અચેતન, તેમ છતાં અનાદિથી આ બંનેનો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બંનેમાં પરસ્પર લોહ તથા ચુંબકની જેમ આકર્ષિત થવાની અને આકર્ષિત કરવાની સ્વાભાવિક યોગ્યતા છે. પોતપોતાની યોગ્યતાથી બંને એકક્ષેત્રાવગાહી છે. અજ્ઞાની ઈન્દ્રિય વિષયોમાં રાગ-દ્વેષ કરતો થકો કર્મોથી બંધાય છે અને જ્ઞાની જ્ઞાનરૂપ પોતાના આત્મસ્વભાવમાં લીન હોવાથી કર્મોથી મુક્ત થતો રહે છે.

**મોક્ષ અધિકાર** :— જેમ કોઈ પુરુષ 'હું બંધાયેલો છું' આટલું જાણવામાત્રથી મુક્ત નથી થતો, મુક્તિ માટે પ્રયત્ન કરવો અપેક્ષિત છે; તેવી જ રીતે કર્મબંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી મુક્તિ નથી મળતી, પરંતુ રાગાદિને છોડીને શુદ્ધરૂપ પરિણમિત થવાથી જ મુક્તિ મળે છે. આત્મા અને કર્મના સ્વભાવને જાણીને આત્માના

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવને ગ્રહણ કરવો અને કર્મોને છોડવો, તે જ મુક્ત થવાનો યથાર્થ ઉપાય છે.

**સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર :—** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનો વિષય શુદ્ધાત્મા છે, તે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. આ શુદ્ધાત્મા કોઈનું કારણ નથી અને કોઈનું કાર્ય પણ નથી. તેની સાથે પરદ્રવ્યનો કોઈપણ પ્રકારનો સંબંધ નથી. આત્મા સ્વભાવથી સુખસ્વરૂપ છે અને તે પરદ્રવ્યનો કર્તા અને ભોક્તા ક્યારેય પણ નથી. અજ્ઞાની અજ્ઞાનવશ પોતાને પરદ્રવ્યરૂપ કર્મનો કર્તા-ભોક્તા માને છે અને દુઃખી થાય છે.

**નિયમસાર :—**

આમાં ૧૮૭ ગાથાઓ છે. આ ગ્રંથ ઉપર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની ટીકા લખી છે. આ ગ્રંથ બાર અધિકારોમાં વિભક્ત છે—જીવ, અજીવ, શુદ્ધભાવ, વ્યવહારચારિત્ર, પરમાર્થપ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન પરમાલોચના, શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત, પરમસમાધિ, પરમભક્તિ, નિશ્ચયપરમાવશ્યક તથા શુદ્ધોપયોગ. મોક્ષમાર્ગનું નિરૂપણ કરવાવાળો સર્વોત્કૃષ્ટ ગ્રંથ છે. નિયમસાર શબ્દનો અર્થ શુદ્ધ રત્નત્રય છે.

આ પરમાગમના પ્રત્યેક પૃષ્ઠ ઉપર આચાર્ય ભગવાને સ્વયં અનુભૂત અલૌકિક અનુપમ તત્ત્વને દર્શાવ્યું છે. શુદ્ધ નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વના આશ્રયથી થાય છે. સમ્યગ્દર્શનથી લઈને સિદ્ધદશા સુધીની બધી જ ભૂમિકાઓ આમાં સમાહિત છે.

યથાર્થ ભાવભાસન સહિત નિજ પરમાત્મતત્ત્વનો જે જઘન્ય આશ્રય છે, તે સમ્યગ્દર્શન છે. જ્યારે આ આશ્રય મધ્યમ તથા ઉગ્ર

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવસ્થાને પ્રાપ્ત થાય છે ત્યારે દેશચારિત્ર અને સકલચારિત્ર આદિ અવસ્થાઓ પ્રગટ થાય છે. પૂર્ણ આશ્રય લેવાથી કેવળજ્ઞાન અને સિદ્ધત્વની પ્રાપ્તિ થઈને જીવ કૃતકૃત્ય થઈ જાય છે.

આ રીતે, નિજ પરમાત્મતત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર છે અને તે જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ, શુક્લધ્યાન આદિ છે. તેથી નિજ પરમાત્મતત્ત્વનો આશ્રય લઈને શુદ્ધ રત્નત્રયને પ્રાપ્ત કરવું જોઈએ. નિજ પરમાત્મ તત્ત્વના આશ્રયથી ઉત્પન્ન કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળીની ઈચ્છારહિતતા આદિ વિષયોનું સંક્ષેપ પરંતુ અદ્‌ભુત વર્ણન કર્યું છે.

**અષ્ટપાહુડ :—**

**દંસણપાહુડ :—** આમાં ૩૬ ગાથાઓ છે. સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને મહત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. સમ્યગ્દર્શન રહિત પુરુષ ભલે મુનિલિંગધારી કેમ ન હોય, પરંતુ વંદનીય નથી. સમ્યગ્દર્શનથી રહિત પુરુષને લાખો-કરોડો વર્ષો સુધી તપ કરવા છતાં પણ બોધિની (રત્નત્રયની) પ્રાપ્તિ થતી નથી.

**ચારિત્રપાહુડ :—** આમાં ૪૫ ગાથાઓ દ્વારા ચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. ચારિત્રના બે ભેદ કરવામાં આવ્યા છે – (૧) સમ્યક્ત્વાચરણ ચારિત્ર અને (૨) સંયમાચરણ ચારિત્ર. નિઃશંકિત આદિ આઠ ગુણોથી સહિત નિર્દોષરૂપથી સમ્યક્ત્વનું પાલન કરવું સમ્યક્ત્વાચરણ ચારિત્ર કહેવાય છે. સંયમાચરણ, સાગાર અને અણગારના ભેદથી બે પ્રકારનું છે. અગિયાર પ્રતિમાઓમાં વિભક્ત ગૃહસ્થોના સંયમને સાગાર સંયમાચરણ કહે છે અને મુનિઓનું આચરણ કે જે પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આદિ ઉત્કૃષ્ટ સંયમરૂપ હોય છે, તે અણગાર સંયમાચરણ કહેવાય છે.

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સૂત્તપાહુડ** :— આમાં ૨૭ ગાથાઓ છે. જે અરિહંત દ્વારા નિરૂપિત અને ગણધરોથી રચિત છે, તેને સૂત્ર કહે છે. સૂત્રમાં જે કહેવામાં આવ્યું છે તેને આચાર્ય પરંપરા દ્વારા પ્રરૂપિત સમજવું જોઈએ. સૂત્રોને ન જાણવાવાળા મનુષ્ય નાશને પ્રાપ્ત થાય છે. ઉત્કૃષ્ટ ચારિત્રનું પાલન કરવાવાળા મુનિ જો સ્વચ્છંદ ભ્રમણ કરે છે તો તે પણ મિથ્યાત્વને પ્રાપ્ત થઈ જાય છે. તિલતુષમાત્ર પણ જેની પાસે પરિગ્રહ નથી હોતો અને જે કરપાત્રમાં ભોજન કરે છે, તે મુનિ છે. જિનશાસનમાં ત્રણ જ લિંગ છે — નિર્ગ્રંથ (દિગંબર) સાધુ, ઉત્કૃષ્ટ શ્રાવક અને આર્યિકા. મોક્ષમાર્ગમાં આ ત્રણને છોડીને બીજું કોઈ લિંગ નથી.

**બોધપાહુડ** :— આમાં ૬૨ ગાથાઓ દ્વારા આયતન, ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન, જિનબિંબ, જિનમુદ્રા, જ્ઞાન, દેવ, તીર્થ, અરિહંત અને પ્રવજ્યાનું સ્વરૂપ કહ્યું છે. મુનિચર્યાનું માર્મિક વર્ણન કરવામાં આવ્યું છે. જે શત્રુ-મિત્રમાં, નિંદા-પ્રશંસામાં, લાભ-અલાભમાં, સોનુ-માટીમાં સમભાવ રાખે છે અને જે તિલતુષ માત્ર પણ પરિગ્રહ નથી રાખતા તે જ સાધુ કહેવાય છે. અંતમાં સ્વયંને ભદ્રબાહુના શિષ્ય કહીને તેમનો જયજયકાર કર્યો છે.

**ભાવપાહુડ** :— આમાં ૧૬૫ ગાથાઓ દ્વારા ભાવોનું મહત્વ દર્શાવ્યું છે. ભાવ જ પ્રથમ લિંગ છે અને ભાવલિંગરહિત માત્ર દ્રવ્યલિંગથી પરમાર્થની સિદ્ધિ થતી નથી. ગુણદોષોનું કારણ પણ ભાવ જ છે. ભાવવિશુદ્ધિ માટે જ બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરવામાં આવે છે. જે અભ્યંતર પરિગ્રહથી સહિત છે તેનો બાહ્યત્યાગ નિષ્ફળ છે. ભાવ રહિત સાધુ કરોડો જન્મપર્યંત વસ્ત્ર ત્યાગીને તપશ્ચરણ કરે તેમ છતાં તેને સિદ્ધિની પ્રાપ્તિ થતી નથી. ભાવકલંકથી આ જીવ એક અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ વાર જન્મ-મરણ કરતો રહે છે અને દુઃખ ભોગવતો રહે છે. તેથી પ્રત્યેક જીવે

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાના ભાવોને સુધારવા આવશ્યક છે.

જે શરીર આદિ પરિગ્રહથી રહિત, માન-કષાયથી વિમુક્ત છે, જે પોતાના આત્મામાં લીન છે, તે સાધુ ભાવલિંગી મુનિ હોય છે. તેવી જ રીતે, ધર્મનું વર્ણન પણ કર્યું છે. સંસારના બધા દુઃખોનો નાશ કરવાવાળા જિનધર્મને શ્રેષ્ઠ કહ્યો છે. પૂજા આદિ શુભકાર્યમાં વ્રતસહિત પ્રવૃત્તિ કરવી પુણ્ય છે અને મોહ-ક્ષોભથી રહિત આત્માના પરિણામ ચારિત્ર છે અને તે જ ધર્મ છે એમ સ્પષ્ટ દર્શાવ્યું છે.

**મોક્ષપાહુડ** :— આમાં ૧૦૬ ગાથાઓ છે જેમાં આત્મદ્રવ્યની મહિમાનું કથન છે, તેને સમજીને સાધુ અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે. બહિરાત્મપણાને છોડીને અંતરાત્મા બનીને પરમાત્માનું ધ્યાન કરવાની વાત કહી છે. પરદ્રવ્યોમાં આસક્ત જીવ કર્મોથી બંધાય છે અને પરદ્રવ્યોથી વિરક્ત જીવ કર્મોથી મુક્ત થાય છે. આત્મજ્ઞાન વિના કેટલાય શાસ્ત્રોનો અભ્યાસ કરે પણ તે બધું કુજ્ઞાન છે અને આત્મસ્વભાવથી વિપરીત ચારિત્રનું પાલન કરવું તે બાળચારિત્ર છે.

**લિંગપાહુડ** :— આમાં ૨૨ ગાથાઓ છે. જેમાં મુનિલિંગની અર્થાત્ મોક્ષમાર્ગની ચર્ચા કરવામાં આવી છે. રત્નત્રયરૂપ ધર્મથી મુનિલિંગ થાય છે અર્થાત્ મુનિલિંગની સાર્થકતા રત્નત્રયરૂપ ધર્મથી જ છે. કેવળ મુનિલિંગ ધારણ કરવાથી ધર્મ થતો નથી. જે નિર્ગ્રંથ થઈને પણ સ્ત્રીસમૂહ પ્રત્યે પણ રાગભાવ રાખે છે અને અન્યોને દોષસહિત કહે છે તે તિર્યંચ છે, મુનિ નથી. જે સર્વજ્ઞ દ્વારા પ્રતિપાદિત ધર્મનું પાલન કરે છે તે મુનિ છે.

**શીલપાહુડ** :— આમાં ૪૦ ગાથાઓ છે. પ્રારંભમાં ભગવાન મહાવીરને નમસ્કાર કરીને શીલગુણનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા કરી છે. શીલનું મહત્વ દર્શાવતા કહ્યું છે કે જ્ઞાનની સાથે

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શીલને કોઈ વિરોધ નથી, પરંતુ શીલરહિત જ્ઞાન વિષયવાસનાથી નષ્ટ થઈ જાય છે. જે જ્ઞાનપ્રાપ્તિ કરીને પણ વિષયોમાં નિમગ્ન છે તેઓ ચતુર્ગતિમાં ભ્રમણ કરે છે અને જે જ્ઞાન પ્રાપ્ત કરીને વિષયથી વિરક્ત થાય છે, તે ભવભ્રમણનો વિચ્છેદ કરે છે. ચારિત્રરહિત જ્ઞાન, દર્શનરહિત મુનિલિંગગ્રહણ અને સંયમરહિત તપસ્યા — આ બધું જ નિરર્થક છે.

**બારસ અણુવેક્ખા :—** આમાં ૯૧ ગાથાઓ દ્વારા વૈરાગ્ય ઉત્પાદક બાર અનુપ્રેક્ષાઓનું સુંદર વર્ણન કર્યું છે. અનુ + પ્ર + ઈક્ષણં = અનુપ્રેક્ષાનો વ્યુત્પત્તિપરક અર્થ છે પદાર્થના સ્વરૂપને સમ્યક્ પ્રકારે ફરી ફરી જોવો. આચાર્યદેવે આ ભાવનાઓ દ્વારા શ્રમણોના વૈરાગ્યભાવને પુષ્ટ કર્યો છે. અંતમાં પોતાના નામનો પણ ઉલ્લેખ કર્યો છે.

**તિરુક્કુરલ :—** પ્રો. એ. એન. ચક્રવર્તીએ અનેકાનેક પ્રકારે સૂક્ષ્મ રીતિથી શોધ કર્યા બાદ 'તિરુક્કુરલ' આચાર્ય કુંદકુંદની રચના માની છે અને તે મત અનુકરણીય પણ છે. તેનો રચનાકાળ, નિરૂપિત વિષયોમાં વ્યક્ત કરેલી ભાવનાઓ આદિના સૂક્ષ્મ પરિશીલન બાદ (અધ્યયન પછી) આપણા માટે પણ તિરુક્કુરલ આચાર્યની જ કૃતિ માનવી અનિવાર્ય છે. આમાં ૧૦-૧૦ પદ્ય સહિત ૧૩૩ અધિકાર છે. પહેલા ધર્મભાગમાં ૩૮, બીજા અર્થભાગમાં ૭૦, ત્રીજા કામભાગમાં ૨૫ અધિકાર છે. કુલ મળીને ૧૩૩૦ પદ્ય છે. આ ગ્રંથ કુરલ નામના છંદમાં લખવામાં આવ્યો છે. આમાં આવેલ કુરલ છંદ અતિ ઉત્તમ છે. તેથી આ ગ્રંથનું નામ પણ 'કુરલ' પડ્યું છે.

તેમાં અર્થનું ઊંડાણ, પદાર્થનો વિસ્તાર અને ભાવોની ઉત્કૃષ્ટતા અદ્વિતીય છે. એક આલોચકે આના સંબંધમાં કહ્યું છે કે — कडुगै लोकोत्तर कडप्पु गदिक्लु त्रसलिक्त कुरल અર્થાત્ રાઈને

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંદરથી ખોખલું કરીને તેમાં સાત સાગર ભરવા સમાન આ કુરલ પદ્યોમાં ભાવ પ્રપંચ (વિસ્તાર) ભરી દીધા છે. કુરલના બધા વાક્યો આ વાતનું સમર્થન કરે છે. તામિલ ભાષામાં અત્યંત પ્રસિદ્ધ આ ગ્રંથ તામિલ લોકોની નીતિ અને નાગરીકતાના નિરૂપણમાં અદ્વિતીય છે.

**ભક્તિસંગહા :—**

સિદ્ધભક્તિના સંસ્કૃત ટીકાકાર પ્રભાચંદ્રદેવે પોતાની ટીકામાં 'संस्कृता सर्वा भक्तयः पूज्यपादस्वामीकृताः प्राकृतास्तु कुंदकुंदाचार्यकृताः આમ કહ્યું છે. બંને ભક્તિઓ ઉપર પ્રભાચંદ્રાચાર્યની ટીકાઓ છે. આચાર્ય કુંદકુંદદેવ રચિત આઠ ભક્તિઓ છે.

**સિદ્ધભક્તિ :—** આમાં ૧૨ ગાથાઓ દ્વારા સિદ્ધોના ગુણ, ભેદ, સુખ, સ્થાન, આકૃતિ, સિદ્ધિનો માર્ગ અને ક્રમનો ઉલ્લેખ કરતાં થકા ભક્તિભાવથી સિદ્ધોની વંદના કરી છે.

**શ્રુતભક્તિ :—** આમાં ૧૧ ગાથાઓ દ્વારા દ્વાદશાંગના ભેદ-પ્રભેદનો ઉલ્લેખ કરીને શ્રુતને નમસ્કાર કર્યા છે. સાથે-સાથે ૧૪ પૂર્વોમાં પ્રત્યેકની વસ્તુસંખ્યા અને પાહુડોની સંખ્યા આપવામાં આવી છે.

**ચારિત્રભક્તિ :—** ૧૦ અનુષ્ટુપ પદ્યો દ્વારા સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાત ચારિત્ર નામના પાંચ ચારિત્ર, ૨૮ મૂળગુણ, ૧૦ ધર્મ, ૩ ગુપ્તિ, શીલ, પરિષહ, અને ઉત્તરગુણોનું વર્ણન કરીને તેમની પ્રાપ્તિની ઈચ્છા કરવામાં આવી છે.

**યોગીભક્તિ :—**આમાં ૨૩ ગાથાઓ દ્વારા જૈન સાધુઓનું આદર્શ જીવન અને તેમની ચર્યાઓનું વર્ણન છે. યોગીઓની અનેક

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવસ્થાઓનું, સિદ્ધિઓનું, ગુણોના ઉલ્લેખ કરીને તેમને ભક્તિભાવથી નમસ્કાર કરવામાં આવ્યા છે.

**આચાર્યભક્તિ** :— આમાં ૭૦ ગાથાઓ દ્વારા આચાર્ય પરમેષ્ઠીઓના મુખ્યગુણોનો ઉલ્લેખ કરીને તેમને નમસ્કાર કર્યા છે.

**નિર્વાણભક્તિ** :— આમાં ૨૭ ગાથાઓમાં નિર્વાણ પ્રાપ્ત તીર્થંકરો અને નિર્વાણસ્થાનોનું સ્મરણ કરીને તેમની વંદના કરી છે. આ ભક્તિપાઠથી અનેક ઐતિહાસિક અને પૌરાણિક વિષય જ્ઞાત થાય છે.

**પંચ ગુરુભક્તિ** :— આમાં ૫ ગાથાઓ દ્વારા, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓની સ્તુતિ કરી છે અને તેનું ફળ દર્શાવીને તે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને ભવભવમાં સુખપ્રાપ્તિની પ્રાર્થના કરવામાં આવી છે.

**તીર્થંકરભક્તિ** :— આમાં ૮ ગાથાઓ દ્વારા ઋષભ આદિ બધા તીર્થંકરોની વંદના કરવામાં આવી છે.

આ રીતે, આચાર્યદેવની બધી જ અલૌકિક કૃતિરત્નોનો સામાન્ય પરિચય સંક્ષેપમાં અહીં આપવામાં આવ્યો છે. આ અતિ અલ્પ પરિચયને વાંચીને મૂળગ્રંથના અધ્યયનનો ભાવ જાગ્રત થાય એવી હાર્દિક ઈચ્છા છે. પાઠક આ ઈચ્છાને અલ્પમાત્રામાં પૂર્ણ કરશે તો આ મારો પ્રયત્ન સાર્થક થઈ જશે.

અહીં નિરૂપિત આચાર્યદેવના જીવનચરિત્રથી તેમના મહાન જીવનનો સામાન્ય પરિચય થાય તે ઉદ્દેશ્યથી આ કૃતિની રચના થઈ છે. આચાર્યએ પોતાના જીવનમાં જે સત્યનો સાક્ષાત્કાર કર્યો હતો તેના માટે તેમની કૃતિઓના અધ્યયનની અભિલાષા જો મનમાં ઉત્પન્ન થાય તો આ રચના સફળ છે. આચાર્યદેવ સમાન આપણે બધા પવિત્ર થશું તો સમજવું જોઈએ કે આપણે આચાર્યદેવને વસ્તુતઃ સમજ્યા છીએ. * * *

Please inform us of Errors on rajesh@AtmaDharma.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

આચાર્ય શ્રી કુંદકુંદદેવ જીવનયાત્રા



શ્રી કુંદકુંદાચાર્ય સમાધિ સ્થળ - કુંદાદ્રી

Please inform us of Errors on rajesh@AtmaDharma.com